**NEPHROCARE HEALTH SERVICES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on December 2, 2025. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.nephroplus.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Ambit Private Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.icicisecurities.com, www.ambit.co, www.iiflcap.com and www.nomuraholdings.com/company/group/asia/india/index.html, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* beginning on page 49 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in 'offshore transactions' in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 292 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 December 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૧ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ન ઈવીએમ, ન વોટ-ચોરી; કૉંગ્રેસનું હારનું કારણ છે તેની નેતાગીરી: અમિત શાહ


SCAN FOR TODAY'S GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


### એમ કહી કેન્દ્રીય ગૃહ પ્રધાને ‘ઘૂસણખોરો’ દ્વારા પીએમ, સીએમ નક્કી થતા હોય ત્યારે લોકશાહી સુરક્ષિત કઇ રીતે રહે એવો પ્રશ્ન કર્યો ને કહ્યું કે ઘૂસણખોર મતદારોને છાવરવા માટે સરનો વિરોધ કરી રહ્યા છે વિપક્ષો

નવી દિલ્હી: કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે મતદાર યાદી સુધારણા અંગે અફવા ફેલાવવાનો વિપક્ષ પર બુધવારે આક્ષેપ કર્યો હતો અને સવાલ કર્યો હતો કે ‘ઘૂસણખોરો’ દ્વારા વડા પ્રધાન (પીએમ) અને મુખ્ય પ્રધાન (સીએમ) નક્કી થતાં હોય ત્યારે લોકશાહી સુરક્ષિત કઇ રીતે રહે? મતદારયાદીમાં ઘૂસણખોરોને રાખી મૂકવા વિપક્ષો મતદારયાદી સુધારણા કે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર - સર)નો વિરોધ કરે છે.તેમણે લોકસભામાં (જુઓ પાનું ૨) ▸▸

### કૉંગ્રેસની વોટ-ચોરીના 3 દાખલા

અમિત શાહે જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને સોનિયા ગાંધી દ્વારા કહેવાતી ‘વોટ-ચોરી’ના ત્રણ દૃષ્ટાંત આપ્યા હતા.

૧ “સ્વતંત્રતા બાદ સરદાર વલ્લભભાઇ પટેલને ૨૮ જણનો ટેકો હતો, જ્યારે જવાહરલાલ નહેરુને માત્ર બે જણનો ટેકો હતો. આમ છતાં, નહેરુ વડા પ્રધાન બન્યા. આ પહેલી વોટ-ચોરી જ હતી.”

૨ “ઇન્દિરા ગાંધીએ પોતાની ચૂંટણી અદાલતે રદબાતલ કરી તે પછી પોતાને જ સજામાંથી મુક્તિ કે માફી આપતી જોગવાઇ (કાયદામાં) કરી હતી. આ બીજી વોટ-ચોરી હતી.”

૩ “સોનિયા ગાંધી ભારતીય નાગરિક બન્યા તેની પહેલાં તેમનું નામ મતદાર તરીકે નોંધાવવામાં આવ્યું હતું. આ ત્રીજી વોટ-ચોરી હતી.”

### કેવી તડાફડી થઇ?



‘ચાલો, મારી પત્રકાર પરિષદ પર વાદવિવાદ કરીએ. અમિત શાહજી, હું તમને મારી ત્રણ પત્રકાર પરિષદ પર વાદવિવાદ કરવા પડકાર ફેંકું છું.’

- રાહુલ ગાંધી



‘મેં વિપક્ષના નેતાના પ્રવચનના માળખામાં કે તેમના દ્વારા કરાયેલી ટિપ્પણીમાં કોઇના કહેવાથી ફેરફાર નહોતા કર્યા. હું સૌપ્રથમ સ્પષ્ટતા કરવા માગું છું કે મને ઘણો અને લાંબા-ગાળાનો અનુભવ છે. હું જ મારા પ્રવચનના મુદ્દાનો ક્રમ નક્કી કરીશ... તેઓએ (વિપક્ષના સાંસદોએ) શાંત રહેવું જોઇએ... હું દરેક સવાલના જવાબ આપીશ... પરંતુ તેઓ મારા પ્રવચનના મુદ્દાનો ક્રમ નક્કી કરી ન શકે.’

- અમિત શાહ.

## ઇન્ડિગોની કટોકટી વણસી કેમ? તમે શું અસહાય હતા?: કૉર્ટના સરકારને સવાલો

### અસરગ્રસ્તોને વળતર આપવાનો સરકાર તથા ઍરલાઈનને નિર્દેશ

નવી દિલ્હી: અહીંની વડી અદાલતે બુધવારે કેન્દ્ર સરકારને સવાલો કર્યા હતા કે ઇન્ડિગોની કટોકટીનો ગેરલાભ બીજી ઍરલાઇન્સને લેવા શું કામ દીધો? આવા સમયે અન્ય ઍરલાઇન્સને ટિકિટના ભાવ અનેક ગણા વધારવાની પરવાનગી કોણે અને શું કામ આપી? આટલું જ નહીં પણ કટોકટી વણસી કેમ? શું કેન્દ્ર સરકાર અસહાય હતી? એવા સવાલ પૂછીને અદાલતે સરકાર તથા ઍરલાઈનને નિર્દેશ કર્યો હતો કે, (જુઓ પાનું ૨) ▸▸

## સીઆઈસીની નિમણૂક: મોદી અને અમિત શાહ સાથે રાહુલની બેઠક

નવી દિલ્હી: લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન (સીઆઈસી)ની ચાવીરૂપ નિમણૂક અંગે અંતિમ નિર્ણય લેવા બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સાથે બંધબારણે બે કલાક ચર્ચાવિચારણા કરી હતી. બેઠકમાં ચીફ ઈન્ફોર્મેશન કમિશનર (સીઆઈસી), આઠ ઈન્ફોર્મેશન કમિશનર (જુઓ પાનું ૨) ▸▸

## દીપાવલીનો ‘યુનેસ્કો’ની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં સમાવેશ

### ગરબા, કુંભમેળો, દુર્ગાપૂજા, યોગ, રામલીલા બાદ મળેલું સન્માન

નવી દિલ્હી: યુનાઇટેડ નેશન્સ એડ્યુકેશનલ, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન (યુનેસ્કો)ની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં દીપાવલીનો સમાવેશ કરાયો છે.

દિલ્હીના લાલ કિલ્લા ખાતે ‘યુનેસ્કો’ની મળેલી બેઠકમાં સંબંધિત નિર્ણય લેવાયો હતો.

‘યુનેસ્કો’એ પોતાની સમિતિની બેઠકમાં ચર્ચા બાદ દીપાવલીનો અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં (જુઓ પાનું ૨) ▸▸

## હવે એમેઝોનની ભારતમાં ૩૫ અબજ ડૉલરના રોકાણ કરવાની જાહેરાત

નવી દિલ્હી : એમેઝોન બિઝનેસનું વિસ્તરણ કરવા ક્વિક કોમર્સથી માંડીને ક્લાઉડ કોમ્પ્યુટિંગ તેમ જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં આગામી પાંચ વર્ષમાં ૩૫ અબજ અમેરિકન ડૉલરનું રોકાણ ભારતમાં કરશે. વૈશ્વિક સુપરમેજર એમેઝોન વિશ્વની સૌથ ઝડપી વૃદ્ધિવાળા અર્થતંત્રમાં તેનું રોકાણ બમણું કરશે. માઈક્રોસોફ્ટે ડેટા સેન્ટર માટે ભારતમાં ૧૭.૫ અબજ (જુઓ પાનું ૨) ▸▸




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતમાં ઓસ્ટ્રેલિયાની જેમ સોશ્યલ મીડિયા પ્રતિબંધિત થઈ શકે?

**ટીનેજર્સમાં** સોશ્યલ મીડિયાની લત ભયંકર હદે વકરી છે તેનો કકળાટ આખી દુનિયામાં ચાલી રહ્યો છે ત્યારે ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશ્યલ મીડિયા પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકી દેવાયો છે. ઓસ્ટ્રેલિયાની સરકારે બહુ પહેલાં આ નિર્ણય લઈ લીધો હતો પણ તેનો અમલ સત્તાવાર રીતે નહોતો કરાયો. ૯ ડીસેમ્બર ને મંગળવારથી સત્તાવાર રીતે અમલ કરાતાં ઓસ્ટ્રેલિયા દુનિયામાં ટીનેજર્સ માટે સાશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પહેલો દેશ બની ગયો છે. દુનિયામાં ઘણા બધા દેશોમાં બાળકોએ સોશ્યલ મીડિયા પર કન્ટેન્ટ જોવા માટે માતા-પિતા કે વાલીની મંજૂરી લેવી જરૂરી છે પણ કોઈ દેશમાં બાળકો સોશ્યલ મીડિયાનો ઉપયોગ જ ના કરી શકે એવો પ્રતિબંધ નથી. ઓસ્ટ્રેલિયાએ આ પહેલ કરીને આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે અને એક જબરદસ્ત ચર્ચા પણ છેડી દીધી છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે લીધેલા નિર્ણય પ્રમાણે ટિકટોક, યુટ્યુબ, ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિતનાં વૈશ્વિક સ્તરે છવાઈ ગયેલાં અને લોકો પર પ્રભાવ પાડતાં તમામ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના ટીનેજર્સને તેમની સેવાઓ બંધ કરવી પડશે. સાદા શબ્દોમાં કહીએ તો ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના તમામ લોકોનાં બધાં જ સોશ્યલ મીડિયા એકાઉન્ટ બંધ થઈ જશે અને યુવા યુઝર્સ આ સોશ્યલ મીડિયા પર લોગ ઈન નહીં કરી શકે. લોગ ઈન નહીં કરી શકે એટલે પોતાના વીડિયો, પોસ્ટ પણ નહીં મૂકી શકે. બાળકો લોગ ઈન કર્યા વિના સોશ્યલ મીડિયા પરનું જાહેર કન્ટેન્ટ જોઈ શકશે પણ એકાઉન્ટ નહીં રાખી શકે.

ઓસ્ટ્રેલિયામાં અત્યારે ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનાં લગભગ ૧૦ લાખ જેટલાં એકાઉન્ટ છે તેથી આ બધાં એકાઉન્ટ બંધ થઈ જશે. મહત્ત્વની વાત એ છે કે, આ કાયદામાં બાળકો કે માતા-પિતાને સજાની કોઈ જોગવાઈ નથી કરાઈ પણ તમામ જવાબદારી માત્ર પ્લેટફોર્મ્સની છે એવું નક્કી કરાયું છે. સોશ્યલ મીડિયા યુઝર ટીનેજર નથી એ જોવાની જવાબદારી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર નાંખી દેવાઈ છે કે જેથી એ લોકો ગમે તે બહાનાં કાઢીને છટકી ના શકે.

તમામ પ્લેટફોર્મ્સે યુઝરની ઉંમરી ચકાસણી માટે જડબેસલાક વ્યવસ્થા કરવી પડશે અને તેમાં ચૂક થઈ તો લગભગ ૫ કરોડ ઓસ્ટ્રેલિયન ડૉલર સુધીનો દંડ ભરવો પડશે. ભારતીય ચલણમાં ગણો તો લગભગ ૩૦૦ કરોડ રૂપિયા થયા. અબજોની કમાણી કરતાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે પણ આ દંડ બહુ આકરો છે તેથી ઓસ્ટ્રેલિયાની સરકારે બહુ આકરા નિયમો બનાવ્યા છે. બીજા પણ ઘણા આકરા નિયમો બનાવાયા છે પણ તેની ચર્ચા કરવાનો અર્થ નથી કેમ કે તેનો અમલ ઓસ્ટ્રેલિયામાં થવાનો છે તેથી આપણને તેની સાથે લેવાદેવા નથી.

ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીસનું કહેવું છે કે, આ પ્રતિબંધ બાળકોને એડિક્શન એટલે કે લત, સાયબર બુલિંગ એટલે કે સોશિયલ મીડિયાના માધ્યમથી થતી કનગત કે હેરાનગતિ તથા મેન્ટલ હેલ્થ એટલે કે માનસિક સ્વાસ્થ્યના જોખમોથી બચાવવા માટે લાવવામાં આવ્યો છે. અલ્બેનીસે તો આ નિર્ણયને ઓસ્ટ્રેલિયા માટે ગર્વનો દિવસ ગણાવીને કહ્યું કે, ઓસ્ટ્રેલિયન પરિવારો મોટી ટેક કંપનીઓ પાસેથી સત્તા પાછી લઈ રહ્યા છે તેથી આ દિવસ દરેક ઓસ્ટ્રેલિયન માટે ગર્વનો છે. પોતે બાળકો બાળકોની જેમ રમી શકે એ અધિકાર પાછો આપી રહ્યા છે અને માતાપિતાને વધુ માનસિક શાંતિ આપી રહ્યા છે.

અલ્બેનિસ પોતાના નિર્ણયને વખાણે તેમાં નવાઈ નથી પણ તેમના નિર્ણયે દુનિયાભરમાં ચર્ચા જગાવી છે તેમાં બેમત નથી. દુનિયાના ઘણા દેશો અલ્બેનિસના નિર્ણય પર ઓળઘોળ થઈ ગયા છે અને ઓસ્ટ્રેલિયાની જેમ પોતે પણ ટીનેજર માટે સોશ્યલ મીડિયાનો વપરાશ પ્રતિબંધ કરી શકે કે નહીં એ વિચારી રહ્યા છે. આપણને બીજા દેશોમાં શું થાય છે તેની સાથે કંઈ લેવાદેવા નથી પણ ભારતમાં ઓસ્ટ્રેલિયાની જેમ ટીનેજર્સ માટે સોશ્યલ પર પ્રતિબંધ મૂકી શકાય કે નહીં એ સવાલ મહત્ત્વનો છે.

ભારતમાં પણ લાંબા સમયથી આ માગ ઉઠી જ રહી છે કેમ કે ભારતમાં પણ બાળકો સોશ્યલ મીડિયાના કારણે ભયંકર સમસ્યાઓનો સામનો કરી જ રહ્યાં છે. ભારતીય બાળકોમાં પણ સોશ્યલ મીડિયાની લત ભયંકર સ્વરૂપ ધારણ કરી જ ચૂકી છે. ભારતમાં પણ બાળકો ભણવાનું છોડીને સોશ્યલ મીડિયાનાં વ્યસની બની રહ્યાં છે અને તેના કારણે પેદા થતી હતાશાનો ભોગ બની જ રહ્યાં છે. ભારતમાં પણ સોશ્યલ મીડિયાના કારણે બાળકો ગુનાખોરી કે બીજી ખરાબ બાબતોના રવાડે ચડે એવું બની જ રહ્યું છે તેથી ઓસ્ટ્રેલિયા કે દુનિયાના બીજા દેશોમાં જે સમસ્યાઓ નડે છે એ ભારતમાં પણ નડે જ છે તેથી ભારત માટે પણ આ મુદ્દો મહત્વનો છે જ.

જો કે ભારતમાં ઓસ્ટ્રેલિયા જેવો કાયદો બને કે કેમ તેમાં શંકા છે. તેનાં ઘણાં બધાં કારણ છે અને મુખ્ય કારણ એ છે કે, ઓસ્ટ્રેલિયાની સરકારની જેમ ભારત સરકારમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ સહિતની વિદેશી કંપનીઓને નાથવાની તાકાત નથી. હમણાં જ સંચાર સાથી એપના મામલે આ વાત સાબિત થયેલી જ છે. મોદી સરકારે તમામ મોબાઈલ ફોન ઉત્પાદકોને ફરમાન કરેલું કે, તેમણે હવે પછી દરેક મોબાઈલમાં સંચાર સાથી પહેલેથી ઈન્સ્ટોલ કરવી ફરજિયાત છે. એપલ સહિતની કંપનીઓએ તેની સામે વાંધો લઈને રીતસર બગાવત કરીને કહી દીધું કે, અમે આ વાત નથી માનવાના. આ નાફરમાની સામે કશું કરવાના બદલે મોદી સરકારે ઘૂંટણ ટેકવી દીધા ને આ ફરમાન પાછું ખેંચી લીધું.

હવે મોબાઈલ ઉત્પાદક કંપનીઓને જે સરકાર નમાવી ના શકતી હોય એ સરકાર સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સને તો કઈ રીતે કશું પણ કરવાની ફરજ પાડી શકવાની?

બીજું એ કે, ઓસ્ટ્રેલિયા ભારત કરતાં બહુ નાનો દેશ છે. ઓસ્ટ્રેલિયાની વસતી માંડ પોણા ત્રણ કરોડની આસપાસ છે અને બધાં લોકો સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતાં હોય તો પણ ભારતની સરખામણીમાં સોશ્યલ મીડિયા યુઝર્સની સંખ્યા બહુ નાની કહેવાય. ભારત ઓસ્ટ્રેલિયા કરતાં પચાસ ગણી વસતી ધરાવતો દેશ છે તેથી ભારતમાં સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સનો આંકડો બહુ મોટો છે અને ભારતમાંથી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સને એટલી જંગી આવક થાય છે કે, સરકાર કોઈ પણ નિર્ણય લે તો ભડકો જ થઈ જાય. છેક વાઈટ હાઉસથી દબાણ આવવા માંડે અને આ દબાણ સામે ભારત સરકાર ઝીંક ઝીલી શકે એવી શક્યતા ઓછી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૧૧-૧૨-૨૦૨૫, કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૦, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસ્તાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૫ સુધી (તા. ૧૨), પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૨ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૧૧-૨૬, રાત્રે ક. ૨૨-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - સપ્તમી. કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મહાલક્ષ્મી પૂજન, ભગદેવતાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ આળસ કરવાનો સ્વભાવ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ નાણાં વિશે સંભાળવું, શુક્ર-રાહુ ચતુષ્કોણ મતલબી, બુધ-નેપ્ચૂન ત્રિકોણ આધ્યાત્મિક ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સમાજ સાથેના વ્યવહારમાં સાવધાની જરૂરી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, શુક્ર-રાહુ ચતુષ્કોણ, બુધ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૧૨).
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ગુણવત્તાવાળું આચરણ દુનિયા અને આખેરત સુધારે

**ઈસ્લામના** આખરી પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબ પર નાઝિલ થયેલ, આકાશ વાણી દ્વારા આવેલ પવિત્ર કુરાનમાં માનવીનું જીવન ગુણવત્તાવાળુ બને તે માટે પોતાની ઈચ્છાને મહત્ત્વની લેખી છે.

- 'અમે ઈન્સાનને ઘણી જ ઉત્તમ કક્ષાની શકલો સૂરતવાળો પેદા કર્યો છે...!' પવિત્ર કુરાનની આ આયત (શ્લોક)માં અલ્લાહ આલમે ઈન્સાનને સજાગ કરે છે કે, મેં તમને કેવા ખૂબસૂરત ઘડ્યા છે. આથી બંદાએ વિચારવું રહ્યું કે સર્જનહારને ગુણવત્તા કેટલી બધી પસંદ છે, નહીં તો તે મનુષ્યજાતને બેડોળ અથવા કદરૂપા પણ બનાવી શકયો હોત. પરંતુ નહીં, તેણે ઉત્તમ કવૉલિટીના ચહેરા-મોહરા સર્જવા સાથે મોમિન પાસે એ ઉમીદ રાખી છે કે, બંદાનો અમલ (કર્મ) પણ શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવવાવાળો હોવો જોઈએ અને એથી જ સર્જનહારે સાત આયતોવાળા 'સૂરહ અલહમ્દ' કે જેને મોમિનો દરેક નમાઝમાં દસ વખત રટે છે તેના પર બંદાએ વિચારવાનું સૂચવ્યું છે.

આ સાત આયતોમાં અલ્લાહતઆલાએ પ્રથમ ત્રણ આયતમાં પોતાની જાતનો ઉલ્લેખ કર્યો છે અને આખરી ત્રણ આયતમાં ઈન્સાનનો ઉલ્લેખ છે તથા વચલી આયતમાં 'માલેકે યવ્મીદ્દીન' (એટલે કે ન્યાયના દિવસનો માલિક) રાખેલ છે. આ સાત આયતની ગોઠવણીમાં અલ્લાહે મોમિનોને ચેતવ્યા છે કે, જુઓ હું રહેમાન (દયા કરનાર ઈશ્વર) અને રહીમ (કૃપા કરનાર) તો છું જ અને તમે નેઅમત (કૃપા) પામેલા ઈન્સાનો નેક માર્ગે જીવન બસર કરો તથા સીધા રસ્તા પર ચાલી ગુમરાહીથી બચો. ઉત્તમ ગુણવત્તાસભરના કર્મ પર અમલ કરવા સાથે મારી પાસે આવશો ત્યારે મારી સાથે રોજે મહેશર (બદલાનો દિવસ)માં ઊભા રહેશો ત્યારે હું બેશક તમોને આગની શિક્ષાથી બચાવી લઈશ. યાદ રાખો હું જ ફકત યવ્મીદ્દીનનો માલિક છું (લોર્ડ ઑફ ધ ડે ઑફ જજ્મેન્ટ)

સપનામાં પણ વિચારી ન શકાય તેવા દૌરમાંથી દુનિયા પસાર થઈ રહી છે, એન એટલે જ આ યુગને કયામતનો યુગ કહેવામાં આવે છે અર્થાત્ અલ્લાહના ન્યાયનો દિવસ, આખરી નિર્ણય. એક મોમિન, સાચો શ્રદ્ધા પર એતબારકરનારા મુસલમાનનું જીવન કેવું હોવું જોઈએ તે કહેવાની જરૂર નથી. છતાં એકાદ બે બાબત તરફ ધ્યાન ખેંચવાનું જરૂરી બની રહે છે કે એક મુસલમાનના જીવનનું આકર્ષણ જથ્થાબંધ અમલ, આચરણ તરફ સતત વળતું જતું જોવા મળે છે. દાખલા તરીકે કોઈ બંદો આપબળાઈ કરતા કહેતો ફરતો હોય છે કે તે દસ હજ અદા કરી આવ્યો તો કોઈ કહેતો હોય છે કે અમે તો અસંખ્ય વખત ઉમરાહ (સઉદી ખાતે આવેલ મક્કા - મદીના ખાતે ધાર્મિક યાત્રા) કરી આવ્યા અને ઝિયારત (દર્શન) કરવા તો અવારનવાર જઈએ છીએ. તેઓ આટલેથી જ અટકતા ન હોઈ, પંચગાના નમાઝ ઉપરાંત વધારાની નમાઝ, રોજા વગેરે વગેરે અદા કરતા રહેતા હોવાનું કહેતા ફરતા રહેતા હોય છે. જોકે આવા જથ્થાબંધ (કવૉન્ટિટી) કાર્યથી સવાબ (પૂણ્ય) જરૂર મળે છે પરંતુ તેને બદલે અગર જીવન દરમિયાન એક જ વાર હજ (ધાર્મિક યાત્રા) અને ઝિયારત અદા થાય તેમજ વાજીબ (ફરજરૂપ) નમાઝ - રોજાના પાબંદ રહેવા સાથે અલ્લાહનો બંદો જો અણીશુદ્ધ ચરિત્ર કેળવે તેમજ રબ (પાલનહાર ઈશ્વર)ની સંપૂર્ણ ઈતાઅત્ (આજ્ઞાપાલન) સાથે માનવહકની જાળવણી તરફ ધ્યાન કેન્દ્રિત કરે તો આવા વ્યવહારને ગુણવત્તાસભર કાર્ય કહેવાય અને પરવરદિગારે આલમ (જગતકર્તા) રાજી થઈ ઈનામો ઈકરામ (માન-સન્માન)થી આ દુનિયામાં તથા આખેરત (મૃત્યુલોકના અમર જીવન)માં પણ પુરસ્કારોથી સન્માનિત કરે, બંદાનું ઝમીર (દિલ) તેણે કરેલ કાર્ય બદલ શુકુન આપે.

-જો મોમિન પોતાના મનમાં ઊંડો ઊતરી ચિંતન, મનન કરી વિચારે અને દીન (ધર્મ)ના સાચા રહસ્યને જાણવાની કોશિશ કરે તો ફક્ત એક જ હજજો - ઝિયારતની યાત્રા પૂરતી છે અને આ મહત્ત્વની ફરજ અદા કરી પાછા ફર્યા બાદ ગુણવત્તા - કવૉલિટી ધરાવતું કાર્ય શરૂ કરે જેમાં સત્ય, ક્ષમા, સરળતા, સંયમ, સંતોષ, ઈન્દ્રિય પરનો કાબૂ (નિયંત્રણ), સૌની સાથે સારી વાણીનું ઉચ્ચારણ, સમસ્ત જીવ પ્રત્યે દયાભાવના, શબ્ર, જ્ઞાન, દાન અને છેલ્લે સૌથી મોટી યાત્રા તો એ છે કે, મોમિન બંદાનું અંતઃકરણ ચરમશુદ્ધિ પામે અને તેને મૃત્યુપર્યંત જાળવતો રહે તો ભવસાગર પાર ઉતરી જાય.

પોતાને એક સાચો મોમિન સમજતો હોવા પાછળ બંદાની ખ્વાહીશ, મુરાદ (ઈચ્છા) દુનિયા અને આખેરત (પરલોક)માં લાભ મળવા પામે તેવી હોય એ સમજી શકાય તેવી વાત છે. પરંતુ દુનિયામાં અવિરત લાભ અને મૃત્યુ પછી જન્નત કંઈ સરળ બાબત નથી કે જે જથ્થાબંધ અમલ (વ્યવહાર) દ્વારા હાંસલ થાય, બલકે તેને પ્રાપ્ત કરવા માટે તો ગુણવત્તાવાળું આચરણ આવશ્યક છે, જેમાં શકય તમામ કરી છૂટવું અનિવાર્ય બને છે, જે અંગેના ઉદાહરણો પવિત્ર કુરાનમાં જોવા મળે છેઃ

સૂરહ (પ્રકરણ) બકરહ, આયત (શ્લોક) ૨૦૭માં ફરમાવવામાં આવેલ છે કે, '...અને લોકોમાંથી (ખુદાના બંદા) કેટલાક એવા પણ છે કે જે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ગરજથી પોતાનો જીવ સુદ્ધાં વ્હેંચી નાખે છે અને અલ્લાહ આવા બંદાઓ પર મોટામાં મોટો મહેરબાન છે!'

આ આયત (વ્યાખ્યા; વિવરણ)ની સમજણ જોતા આ લખનારને જાણકારી થઈ કે, જ્યારે અલ્લાહના મહેબૂબ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ સલ્લમ (અર્થઃ મહેબૂબઃ પ્રિય, મુહમ્મદઃ જેની ખૂબ પ્રશંસા થતી હોય, સલ્લલ્લાહો અલયહે વસલ્લમઃ અલ્લાહ આપને તથા આપના કુટુંબીઓ, વંશજો પર પોતાના આશીર્વાદ - શાંતિ અર્પે) એ અમીરૂલ મોમીનીન હઝરત અલી (ઈમાનવાળાઓના સરદાર)ને ફરમાવ્યું કે, 'કેટલાકો મને મારી નાખવાની યોજના ઘડી છે, માટે આજની રાત આપ મારા બિસ્તર (પથારી) પર સૂઈ જાવ, જેથી હું હીજરત (દેશાંતર) કરી શકું...!'

આપ અમીરૂલ મોમીનીને અલ્લાહના રસૂલ (સલ)ની આજ્ઞાનું પાલન કર્યું. આ અમલ (આચરણ)ની તારીફ (પ્રશંસા)માં મજકુર સૂરહ બકરહની આયત્ ૨૦૭ નાઝીલ થઈ (ઉતરી). આનું નામ જ કોન્ટિટી નહીં પણ કવૉલિટી. અમલ.

* * *

### સાપ્તાહિક સંદેશઃ

* જે જીભ યાદે ઈલાહીમાં રચીપચી ન રહે તો તેના માટે મૂંગા રહેવું એજ બહેતર (શ્રેષ્ઠ) છે.
* જેના કાન હક (સચ્ચાઈ) સાંભળવાનું ન ઈચ્છે તેના બહેરાપણું ઉત્તમ છે.
* જે તન સેવામાં ન આવે તેનું મુરદા હોવું ઠીક છે અને
* જેણે અલ્લાહ પર ભરોસો કર્યો છે તે મોટાઈ મેળવવાનો હકદાર છે અને તે બંદો જ જીવનનો ખુશહાલ શખસ કહેવાય છે.
* ખુદા અને બંદા વચ્ચે ચાર સમુદ્રો છે જ્યાં સુધી ઈન્સાન તે તરી પાર ન કરે ત્યાં સુધી ખુદાની સાથે વાસિલ (મિલાપ) કરી શકતો નથી.
* બંદાનું દિલ અલ્લાહતઆલાનું રહેઠાણ છે, બને ત્યાં સુધી તેમાં કોઈને દાખલ થવા ન દો.
* અલ્લાહનો બંદો તે છે જે કદી ફરિયાદ કરતો નથી.

# ગોવા આગઃ નાઈટ ક્લબના માલિકો લૂથરા ભાઈઓને અદાલતે રાહત ન આપી

નવી દિલ્હીઃ ગોવા નાઈટ ક્લબની આગના કેસમાં તપાસ વેગવંતી બનાવતા પોલીસે મંગળવારે મોડેથી 'બર્ચ બાય રોમિયો લેન'ના સહમાલિક અજય ગુપ્તાની દિલ્હીના લજપત નગરની હૉસ્પિપ્ટલમાં અટક કરી હતી. દિલ્હી અદાલતે તેની ૩૬ કલાકની ટ્રાન્ઝિટ રિમાન્ડની ગોવા પોલીસની માગણી સ્વીકારી હતી. જોકે થાઈલૅન્ડ ભાગી ગયેલા બર્ચના માલિકો સૌરભ અને ગૌરવ લુથરાને વચગાળાની રાહત આપવાની ના દિલ્હીની રોહિણી અદાલતે પાડી હતી. ગોવાના નાઈટ ક્લબમાં વીકએન્ડમાં લાગેલી આગમાં પચીસ જણ મરણ પામ્યાં હતાં. નાઈટક્લબની આગમાં આરોપી લુથરા બંધુને ટ્રાન્ઝિટ એન્ટિસિપેટરી બેલ આપવા અંગે ગોવા સરકાર પાસેથી જવાબ માગ્યો હતો. સુનાવણી દરમિયાન સિનિયર ઍડવેકૅટ સિદ્ધાર્થ લુથરાએ સૌરભ લુથરા વતી દલીલ કરતા પોતાના અસીલની આરોગ્ય ચિંતા પર ભાર મૂક્યો હતો. વકીલોએ માહિતી આપી હતી કે સૌરભ વાઈ અને હાયપરટેન્શનથી પીડાય છે. વકીલે દલીલ કરી હતી કે લુથરાબંધુઓને ગોવાની નાઈટક્લબના દુઃખદ બનાવ માટે સીધી રીતે જવાબદાર નથી. વકીલે દલીલ કરી હતી કે ક્લબના સ્થાનિક મેનેજરની આ અગાઉ ધરપકડ કરવામાં આવી છે અને ઑપરેશનની જવાબદારી તેમની છે.

સૌરભ અને ગૌરવ લુથરાએ તેમના વકીલના માધ્યમથી દાવો કર્યો હતો કે સરકાર અમારી સામે પૂરાવા ન હોવા છતાં અમારી પાછળ પડી ગઈ છે. બંધુઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ક્લબની માલિકી અમારી નથી અને અમે ફક્ત લાયસેન્સીસ તરીકે કામ કરી રહ્યા છીએ. બંધુઓએ તત્કાળ ધરપકડ ટાળવા આગોતરા જામીનની દાદ ચાહી છે. બંધુઓએ વધુ રાહત માગવા ગોવા જઈ શકે એ માટે થાઈલૅન્ડથી ભારત સલામત આવવા અદાલતનું રક્ષણ માગ્યું હતું. આગના પાંચ કલાકની અંદર લુથરા બંધુઓ થાઈલૅન્ડ ભાગી ગયા હતા.(એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ન ઈવીએમ

'ચૂંટણી સુધારા' અંગેની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે અમે ઇતિહાસની વાત કરીએ છીએ ત્યારે વિપક્ષ 'ગુસ્સે' થાય છે, પણ ઇતિહાસ (જાણ્યા) વિના કોઇ દેશ કે સમાજ કઈ રીતે આગળ વધી શકે? તેમણે કહ્યું હતું કે, વિપક્ષો ગભરાયેલા છે કારણકે તેઓ હવેથી ભ્રષ્ટ રીતોથી ચૂંટણી જીતી નહીં શકે અને ચૂંટણીમાં કૉંગ્રેસની હારનું કારણ ઈવીએમ કે વોટ ચોરી નહીં પણ તેની નેતાગીરી છે. અમિત શાહે જણાવ્યું હતું કે દેશમાં પ્રથમ વખત મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા ૧૯૫૨માં જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળની કૉંગ્રેસ સરકાર વખતે હાથ ધરાઇ હતી. તે પછી ૧૯૫૭માં ફરી આ કામગીરી હાથ ધરાઇ ત્યારે પણ નહેરુ સત્તામાં હતા અને ત્રીજી વખત મતદાર યાદી સુધારણા કરાઇ ત્યારે પણ નહેરુનું જ શાસન હતું. બાદમાં, આ પ્રક્રિયા લાલ બહાદુર શાસ્ત્રી, તે પછી ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, નરસિંહ રાવ વખતે પણ હાથ ધરવામાં આવી હતી. અટલ બિહારી વાજપેયીના સમયે ૨૦૦૨માં પણ આ કામગીરી કરાઇ હતી અને તે મનમોહન સિંહના શાસનકાળ વખતે પણ ચાલુ રહી હતી. આટલા લાંબા સમય સુધી ચાલેલી મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાનો કોઇએ વિરોધ નહોતો કર્યો, કારણ કે તે 'સ્વચ્છ' ચૂંટણી અને લોકશાહીના ભલા માટેની કામગીરી હતી. કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાનો મૂળ હેતુ યાદીમાંથી મૃત મતદારોનાં અને વિદેશીઓનાં નામ કાઢવાનો તેમ જ ૧૮ વર્ષના કે નવા યુવાન મતદારોનાં નામ ઉમેરવાનો જ છે. તેમણે જણાવ્યું હતું કે સંસદ રાષ્ટ્રીય મુદ્દાની ચર્ચા કરવા માટેની સૌથી મોટી પંચાયત છે અને ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર ક્યારેય આવા મુદ્દે ચર્ચા કરવાથી દૂર ભાગતી નથી. અમે મતદાર યાદીમાં સુધારા કરવા અંગે બાદમાં ચર્ચા કરવાનું કહેતા હતા, કારણ કે મતદાર યાદીમાં સુધારા કરવાનું કામ ચૂંટણી પંચના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. વિપક્ષે ચૂંટણી સુધારા અંગે ચર્ચા કરવાની માગણી કરી ત્યારે અમે તુરત તેના માટે સહમત થઇ ગયા હતા. આમ છતાં, વિપક્ષના મોટા ભાગના સાંસદો મતદાર યાદી સુધારણા અંગે જ ચર્ચા કરવાની જીદ કરે છે. લોકોને ગેરમાર્ગે દોરવા માટે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા અંગે છેલ્લાં ચાર મહિનાથી અફવા ફેલાવાય છે. (એજન્સી)

### ઈન્ડિગોની કટોકટી

કટોકટીથી અસરગ્રસ્ત લોકોને પૂરતું વળતર આપવા પગલાં લો. તેણે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે ઇન્ડિગોની અસંખ્ય ફ્લાઇટ્સ રદ કરવી પડે એવી પરિસ્થિતિ નિર્માણ કઇ રીતે થઇ? દિલ્હી વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્રકુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ તુષારરાવ ગેડેલાની બૅન્ચે જણાવ્યું હતું કે ઇન્ડિગોની અસંખ્ય ફ્લાઇટ્સ રદ થવાથી લાખો મુસાફર રઝળી પડ્યા હતા અને દેશના અર્થતંત્રને પણ ભારે નુકસાન થયું હતું. કેટલીક ઍરલાઇન્સ આ પરિસ્થિતિનો ગેરલાભ લઇને રૂપિયા પાંચ હજારની ટિકિટના રૂપિયા ૩૫,૦૦૦થી ૩૯,૦૦૦ વસૂલવા લાગી હતી. બૅન્ચે જણાવ્યું હતું કે ઇન્ડિગોની કટોકટીની તપાસ કરી રહેલી સમિતિ સુનાવણીની આગામી તારીખ બાવીસ જાન્યુઆરી સુધીમાં પોતાની તપાસ પૂરી કરી હશે, તો તેણે પોતાનો સંબંધિત અહેવાલ બંધ કવરમાં અદાલતને સુપરત કરવો પડશે. સરકારી વકીલે દલીલ કરી હતી કે સરકારે અને મુલકી ઉડ્ડયન ક્ષેત્રના નિયામકે નક્કી કરેલી માર્ગદર્શિકામાંની વિમાની કર્મચારીઓના કામના કલાકો સહિતની જોગવાઇને નહિ અનુસરવાથી કટોકટી ઊભી થઇ હતી.

### ઈન્ડિગોના કામકાજ પર નજર રાખવા સરકારી સમિતિઃ બે સભ્ય એરલાઇનની ઑફિસમાં બેસશે

નવી દિલ્હીઃ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અનેક એરપોર્ટ પર મોટા પાયે આવી રહેલી અડચણો વચ્ચે ઈન્ડિગોના ઓપરેશન્સ પર નજર રાખવા માટે એક ઓવરસાઈટ ટીમની રચના કરી છે. એક આદેશમાં ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ કહ્યું હતુ કે આ પગલાનો હેતું ફ્લાઈટમાં વિલંબ અને ફ્લાઈટ રદ થવાના કારણે મુસાફરોને પડતી મુશ્કેલીઓ દૂર કરવાનો છે. ઈન્ડિગોએ બુધવારે દિલ્હી અને મુંબઈ સહિત ત્રણ મોટા એરપોર્ટ પર લગભગ ૨૨૦ ફ્લાઇટ્સ રદ કરી હતી. જોકે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) પીટર એલ્બર્સે દાવો કર્યો હતો કે એરલાઇનનું સંચાલન પાછું પાટા પર આવી ગયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુશ્કેલીમાં ફસાયેલી એરલાઇને દિલ્હી એરપોર્ટ પર ૧૩૭ ફ્લાઇટ્સ અને મુંબઈ એરપોર્ટ પર ૨૧ ફ્લાઈટ રદ કરી છે. ઈન્ડિગોએ બેંગલુરુ એરપોર્ટ પર ૬૧ ફ્લાઇટ્સ રદ કરી હતી. એલ્બર્સે મંગળવારે દાવો કર્યો હતો કે એરલાઇનનું સંચાલન સ્થિર છે. જોકે સરકારે ઈન્ડિગોના વિન્ટર ફ્લાઈટ શિડ્યુલમાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો હતો અથવા દરરોજ મંજૂર થતી લગભગ ૨,૨૦૦ ફ્લાઇટ્સમાંથી લગભગ ૨૨૦ ફ્લાઇટ્સનો ઘટાડો કર્યો છે.

### હવે એમેઝોનની

ડૉલરનું રોકાણ કરવાની જાહેરાત કરી તેના એક દિવસ બાદ અમેરિકાની ઈ-કોમર્સ જાયન્ટ કંપનીએ ઉક્ત જાહેરાત કરી હતી. અગાઉ ગૂગલે આગામી પાંચ વર્ષમાં ભારતમાં એઆઈ ડેટા સેન્ટરમાં ૧૫ અબજ ડૉલરનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી. એમેઝોને કહ્યું હતું કે કંપની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને લોજિસટિક્સ ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા ક્ષેત્રમાં ૨૦૩૦ સુધી આ રોકાણ કરશે. આનાથી ભારતમાં દસ લાખ વધુ રોજગાર ઊભા થશે. ઈ-કોમર્સ જાયન્ટ વોલ્ટમાર્કનો ટેકો ધરાવતી ફ્લિપકાર્ટ તેમ જ ઘરઆંગણેના જાયન્ટ જેવા કે અબજોપતિ મૂકેશ અંબાણી અને તરત જ ડિલિવરી કરતી કંપની જેવી કે એટરનલ લિમિટેડની બ્લિન્ક, સ્વીગી લિમિટેડના ઈનસ્ટામાર્ટ અને ઝેપ્ટો જોડે હરીફાઈમાં હોવાથી એમેઝોન રોકાણ વધારી રહી છે. એમેઝોને ૨૦૨૦થી ભારતમાં ૪૦ અબજ ડૉલરનું રોકાણ કર્યું છે. આ કંપનીએ ૨૦૨૩માં ૨૬ અબજ અમેરિકન ડૉલરના રોકાણની જાહેરાત કરી હતી. એમેઝોનનો દાવો છે કે તે ભારતમાંથી થતી નિકાસ ૨૦૩૦ સુધી ૨૦ અબજ ડૉલરથી વધારીને ચાર ગણી એટલે કે ૮૦ અબજ ડૉલર કરશે. (એજન્સી)

### સીઆઈસીની

(આઈસી) અને સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (સીવીસી)ની પસંદગીનો મુદ્દો ચર્ચાના કેન્દ્રસ્થાને હતો. સૂત્રોના જણાવ્યાનુસાર અધિકારીઓની પસંદગીને મામલે રાહુલ ગાંધીએ અસહમતી દર્શાવી હતી. 'વૉટ ચોરી'ને સૌથી મોટું દેશવિરોધી કૃત્ય લેખાવી રાહુલ ગાંધીએ લોકસભામાં ભાજપ પર આકરાં પ્રહાર કર્યા હતા. બેઠકના દિવસે જ રાહુલ ગાંધી બર્લિનની મુલાકાતે જવાના અહેવાલે રાજકીય વિવાદ જગાડ્યો હતો. ભાજપે રાહુલ ગાંધી પર સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે તેવા સમયે જ વિદેશયાત્રાએ જવાની યોજના બનાવવા બદલ તેમની આકરી ટીકા કરી હતી. ભાજપના નેતા શેહઝાદ પૂનાવાલાએ રાહુલ ગાંધીને 'વિદેશ નાયક' લેખાવી તેમની આકરી ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધી તેમની સંસદીય જવાબદારીઓ કરતાં વિદેશ યાત્રાને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે. (એજન્સી)

### દીપાવલીનો

સમાવેશ કરવાની જાહેરાત કરી તે પછી 'જય હિંદ', 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવાયા હતા.લાલ કિલ્લાના મુખ્ય દરવાજા પાસે વિવિધ પારંપરિક પહેરવેશમાં સજ્જ કલાકારોએ નૃત્ય કર્યું હતું અને મોટા પડદા પર દીપાવલીના તહેવારની ઉજવણીની તસવીરો દર્શાવાઇ હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'યુનેસ્કો'ના આ નિર્ણયને આવકારીને જણાવ્યું હતું કે અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં દીપાવલીનો સમાવેશ થવાથી તેની વૈશ્વિક લોકપ્રિયતા વધશે.

અગાઉ, ગુજરાતના ગરબા, કુંભમેળો, કોલકાતાની દુર્ગાપૂજા, યોગ, રામલીલા વગેરેનો સંબંધિત યાદીમાં સમાવેશ કરાયો હતો. (એજન્સી)

# દીપડાની વકરેલી સમસ્યાઃ જુન્નરના વિધાનસભ્ય ‘દીપડો’ બનીને ગૃહમાં આવ્યા

નાગપુરઃ મહારાષ્ટ્રમાં દીપડાના વધતા જતા જોખમના મુદ્દા પર વિશેષરૂપે ધ્યાન ખેંચવા માટે જુન્નરના વિધાનસભ્ય શરદ સોનાવણે બુધવારે દીપડાનો પોશાક પહેરીને વિધાનસભા પરિસરમાં આવ્યા હતા. નાગપુર શહેરના પારડી વિસ્તારમાં જ દીપડાના હુમલામાં સાત લોકો ઘાયલ થયા હતા એ સમયે શિવસેનાના વિધાનસભ્યએ આવી રજૂઆત કરી છે. અલબત્ત સવારે બનેલી ઘટના બાદ વન વિભાગે દીપડાને પકડી લીધો હતો.

શિવસેનાના વિધાનસભ્ય સોનાવણેએ વિધાન ભવનમાં સંવાદદાતાઓ સાથે વાતચીત કરતા દાવો કર્યો હતો કે પુણે જિલ્લાના જુન્નર તાલુકામાં છેલ્લા ત્રણ મહિનામાં દીપડાના હુમલામાં ૫૫ લોકોના મૃત્યુ થયા છે. આ વિસ્તારના લોકો ભયભીત થઈ જીવી રહ્યા છે. જુન્નર તાલુકો અને અહિલ્યાનગર જિલ્લામાં ૨ હજર દીપડાને સમાવી શકાય એવા બચાવ કેન્દ્ર સરકારે ઊભા કરવા જોઈએ એવી માગણી પણ તેમણે કરી હતી. વધુમાં સોનાવણેએ જણાવ્યું હતું કે સરકારે રાજ્ય કટોકટી જાહેર કરી બે હજાર દીપડાને પકડી તેમને બચાવ કેન્દ્રોમાં મૂકવા જોઈએ. (પીટીઆઈ)■

# નાગપુરમાં દીપડાએ કરેલા હુમલામાં સાત લોકો ઘાયલ



નાગપુરઃ નાગપુર શહેરના રહેણાક વિસ્તારમાં બુધવારે સવારે દીપડાએ કરેલા હુમલામાં સાત લોકો ઘાયલ થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અહીંના પારડી વિસ્તારમાં શિવ નગર ખાતે દીપડો નજરે પડતાં રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો અને આ અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી.

નાગપુરના ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ડૉ. વિનિતા વ્યાસે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે દીપડાએ કરેલા હુમલામાં પાંચથી સાત લોકો ઘાયલ થયા હતા.

દરમિયાન દીપડાના હુમલા અંગે જાણ થતાં વાઇલ્ડલાઇફ ટ્રિટમેન્ટ સેન્ટરની અને વનવિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દીપડાને બેભાન કરીને નિયંત્રણમાં લીધો હતો.

દીપડાના હુમલામાં ઘવાયેલા લોકોને બાદમાં સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એમ પણ વિનિતા વ્યાસે જણાવ્યું હતું. નોંધનીય છે કે ૧૯ નવેમ્બરે શહેરના આ જ વિસ્તારમાંથી દીપડાને પકડવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# બે લાખમાં લગ્ન ને ત્રણ કલાકમાં યુવતી છૂમંતર

બીડઃ બીડના કેજ તાલુકામાં નકલી લગ્નની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કોદ્રીના નાગેશ દેવીદાસ જગતાપ પાસેથી આશરે એક લાખ નેવું હજાર રૂપિયા લઈને એક એજન્ટે તેના લગ્ન કરાવી આપ્યા હતા, પરંતુ લગ્નના માત્ર ત્રણ કલાકમાં યુવતીએ ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. ગ્રામજનોની સમયસરની સતર્કતાને કારણે તેનો આ પ્રયાસ નિષ્ફળ ગયો અને સમગ્ર મામલો સામે આવ્યા બાદ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો.

છઠ્ઠી ડિસેમ્બરના રોજ દીપેવડગાંવના હનુમાન મંદિરમાં એક લગ્ન યોજાયા હતા. સતીશ પ્રહલાદ ગુલભિલે નામક એજન્ટે નાગેશ જગતાપના પ્રીતિ શિવાજી રાઉત સાથે લગ્ન કરાવવાનું વચન આપ્યું હતું. યોજના મુજબ લગ્ન મંદિરમાં થયા અને તેમના પરિવારજનો કોદ્રી પહોંચ્યા હતા. બપોરે લગભગ ૪.૩૦ વાગે ગ્રામજનોને યુવતીની હિલચાલ પર શંકા ગઇ હતી, બાદમાં તેમણે યુવતીને ડિઘોળઅંબા બસ સ્ટેન્ડ નજીક પકડી લીધી હતી. પૂછપરછ દરમિયાન આ એક નકલી લગ્નનું કાવતરું હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસ દરમિયાન, એજન્ટ ગુલભિલેએ કોઈ પણ કાનૂની દસ્તાવેજો તપાસ્યા વિના જ લગ્ન ગોઠવી દીધા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પ્રીતિ રાઉત, તેના બે મહિલા સંબંધીઓ અને એજન્ટ ગુલભિલે સામે છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. આ ઘટનાથી વિસ્તારમાં નકલી લગ્ન રેકેટ અંગે ચર્ચાઓ શરૂ થઈ છે અને તેની પાછળની સાંકળનો પર્દાફાશ કરવાની માંગ થઈ રહી છે. ■

# એક્સિસ એમએફના જયેશ સુંદર આગામી વર્ષ માટે ૩ આશ્ચચર્યજનક વિચારો જાહેર કરે છે



-જયેશ સુંદર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

**★ કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માટે તમારા વિપરીત વિચારો કેવા છે?**

બજારની વર્તમાન પરિસ્થિતિઓના આધારે, આઈટી અને એફએમસીજી ક્ષેત્રોમાં પસંદગીના શેરો અને નિકાસને લગતી કેટલીક બાબતો ૨૦૨૬ માટે સંભવિત રીતે વિપરીત વિચારો હોઈ શકે છે. આઈટી માટેનું ભવિષ્ય, ખાસ કરીને લાર્જ કેપ્સ, હાલમાં મંદ જણાય છે ત્યારે આ ક્ષેત્ર માટે વેલ્યુએશન ખૂબ વાજબી છે. તેથી, ગ્લોબલ મેક્રો આઉટલુક અને ભૂ-રાજકીય સંતુલનમાં કોઈપણ સુધારો આ ક્ષેત્ર માટે વધુ સારા કમાણીના ભવિષ્ય તરફ દોરી શકે છે. એફએમસીજીના કિસ્સામાં, જીએસટીના દરોમાં થયેલા ફેરફારોથી કેટલીક મુશ્કેલીઓ આવી શકે છે. વધુમાં, આ ક્ષેત્ર કાચા માલના ખર્ચમાં અવરોધો અને ઓછી કિંમત નિર્ધારણ શક્તિનો સામનો કરી રહ્યું છે. કાચા માલના ભાવ ઘટાડા તરફી વલણ ધરાવતા હોય તેવું લાગે છે જેનાથી સામાન્ય રીતે આમાંની કેટલીક કન્ઝ્યુમર કંપનીઓને મદદ મળે છે.

મધ્યમ ગાળામાં, અમે ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ સર્વિસીસ (ઈએમએસ), સંરક્ષણ, પાવર, હેલ્થકેર અને ટેલિકોમ જેવા ક્ષેત્રો પર સકારાત્મક છીએ. અમે પસંદગીની બેંકો અને વૈવિધ્યસભર એનબીએફસી પર પણ સકારાત્મક છીએ.

**★ જો નવું વર્ષ ૨૦૨૬ પણ કન્સોલિડેશનનું વર્ષ બને તો તમારા મતે જો આપણે ૮-૧૦ ટકા કમાણી વૃદ્ધિ ધારીએ તો નિફ્ટી વેલ્યુએશન કેટલા સસ્તા થશે?**

છેલ્લાં એક વર્ષથી કન્સોલિડેશન પછી નિફ્ટી વેલ્યુએશન વાજબી બન્યા છે. જો આપણે વધુ એક વર્ષ માટે ફ્લેટ બજારો જોઈએ, તો નિફ્ટી લાંબા ગાળાના સરેરાશ વેલ્યુએશનથી નીચે રહેશે. સામાન્ય રીતે, બજારોને ખૂબ જ સારો ટેકો મળ્યો છે અને આવા વેલ્યુએશન સ્તરોથી પાછા ફર્યા છે, ખાસ કરીને જ્યારે કમાણીની સંભાવના સુધરી રહી છે.

**★ એકંદરે બીજા ત્રિમાસિક ગાળાની કમાણીની સીઝનને તમે કેવી રીતે જુઓ છો અને શું તમને લાગે છે કે ત્રીજા ત્રિમાસિક ગાળાથી આપણે ડબલ ડિજિટની કમાણી વૃદ્ધિ જોવા જઈ રહ્યા છીએ?**

બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો મોટાભાગે અપેક્ષા મુજબ રહ્યા હતા અને કમાણીમાં ક્રમિક ઘટાડો થયો હતો. તેલ અને ગેસ, એનબીએફસી, બેંકો, ટેલિકોમ, ઓટો, કેપિટલ ગુડ્સમાં મોટાભાગે અપેક્ષા કરતા સારા પરિણામો જોવા મળ્યા હતા. એફએમસીજી કંપનીઓના પરિણામો અપેક્ષાઓ કરતા ઓછા હતા અને તે મુખ્યત્વે નવા જીએસટી દરોના કારણે હતું, જે આગામી ત્રિમાસિક ગાળામાં સામાન્ય થવાની અપેક્ષા છે. આપણે આગામી ત્રિમાસિક ગાળામાં નિફ્ટીની કમાણીમાં સુધારો જોવાનું ચાલુ રાખી શકીએ છીએ અને કમાણીમાં ઘટાડો થવાની અપેક્ષા છે. મોટાભાગના અંદાજ આગામી વર્ષ માટે નીચા ડબલ ડિજિટ કમાણી વૃદ્ધિ તરફ નિર્દેશ કરે છે. જો વૈશ્વિક મેક્રો આઉટલુક અને ભૂ-રાજકીય પરિસ્થિતિમાં સુધારો થાય, તો આગામી વર્ષના અંદાજોમાં અપગ્રેડ થવાની સંભાવના છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# મહારાષ્ટ્રમાં દરરોજ સરેરાશ ૧,૩૬૯ શ્વાન કરડવાની ઘટના

## છ વર્ષમાં નોંધાયા 30 લાખથી વધુ કેસ

નાગપુરઃ મહારાષ્ટ્રમાં છેલ્લા છ વર્ષમાં દરરોજ સરેરાશ ૧,૩૬૯ શ્વાન કરડવાના કેસ નોંધાયા છે જે એક ચિંતાજનક આંકડો છે. રાજ્યના ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારમાં શ્વાન કરડવાના કેસોમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું સ્વીકારી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે આ કેસ ઉપરાંત, ૨૦૨૧થી ૨૦૨૩ની વચ્ચે હડકવાને કારણે ૩૦ જણ મૃત્યુ પામ્યા છે.

શિંદે શિવસેનાના વિધાનસભ્ય સુનીલ પ્રભુના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. પ્રભુએ મુંબઈ, પુણે, નાગપુર અને કલ્યાણ-ડોમ્બિવલી જેવા મોટા શહેરમાં રખડતા શ્વાનની સંખ્યામાં વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. શિંદેએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં છેલ્લા છ વર્ષમાં શ્વાન કરડવાના ૩૦ લાખથી વધુ કેસ નોંધાયા છે, જ્યારે ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચે હડકવાથી ૩૦ લોકોના મૃત્યુ થયા છે.

અન્ય એક પ્રશ્નના જવાબમાં શિંદેએ જણાવ્યું હતું કે સ્થાનિક સંસ્થાઓને ઓગસ્ટ ૨૦૨૪માં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર પ્રાણીઓના જન્મ નિયંત્રણ અને હડકવા વિરોધી રસીકરણ કાર્યક્રમોને વધુ વેગ આપવા સૂચના આપવામાં આવી છે. શહેરી વિકાસ વિભાગે ૧૪ નવેમ્બરે તમામ પાલિકાઓને સૂચનાઓ આપી હતી અને ૨૭ નવેમ્બરે ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને એ જ પ્રમાણે નિર્દેશો આપવામાં આવ્યા હતા.

શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે માર્ચમાં જારી કરાયેલા સરકારી આદેશ બાદ એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ, ૨૦૨૩ સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવી રહ્યા છે. હડકવાથી મૃત્યુ પામેલા લોકોના પરિવારને વળતર આપવા અને રખડતા શ્વાનની વસ્તીને નિયંત્રિત કરવામાં વિલંબ અંગે નાયબ મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે હાલમાં આ મામલો ઉભો થતો નથી. (પીટીઆઈ)■

# હાઉસિંગ સોસાયટીના વિસ્તારમાં દારૂની દુકાન શરૂ કરવા મંજૂરી જરૂરીઃ અજિત પવાર

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે જણાવ્યું હતું કે ભારતીય બનાવટના વિદેશી દારૂ (આઈએમએલએફ) તેમજ દેશી દારૂ વેચતી દુકાનોએ હાઉસિંગ સોસાયટીના પરિસરમાં વ્યાપારી જગ્યાઓમાંથી કામકાજ શરૂ કરતા પહેલા રજિસ્ટર્ડ હાઉસિંગ સોસાયટીઓની ફરજિયાત સંમતિ લેવી જરૂરી રહેશે. એક્સાઇઝ વિભાગના વડા અજિત પવારે રાજ્યભરમાં આ નવી નીતિ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

‘રજિસ્ટર્ડ હાઉસિંગ સોસાયટીઓની પરવાનગી હવે બંને શ્રેણીની દારૂની દુકાનો માટે ફરજિયાત રહેશે. આ નીતિ સમગ્ર મહારાષ્ટ્રમાં સમાન રીતે લાગુ થવી જોઈએ,’ એમ પુણે જિલ્લાના ચિંચવડ વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનારા ભાજપના વિધાનસભ્ય શંકર જગતાપ દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલનો જવાબ આપતા અજિત પવારે વિધાનસભામાં જણાવ્યું હતું. જગતાપે પુણેના ચિંચવડ-કાલેવાડી વિસ્તારમાં કાર્યરત દારૂની દુકાનોના લાઇસન્સ રદ કરવાની માગણી કરી હતી. ચર્ચા દરમિયાન, તેમણે કહ્યું હતું કે સહ્યાદ્રી સોસાયટીમાં દારૂની દુકાન વિક્રાંત વાઇને ધોરણોનું ઉલ્લંઘન કરીને કામગીરી શરૂ કરી છે. જગતાપે કહ્યું કે જ્યારે પરવાનગી આપવામાં આવી ત્યારે ઇમારત અધૂરી હતી અને અધૂરા દસ્તાવેજોના આધારે લાઇસન્સ આપવામાં આવ્યું હતું. આનો જવાબ આપતા, પવારે દારૂના આઉટલેટ્સ માટે સંબંધિત હાઉસિંગ સોસાયટીની સંમતિની ફરજિયાત જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો અને જે બે દુકાનો સામે ફરિયાદો મળી હતી તે અંગે લેવામાં આવેલી કાર્યવાહી વિશે ગૃહને માહિતી આપી.

આ વર્ષે માર્ચમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન, પવારે જાહેરાત કરી હતી કે જો દારૂના આઉટલેટ્સ તેમના પરિસરમાં સ્થળાંતર કરવા માંગતા હોય તો હાઉસિંગ સોસાયટીઓ પાસેથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) ફરજિયાત રહેશે. ઘણી હાઉસિંગ સોસાયટીઓમાં વાણિજ્યિક સંસ્થાઓ હોય છે, જેમાં કેટલીક પાસે તો દારૂના આઉટલેટ્સ પણ હોય છે. ■

# લૂડો રમતી વખતે થયેલા વિવાદમાં મિત્રની હત્યા કરીને ફરાર થયેલો યુવક આંધ્ર પ્રદેશથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મુંબ્રા વિસ્તારમાં લૂડો રમતી વખતે થયેલા વિવાદમાં ૧૯ વર્ષના મિત્રની હત્યા કરીને ફરાર થયેલા યુવકને પોલીસે ૧૭ મહિના બાદ આંધ્ર પ્રદેશથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ શમસુદ્દીન શરફુદ્દીન સૈયદ (૨૦) તરીકે થઇ હોઇ તે આંધ્ર પ્રદેશમાં મજૂરીકામ કરતો હતો. સૈયદના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને તેને થાણે લાવવામાં આવ્યો હતો અને કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબ્રામાં ડૉ. આંબેડકર પાડા ખાતે જ્યુબિલી પાર્ક નજીક ૧૪ જુલાઇ, ૨૦૨૪ના રોજ સુફિયાન શેખ અને ત્રણ આરોપી લૂડો રમી રહ્યા હતા ત્યારે તેમની વચ્ચે વિવાદ થયો હતો. વિવાદ ઉગ્ર બનતાં રોષે ભરાયેલા આરોપી સૈયદે સુફિયાદ શેખ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, જેમાં ગંભીર રીતે ઘવાયેલા શેખનું મૃત્યુ થયું હતું.

મુંબ્રા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને ગુનો આચર્યા બાદ સૈયદ ફરાર થઇ ગયેલા સૈયદની શોધ ચલાવી હતી. ધરપકડથી બચવા સૈયદ પોતાનાં ઠેકાણાં બદલતો રહેતો હતો. તે મોબાઇલનો પણ ઉપયોગ કરતો નહોતો, જેને કારણે તેને શોધવો મુશ્કેલ હતો.

મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું કે ફરાર સૈયદ આંધ્ર પ્રદેશમાં હોવાની માહિતી મળ્યા બાદ તેને પકડવા માટે પોલીસની ટીમને ત્યાં રવાના કરવામાં આવી હતી. ત્યાંની સ્થાનિક પોલીસની મદદથી મુંબ્રા પોલીસે આંધ્ર પ્રદેશના કડપા ખાતેથી સૈયદને ઝડપી પાડ્યો હતો. ■

# ગોરેગામમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટમાં ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ(પશ્ચિમ)માં બુધવારે સવારના એક ચાલીમાં ગેસ સિલિન્ડર ફાટવાથી ત્રણ જખમી થયા હતા. સ્થાનિક રહેવાસીઓએ બાલદીથી પાણીનો છંટકાવ કરીને આગ બુઝાવી દીધી હતી પણ વિસ્ફોટની તીવ્રતાને કારણે ગ્રાઉન્ડ ફ્લોરના બે રૂમની દિવાલનો ભાગ તૂટી પડયો હતો, જેમાં ત્રણ જખમી થયા હતા. બે જખમીની હાલ સ્થિર છે તો એકની હાલત ગંભીર છે.

ગોરેગામ (પશ્ચિમ)માં શહીદ ભગતસિંહ નગર-બેમાં રાજારામ ચાલમાં બુધવારે સવારના ૭.૪૨ વાગે આગની ઘટના બની હતી. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચે તે પહેલાં જ સ્થાનિક રહેવાસીઓએ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ વિસ્ફોટને કારણે ગ્રાઉન્ડ ફ્લોર પર રૂમ નંબર ૧૮૦ અને ૧૮૧ની દીવાલ આંશિક રીતે ધરાશાયી થઈ ગઈ હતી.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને વીજળીનો પુરવઠો કાપી નાંખ્યો હતો. આ દરમ્યાન સિલિન્ડર વિસ્ફોટને કારણે બંને રૂમમાં દીવાલનો ભાગ તૂટી પડયો હતો જેમાં ત્રણ લોકો જખમી થયા હતા.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ એલપીજી ગેસ સિલિન્ડરમાં રહેલા ગળતરને કારણે વિસ્ફોટ થયા બાદ સવારના ઘરમાં આગ ફાટી નીકળી હતી. બંને ઘરમાં પ્લાસ્ટિકની વસ્તુઓ તથા ઘરનો સામાન હતો, છતાં સદ્નસીબે આગ વધુ ફેલાઈ નહોતી. જખમીમાં ૨૮ વર્ષની માલતીદેવી ૩૦થી ૩૫ ટકા બળી ગઈ હતી, તેના પર જોગેશ્વરીની ટ્રોમા કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. એ બાદ તેને સાયન હૉસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવી હતી. અન્ય બે જખમીઓમાં ૩૭ વર્ષનો સરજન અલી જાવેદ શેખ અને ૩૮ વર્ષના ગુલ મોહમ્મદ અમીન શેખનો સમાવેશ થાય છે. બંનેને બોરીવલીની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુલ મોહમ્મદની હાલત ગંભીર હોઈ તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. ■

**પોર્શ અકસ્માત કેસ**

# પીઆઇ રાહુલ અને એપીઆઇ તોડકરી બરતરફ

પુણેઃ રાજ્યભરમાં ચર્ચિત પુણે પોર્શ કાર અકસ્માત કેસમાં રાજ્ય સરકારે યેરવડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર રાહુલ જગદાલે અને સહાયક પોલીસ ઇન્સ્પેક્ટર વિશ્વનાથ તોડકારીને સેવામાંથી બરતરફ કરવાનો નિર્ણય લીધો છે.

પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં ૧૯ મે ૨૦૨૪ના રોજ ૧૭ વર્ષીય વિશાલ અગ્રવાલે નશાની હાલતમાં તેની પોર્શે લક્ઝરી કારથી બાઇકને ટક્કર મારી હતી, જેમાં અનીશ અવધિયા અને અશ્વિની કોષ્ટા નામના બે યુવાનોના મોત થયા હતા અને આ મામલો આરોપીના લોહીના નમૂના બદલવા સુધી પહોંચી ગયો હતો. પોલીસે પણ બિલ્ડરના પુત્રને મદદ કરી હોવાનો આરોપ હતો. આ ઘટના બાદ દેશમાં રોષની લાગણી ફેલાઈ હતી.

દરમિયાન અકસ્માત કેસમાં ફરજમાં બેદરકારી રાખવાના આક્ષેપ બદલ યેરવડા પોલીસ સ્ટેશનના બે અધિકારીઓ પોલીસ નિરીક્ષક રાહુલ જગદાલે અને સહાયક પોલીસ નિરીક્ષક વિશ્વનાથ તોડકરીને સરકારી સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા છે. દોઢ વર્ષ પછી તેમને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા છે. પોલીસ કોન્સ્ટેબલ અમિત શિંદે અને આનંદા ભોસલે આ બંનેને પાંચ વર્ષ સુધી મૂળ પદના પગાર પર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઘટનાસ્થળે પહોંચેલા બે પોલીસકર્મીઓએ કંટ્રોલ રૂમને આ માહિતી આપી ન હોવાથી રાતે ફરજ પર હાજર વરિષ્ઠ અધિકારીઓ સુધી અકસ્માતની માહિતી પહોંચી ન હતી. પરિણામે ગૃહ વિભાગે ફરજમાં બેદરકારી દાખવવા બદલ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાર્યવાહી કરી હતી. ■

# બોગસ કૉલ સેન્ટરઃ નવ આરોપીની ધરપકડ

મુંબઈઃ અંધેરી પૂર્વના જે.બી.નગરમાં બે બોગસ કૉલ સેન્ટરનો ક્રાઇમ બ્રાન્ચે પર્દાફાશ કરીને નવ જણની ધરપકડ કરી હતી. અમેરિકાના નાગરિકોના ડેટા ચોર્યા બાદ આરોપીઓ ડ્રગ્સ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશનના અધિકારીના સ્વાંગમાં તેમને છેતરતા હતા. આરોપીઓ પાસેથી ૧૧ લેપટોપ, ૧૮ મોબાઇલ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી. અંધેરી પૂર્વમાં જે.બી. નગરમાં કોલેજ નજીકની સોસાયટીમાં ઇમારતના પહેલા માળે તથા રાજસ્થાન કોલોનીમાં પાંચમા માળે ચાલતા બોગસ કૉલ સેન્ટર વિશે માહિતી મળ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૮ના અધિકારીઓએ મંગળવારે ત્યાં રેઇડ પાડી હતી. બંને સ્થળેથી નવ જણને તાબામાં લેવામાં આવ્યા હતા અને ૪.૭૨ લાખ રૂપિયાની મતા જપ્ત કરાઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓ અમેરિકોના ડેટા ચોર્યા બાદ ઇન્ટરનેટ કૉલિંગથી તેમનો સંપર્ક સાધતા હતા અને પોતાની ઓળખ ડ્રગ્સ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટેશનના ઓફિસર તરીકે આપીને નામાંકિત ઓનલાઇન શોપિંગ વેબસાઇટને નામે તેમની પાસેથી રૂપિયા પડાવતા હતા. આરોપીઓ વિરુદ્ધ અંધેરી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ તેમની ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■



# સંસ્થા સમાચાર

## ઉપલેટામાં મનહરભાઈ મણિયારના સંથારાની અનુમોદનાર્થે પૂ. શ્રી. ધીરગુરુદેવનું પદાર્પણ



શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, ઉપલેટાના આંગણે પૂજ્યપાદ શ્રી પ્રેમગુરુદેવના સંસારી જયેષ્ઠ પુત્ર અને પૂ. શ્રી ધીરગુરુદેવના લઘુબંધુ મનહરભાઈ પોપટલાલ મણિયારે ૮૬ વર્ષની વયે સ્વયં આજીવન ચોવિહાર અને મૌન સહિત અનશન વ્રત - સંથારો અંગીકાર કરેલ છે.

સંથારા આરાધક મનહરભાઈને આજે તા. ૧૧-૧૨-૨૫ના ૧૨મો ઉપવાસ છે. પૂ. ધીરગુરુદેવ તથા પૂ. ગુણીબાઈ મહાસતીજી પધારતા અજરામર સંપ્રદાયના સાધ્વીજી પૂ. તરલાકુમારીજી મ.સ. તથા જૈન અગ્રણી અમિત સર્વદમન શેઠ, સંઘપ્રમુખ ઋતેશ ગુલાબભાઈ શેઠ, સાહિત્યકાર દેવરાજ ગઢવી, ધોરાજી સંઘ પ્રમુખ શરદ દામાણી, જશાપર ગામના ભાવિકો સ્વાગત યાત્રામાં જોડાયા હતા. સંઘાણી સંઘના પૂ. પંથકમુનિ મ.સા. ૧૯૫૨થી ૧૯૫૭ સુધીના વડિયા બોર્ડિંગના સહધ્યાયી સંથારા આરાધકની સાતાપૃચ્છા અર્થે પધાર્યા.

## નોખો-અનોખો 'હાસ્યાર્પણ ઉત્સવ'

હિંદી ભાષાના વિખ્યાત વ્યંગકાર શરદ જોશીના બે પુસ્તકનું લોકાર્પણ થઈ રહ્યું છે. એમનાં યાદગાર લેખોને અનુવાદ કરી ગુજરાતીમાં 'અવતાર' આપનારા છે જાણીતા બોલિવૂડ લેખક દિગ્દર્શક કલમકાર સંજય છેલ. આ 'હાસ્યાર્પણ ઉત્સવ' અવસરે અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે હિંદી-ગુજરાતી સાહિત્યકાર અને 'ઢબ્બુજી' ફેમ કાર્ટુનિસ્ટ આબિદ સુરતી. આ અવસરનું વિશેષ આકર્ષણ છે કોમેડી કિંગ જોની લીવર. આ 'હાસ્યાર્પણ ઉત્સવ' વખતે સંજય ગોરડિયા દયાશંકર પાંડે- અલ્પના બૂચ અને મેહુલ બૂચ એમની આગવી અદાથી શરદ જોશીના ચુનંદા લેખોનું વાંચન કરશે. આ કાર્યક્રમને ગીત સંગીતથી મઢશે બોલિવૂડ સિંગર સંજીવના ભેલાંડે. અશોક શાહ (નવભારત સાહિત્ય મંદિર ) પ્રકાશિત શરદ જોશીનાં બે પુસ્તકના હાસ્યાર્પણના સમગ્ર ઉત્સવનું સંચાલન સંભાળશે ગુજરાતી ફિલ્મ- નાટકના નિપૂણ અદાકાર ઓજસ રાવલ. સ્થળ સમયઃ શનિવાર - ૧૩ ડિસેમ્બર-૨૫ સાંજે ૬.૩૦ એસપી જૈન સભાગૃહ ભવન્સ, અંધેરી કેમ્પસ, અંધેરી (પ).

## સબરી કન્યા છાત્રાલયમાં પ્રથમવાર ધીરગુરુદેવની પધરામણી



શ્રી સોનાવાલા ટ્રસ્ટ સંચાલિત વલસાડ જિલ્લાના કપરાડા ગામે સબરી કન્યા છાત્રાલયમાં પ્રથમવાર પૂ.શ્રી ધીરગુરુદેવના આગમનથી અને અનેરો ઉમંગ છવાયો હતો. ટ્રસ્ટી નીતિનભાઈ અને દીપ્તિબેન સોનાવાળા તથા મનોજભાઈ વગેરે સ્વાગત યાત્રામાં જયનાદ કરેલ.આશરે ૧૫૦ કન્યાઓ ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસરત છે. જેને વિનામૂલ્યે છાત્રાલયમાં રાખેલ છે. સત્સંગ સભામાં ગુરુદેવે ૐકારના ધ્વનિ દ્વારા મન શાંત બને અને અભ્યાસમાં એકાગ્રતા માટે નમો નાણસ્સ મંત્રની વિધિ બતાવી હતી. આદિવાસી વિસ્તારમાં છેલ્લા ૩૧ વર્ષથી કાર્યરત છાત્રાલયની સ્વચ્છતા અને શિસ્તની સહુ કોઈએ પ્રશંસા કરી હતી.


## ક્લાસિફાઈડ

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન-મિલકત

BKC INSIGNIA. LARGE 5 BHK, 6 Balcony, 6 Bathrooms, 2 Covered Car Parks. 1706 sqft Carpet. Fully Furnished, available for Sale by Owner. Contact: 9004344049. (B-16817)

### ૩૩. ધંધાદારી

■ નો GST, LIC અને મેડિકલેમ પૉલિસી ફેમેલી ફ્લોટર, મેડિકલેમ પૉલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ. નો મેડિકલ રિપોર્ટ ૩ વર્ષની પૉલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' 9136621227. (૬૩૫-સી)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૬૩૧-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675/9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)


# વસઈમાં લૂંટને ઈરાદે દુકાનમાં પ્રવેશીને ઝવેરી પર ચાકુથી હુમલોઃ દંપતી નાશિકથી ઝડપાયું

મુંબઈઃ વસઇમાં લૂંટને ઇરાદે દુકાનમાં પ્રવેશ્યા બાદ ઝવેરી પર ચાકુથી હુમલો કરીને ફરાર થયેલા દંપતીને ક્રાઇમ બ્રાન્ચે નાશિક રોડથી ઝડપી પાડ્યું હતું. આરોપીઓની ઓળખ સોહેલ શરાફત ખાન અને ફિરદોસ બાનો સોહેલ ખાન તરીકે થઇ હતી, જેઓ ઉત્તર પ્રદેશના વતની છે. બંનેને વધુ તપાસ માટે વાલિવ પોલીસને હવાલે કરાયાં હતાં.

વસઇ પૂર્વમાં વાલિવ સ્થિત શાલીમાર હોટેલની નજીક આવેલી અંબિકા જ્વેલર્સ નામની દુકાનમાં મંગળવારે સવારે દંપતી પ્રવેશ્યું હતું, જેમની સાથે બાળક પણ હતું. તેમણે દુકાનમાં હાજર ઝવેરી કાલુસિંહ ખરવટને વીંટી દેખાડવા માટે કહ્યું હતું.

દંપતીએ બાદમાં બાળકને પીવા માટે પાણી માગ્યું હતું. આથી કાલુસિંહ પાણી લેવા માટે અંદરની રૂમમાં ગયો ત્યારે આરોપી પણ તેની પાછળ અંદર ગયો હતો અને તેણે કાલુસિંહ પર ચાકુથી હુમલો કર્યો હતો. હુમલા બાદ લૂંટ ચલાવ્યા વિના દંપતી ત્યાંથી ફરાર થઇ ગયું હતું. હુમલામાં ઘવાયેલા કાલુસિંહને સારવારાર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં કાલુસિંહના ભાઇએ આ પ્રકરણે વાલિવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી આરોપીઓની શોધ આદરી હતી.

# થાણેમાં મિલકત વિવાદમાં પત્નીએ કર્યો છરીથી હુમલોઃ પતિ હૉસ્પિટલ ભેગો

થાણેઃ થાણેમાં ઘર પોતાના નામે કરી આપવાનો ઇનકાર કરનારા પતિ પર પત્નીએ ચાકુથી હુમલો કર્યો હતો. ઘવાયેલા પતિને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોઇ તેણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે પત્ની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં રહેતો ફરિયાદી એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. જૂન, ૨૦૨૫માં તેનાં લગ્ન થયાં હતાં. લગ્ન બાદ ફરિયાદીએ ઘર પત્નીને નામે કરી આપવાનો ઇનકાર કર્યો હતો, જેને પગલે દંપતી વચ્ચે ઝઘડા થવા લાગ્યા હતા. શ્રીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે દંપતી વચ્ચે આ બાબતને લઇ ફરી ઝઘડો થયો હતો. આથી ઉશ્કેરાયેલી પત્નીએ છરી અને વાસણથી પતિ પર હુમલો કર્યો હતો. પતિ બાદમાં ઘરની બહાર ગયો હતો અને ઊલટી કરવા લાગ્યો હતો. તે બાદમાં રસ્તા પર ઢળી પડ્યો હતો, જેને પગલે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.દરમિયાન પતિએ તેની પત્ની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આક્ષેપ કર્યો હતો કે પત્નીએ તેના અગાઉના લગ્ન વિશે જાણ કરી નહોતી અને તેની સાથે લગ્ન કરતા પહેલા છૂટાછેડા મેળવવામાં તે નિષ્ફળ ગઇ હતી. પતિની ફરિયાદને આધારે શ્રીનગર પોલીસે પત્ની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

## ગોગાવલેનો નોટોના

કાઢતા આ મામલે તપાસની માગણી કરી છે અને કહ્યું છે કે તેઓ કોઈપણ તપાસનો સામનો કરવા તૈયાર છે.

તેમણે એવો પણ આરોપ લગાવ્યો છે કે વિપક્ષ ફક્ત આરોપો લગાવી રહ્યું છે અને અન્યાયી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. અમે ફક્ત નામના સેઠ છીએ અને અમારી પાસે એવું કશું નથી. ચાલીસ વર્ષના રાજકારણમાં, તેઓ પંચાયત સમિતિના પ્રમુખ, સભ્ય રહ્યા છે, તેમના પત્ની બે વાર જિલ્લા પરિષદના સભ્ય, ચાર વખત વિધાનસભ્ય અને હવે તેઓ પ્રધાન છે. આ દરમિયાન, તેઓએ અમારા પરના આરોપનો ઓછામાં ઓછો એક ઝટકો તો બતાવવો જોઈએ. કારણ કે વિપક્ષ પાસે હાલમાં કશું જ નથી, તેઓ આવા આરોપો લગાવી રહ્યા છે. શેકાપ એક એવી પાર્ટી છે જેને જિલ્લામાંથી તડીપાર કરવામાં આવી રહી છે.

ભરત ગોગાવલેએ એમ પણ કહ્યું છે કે આ જ કારણ છે કે આવા આરોપો લગાવવામાં આવી રહ્યા છે.

## દરગાહ કે બહારના

તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી. વળી અરજદારના વકીલોએ કોર્ટને જણાવ્યું હતું કે આ કાર્યક્રમ માટે તમામ જરૂરી પરવાનગીઓ લેવામાં આવી છે, જોકે વધારાના સમય માટે અરજી કરવામાં આવી છે. તેના પર કોર્ટે કહ્યું હતું કે દરગાહની અંદર કે બહારના પરિસરમાં કોઈપણ પ્રકારનો ઉત્સવ કાયદા દ્વારા પ્રતિબંધિત છે. કાયદા દ્વારા આવી પરવાનગી આપી શકાય નહીં, એમ કહીને, અરજદારોને આ સંબંધમાં કાયદાકીય જોગવાઈઓ વિશે જાણ નથી? એવો પ્રશ્ન કર્યો હતો અને આવી અરજીઓ છેલ્લી ઘડીએ કરવામાં આવી હોવા અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આ ઉપરાંત દિવસમાં પાંચ વખત અઝાન માટે મસ્જિદ પર લાઉડસ્પીકર લગાવવાની પરવાનગીની માગ કરતી અરજી વિવિધ મસ્જિદો વતી દાખલ કરવામાં આવી હતી. જોકે આ સંદર્ભમાં હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે કેટલાક આદેશો આપ્યા છે અને કોર્ટે અરજદારોને આ બાબતનો અભ્યાસ કરવાનો આદેશ આપ્યો હતો.

## ૧૧ નક્સલીઓનું

સંયુક્ત પ્રયાસોને કારણે આ વર્ષે જિલ્લામાં ૧૧૨ માઓવાદી કાર્યકરોએ આત્મસમર્પણ કર્યું છે. બુધવારે આત્મસમર્પણ કરનારાઓમાં વિભાગીય સમિતિના સભ્યો ગઢચિરોલીના રમેશ લેખામી (૫૭), છત્તીસગઢના રહેવાસીઓ ભીમા કોવાસી (૩૫), પ્લેટફૉર્મ પાર્ટી સમિતિના સભ્યો પોરિયે ગોટા (૪૧), રતન ઓયમ (૩૨) અને કમલ વેલાડી (૩૦)નો સમાવેશ થાય છે, એમ તેમાં જણાવાયું છે.

અન્ય આત્મસમર્પણ કરનારાઓમાં વિસ્તાર સમિતિના સભ્યો પોરીયે વેલાડી (૩૬), રામાજી પુંગાટી (૩૫), અને પ્લાટૂન સભ્યો સોનુ કાટો (૧૯), પ્રકાશ પુંગાટી (૨૨), સીતા પલો (૨૨) અને સાઈનાથ માડે (૨૩) નો સમાવેશ થાય છે.

જો માઓવાદીઓનું કોઈ જૂથ આત્મસમર્પણ કરે છે, તો તેમના પુનર્વસન માટે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા સામૂહિક સહાય તરીકે કુલ ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવે છે. ગઢચિરોલી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ માઓવાદી વિરોધી કાર્યવાહી અને સરકાર દ્વારા માઓવાદીઓને શરણાગતિ સ્વીકારવા અને સન્માનજનક જીવન જીવવા માટે પૂરી પાડવામાં આવેલી તકને કારણે ૨૦૨૨ થી જિલ્લામાં ૧૪૬ નક્સલીઓએ તેમના શસ્ત્રો મૂક્યા છે, જેમાં આ વર્ષે ૧૧૨નો સમાવેશ થાય છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.

## ઈ-વાહનો

રોજ, મહારાષ્ટ્ર સરકારે ઈ-વાહનો પાસેથી ટોલ માફીની જાહેરાત કરી હતી, જે ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ થી લાગુ કરવામાં આવી હતી.

પ્રશ્નકાળ દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વતી (પરિવહન સંબંધિત બાબતો પર) જવાબ આપતા ભૂસેએ જણાવ્યું હતું કે, 'ટોલ માફી માટે ઈવીની ફાસ્ટેગ વિગતો વાહન (પરિવહન પોર્ટલ) સાથે નોંધાયેલ હોવી જોઈએ અને ટોલ સિસ્ટમ સાથે સંકલિત હોવી જોઈએ. આ અમલીકરણ ત્રણ મહિના પહેલા શરૂ થયું હતું. પરંતુ એવા કેટલાક કિસ્સાઓ બન્યા છે જ્યાં ટોલ કાપવામાં આવ્યો હતો. અમે ટોલમાફીની પ્રક્રિયાને ઝડપી અને અસરકારક રીતે અમલમાં મૂકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.''ભૂસેના જવાબ પછી તરત જ, સ્પીકર નાર્વેકરે દરમિયાનગીરી કરતા કહ્યું કે આ નીતિ પહેલાથી જ અમલમાં છે. જો એક પણ ઇલેક્ટ્રિક વાહન પર ટોલ વસૂલવામાં આવી રહ્યો હોય, તો તે ગેરકાયદેસર છે. વધુમાં મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષે આઠ દિવસની અંદર સંપૂર્ણ માફી સિસ્ટમ કાર્યરત થાય તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો.

નાર્વેકરે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈવી વપરાશકર્તાઓ પાસેથી વસૂલવામાં આવેલી ટોલ રકમ પરત કરવા માટે એક પદ્ધતિ ઘડવી જોઈએ. ઈવી વાહનો પર ટોલ ચાર્જ પરત કરવાની પ્રક્રિયા પર પ્રકાશ પાડતા, તેમણે જણાવ્યું હતું કે, જો લોકો તેમના દાવાઓના પુરાવા પૂરા પાડે, તો ટોલ ઓપરેટરો અથવા રાજ્ય સરકારે ઈવી વપરાશકર્તાઓને રકમ પરત કરવી જોઈએ. નાર્વેકરે વધુમાં જણાવ્યું હતું કે,આપણી પાસે અત્યારે ચાર્જિંગ સ્ટેશનો ઓછા છે. ૩૦ વોટના ચાર્જિંગ સ્ટેશન છે જેમાં વાહનને ચાર્જ થતા ૮ કલાક જેટલો સમય લાગે છે. ૨૫ થી ૩૦ મિનિટમાં વાહન ચાર્જ થઇ શકે તે માટે ૧૨૦ વોટના ચાર્જિંગ સ્ટેશનો વધારવા સરકારને જણાવ્યું હતું.

## મુંબઈમાં હવાની

મોટા પ્રમાણમાં ચાલી રહેલા રિડેવલપમેન્ટને માનવામાં આવે છે. સામાન્ય રીતે મુંબઈમાં નવેમ્બરમાં શિયાળાના આગમન સાથે જ વાતાવરણમાં પ્રદૂષણનું સ્તર વધી જતું હોય છે. છેલ્લા એક મહિનાથી મુંબઈના અનેક વિસ્તારમાં હવાની ગુણવત્તા સતત જોખમી સ્તરે નોંધાઈ રહી હતી. એક્યુઆઈ સતત ૧૫૦થી ૨૦૦ની વચ્ચે નોંધાઈ રહ્યો છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકા દ્વારા અનેક ઉપાયયોજના અમલમાં પણ મૂકવામાં આવી રહી છે ત્યારે બુધવારે મુંબઈના વાતાવરણમાં હળવો સુધારો જણાયો હતો. સાંજના સાત વાગે મુંબઈના સરેરાશ એક્યુઆઈ ૧૦૦ નોંધાયો હતો. મુંબઈના અન્ય વિસ્તારોમાં પણ હવાની ગુણવત્તામાં સુધારો જણાયો હતો.

બુધવારે બોરિવલી, અંધેરી, કુર્લા, મઝગાંવ, સિદ્ધાર્થ નગર-વરલી, વિલેપાર્લે અને વરલી જેવા વિસ્તારમાં પ્રદૂષણનું સ્તર ઘટીને સમાધાનકારક હવા નોંધાઈ હતી. આ વિસ્તારોમાં અનુક્રમે ૬૫,૫૬,૮૧,૮૭,૭૪,૯૨,૭૬ અને ૯૧ જેટલો એક્યુઆઈ નોંધાયો હતો. તો પવઈમાં પણ પ્રદૂષણનું પ્રમાણ ઘટ્યું હોવાનું જણાયું હતું. આ તમામ વિસ્તારોમાં છેલ્લા એક મહિનાથી એક્યુઆઈ ૧૫૦થી ૨૦૦ની આસપાસ નોંધાઈ રહ્યો હતો. મુખ્યત્વે બોરિવલી, મઝગાંવ અને વરલીમાં વાતાવરણમાં મોટા પ્રમાણમાં પ્રદૂષણ રહ્યું હતું.

## હલકી ગુણવત્તાની

કરવામાં આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

ઝીરવાળે એવી પણ માહિતી આપી હતી કે ઓક્ટોબર ૨૦૨૪ માં એફડીએ ડ્રાઇવ દરમિયાન દવાની દુકાનો અને કંપનીઓમાં નકલી કફ સિરપ મળી આવ્યા હતા. ડોકટરો, ક્લિનિકલ સંસ્થાઓ અને ફાર્માસિસ્ટને પ્રોપનેલોલ ધરાવતી દવાઓ લખવા કે વેચવા નહીં તે અંગે સૂચના આપવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મુંબઈ, થાણે, પુણે, ઔરંગાબાદ અને નાગપુર વિભાગોમાં ૧૦ સ્થળોએ ૩૬ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૩૪ હલકી ગુણવત્તાવાળા હોવાનું જાણવા મળ્યું હતું. આમાં હાઇપરટેન્શન, ડાયાબિટીસ, ક્ષય રોગ, હૃદય રોગ અને રક્ત શુદ્ધિકરણ માટેની દવાઓનો સમાવેશ થાય છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

રાજ્યમાં બાળકો માટેના કફ સિરપના ચોક્કસ બ્રાન્ડના છ નમૂના પણ હલકી ગુણવત્તાવાળા હોવાનું જાણવા મળ્યું હતું.

ઝીરવાળે જણાવ્યું હતું કે, કેટલાક ઘટકોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા અથવા તેમને ઉમેરવામાં આવ્યા હતા અને દવા બજારમાં નવા નામથી વેચવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે અનધિકૃત કંપનીઓ દ્વારા સરકારી હોસ્પિટલોમાં કેટલીક નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓ પૂરી પાડવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે ડ્રગ ઇન્સ્પેક્ટરની ૧૭૬ જગ્યાઓ ખાલી હોવાથી ઘણા જિલ્લાઓમાં દવાના પરીક્ષણ અને નિયંત્રણનું કાર્ય પ્રભાવિત થયું હતું. મહારાષ્ટ્રમાં મુંબઈ, નાગપુર અને પુણેમાં ત્રણ પરીક્ષણ પ્રયોગશાળાઓ છે.

તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ડ્રગ ઇન્સ્પેક્ટરની ૧૦૯ જગ્યાઓ ભરવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે વિભાગ પાસે ઉપલબ્ધ માનવ સંસાધનોનો ઉપયોગ કરીને ડ્રગ પરીક્ષણ અને નિયંત્રણ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે, અને નાસિક અને પુણેમાં પ્રયોગશાળાઓને અપગ્રેડ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## ટ્રાફિક પોલીસ

સભ્ય પ્રસાદ લાડે માગ કરી કે તેમને તેમના ટુ-વ્હીલર માટે પાર્કિંગ આપવામાં આવવું જોઈએ. તેમણે એસએમએસ દ્વારા ચલાન મોકલવામાં વિલંબનો મુદ્દો પણ ઉપાડ્યો. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે ટ્રાફિક પોલીસ અને વાહન માલિકો વચ્ચે દલીલો થયા બાદ તે ઝઘડાનું રૂપ લે છે.આનો જવાબ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે ગોવા જેવી જ સિસ્ટમ મહારાષ્ટ્રમાં લાવવાની યોજના છે. તબક્કાવાર બોડી કેમેરા શરૂ કરવામાં આવશે. મોટા બાંધકામમાં ટૂ-વ્હીલર માટે પાર્કિંગની વ્યવસ્થા આપવામાં આવતી નથી. અગાઉ બીડીડી માટે પણ પાર્કિંગની વ્યવસ્થા આપવામાં આવી નહોતી, પરંતુ પછીથી આપવામાં આવી હતી. હવે શહેરી વિકાસ વિભાગ દ્વારાટૂ-વ્હીલર માટે પાર્કિંગ આપવાના આદેશો જારી કરવામાં આવશે,તેમણે ગૃહમાં માહિતી આપતા કહ્યું.

## ડેરી રોકાણ

તરીકે રજૂ કરીને નિર્દોષ રોકાણકારો સાથે છેતરપિંડી કરી હતી એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ કંપનીઓ ડેરી ઉદ્યોગ, ઢોર ઢાખરને ખવડાવવાની તાલીમ અને દૂધની ખરીદીથી નોંધપાત્ર આવક પેદા કરે છે એ રીતે રજૂ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફરિયાદીઓએ આ કંપનીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓમાં ખાસ્સું રોકાણ કર્યું હતું અને આ ભંડોળ મેળવ્યા પછી, આરોપીઓએ આ નાણાંનો ઉપયોગ જણાવેલા વ્યવસાયિક હેતુઓ માટે નહોતો કર્યો. બલ્કે આ ભંડોળને બહુવિધ ખાતાઓ અને સંસ્થાઓમાં ફેરવી નાખ્યું હતું.ઇડી કેસ આધારિત પોલીસ એફઆઈઆર મુજબ કુલ છેતરપિંડી ૧૦૮.૩૦ કરોડ રૂપિયા છે.

# હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

ચલાલા નિવાસી હાલ કાંદિવલી, ધીરજલાલ વનમાળીદાસ સોઢા (ઉં.વ. ૭૪) તે રેખાબેનના પતિ. હિરેન, ચિંતન તથા કશ્યપના પિતા. કલ્યાણ નિવાસી સ્વ. મોહનલાલ દેવશીભાઇ ઠક્કરના જમાઈ. સ્વ. ભાઈલાલભાઈ, વૃજલાલભાઈ, ગુણુભાઈ, પ્રવીણભાઈ, જયસુખભાઇ, રાજુભાઈ, મંજુબેન ગઢીયા, શારદાબેન માનસેતા, હંસાબેન કારિયાના ભાઈ. વિન્કીબેન, ગુલશનબેનના સસરા ૯/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૧/૧૨/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, હોલ નં ૫, લોહાણા મહાજનવાડી સામે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુતાર**

જેતપુર નિવાસી હાલ ગોરેગાવ, વિનોદભાઈ ચંદુભાઈ ગોહિલ (ઉં.વ. ૬૦) તા. ૭/૧૨/૨૫ના અક્ષરવાસી થયેલ છે. તે ગં. સ્વ. તારાબેન તથા સ્વ. ચંદુભાઈ જેરામભાઈ ગોહિલના પુત્ર. હરીશ, ધૃતિ દેવાંગ ચુડાસમા, રિદ્ધિ ચિરાગ કનાડિયાના પિતા. રાજુભાઈ, મહેશભાઈ, દક્ષાબેન હસમુખભાઈ પરમારના ભાઈ. નીતાબેન અરુણાબેનના જેઠ. પ્રાર્થનાસભા ૧૧/૧૨/૨૫ના ૫ થી ૭. લુહાર સુતાર જ્ઞાતિ વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ખંભાતી દશા પોરવાડ વણીક**

ખંભાત નિવાસી, હાલ કાંદીવલી, ઉષાબેન શશીકાંતભાઈ પરીખ (ઉં.વ. ૮૪) તા. ૯/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તે સ્વ. લીલાવતીબેન બંસીલાલ પરીખના પુત્રવધૂ. સ્વ. લીલાવતીબેન છોટાલાલ શાહના સુપુત્રી. સંજય, નીપા, પ્રણવના માતુશ્રી. સેજલબેન તથા નીરેનભાઈના સાસુ. ધ્રીતી અને દિવાના દાદી. તનયના નાની. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૨/૧૨/૨૫ના સાંજે ૫ થી ૭. ઠઠાઈ ભાટિયા હોલ નં. ૫, કાંદીવલી.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

ગામ મણાર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પ્રવીણભાઈ મકનભાઈ રાઠોડ (ઉં.વ. ૬૦) તા. ૬/૧૨/૨૫ને શનિવાર રામચરણ પામ્યા છે. તે રમીલાબેનના પતિ. સ્વ. મકનભાઈ હરખાભાઈ રાઠોડના દીકરા. સ્વ. ચંદ્રકાંતભાઈ, જીતેન્દ્રભાઈ, ગીતાબેન મહેન્દ્રકુમાર ગોહિલ, રેખાબેન ગીરીશકુમાર ગોહિલના ભાઈ. કિંજલ, કાજલ, મિહિરના પિતાશ્રી. સરતાનપર નિવાસી હાલ સેલવાસ સ્વ. જીવરાજભાઈ નરશીભાઈ સોલંકી જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧/૧૨/૨૫ને ગુરુવારે ૩ થી ૫. સ્થળઃ શ્રી વાંઝા જ્ઞાતિની વાડી, મથુરાદાસ રોડ, ઈરાની વાડી રોડ નં-૧, ધનામલ સ્કુલની સામે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ભાયાવદર હાલ કલ્યાણ, ગં.સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૭૮) તે સ્વ. જયંતીલાલ વિઠ્ઠલદાસ જોબનપુત્રાના ધર્મપત્ની. સ્વ. પુરીબેન વિઠ્ઠલદાસ જોબનપુત્રાના પુત્રવધૂ તા. ૮/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. શાંતિભાઈ, સ્વ. રમેશભાઈ તથા બીપીનભાઈના ભાભી. ઈન્દુબેન, પૂર્ણિમાબેન, અંજનાબેનનાં જેઠાણી. નિશાબેન હરીશકુમાર સેજપાલના માતુશ્રી. સ્વ. વજીબેન પોપટલાલ લાખાણીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧/૧૨/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. જલારામ હોલ, કલ્યાણ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગોંડલ નિવાસી હાલ મલાડ પ્રવીણભાઈ રણછોડભાઈ ડોડીયાના પુત્ર પ્રિતેશભાઈના ધર્મપત્ની અ. સૌ. સ્નેહા (ઉં.વ. ૩૬) તા. ૯/૧૨/૨૫ના અવસાન પામેલ છે. તેઓ વિવાનના માતૃશ્રી. જય ડોડીયાના ભાઈના પત્ની. સોહનીના દેરાણી. ઉલ્લાસનગર વાળા રમેશભાઈ ગોપાલદાસ પંચાલના દીકરી. પ્રાર્થના સભા તા. ૧૧-૧૨-૨૫ ગુરુવારના સાંજે ૪ થી ૬. પ્રાર્થનાસભા સ્થળઃ એલ એમ પટેલ રોટરી આઈ હોસ્પિટલ, આઈ બી પી પેટ્રોલપંપ પાસે, કૃષ્ણ હોટલની સામે, એસ.વી. રોડ, મલાડ વેસ્ટ.

**પાટણ વિશા દિશાવળ**

સુરત નિવાસી, સ્વ. શારદાબેન ઘનશ્યામલાલ પરીખના સુપુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં.વ. ૮૮) શુક્રવાર તા. ૫-૧૨-૨૫ના સુરત મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે હિતેશ, ધર્મેશના પિતાશ્રી. પ્રેરણા, મનીષાના સસરા. ધ્વનીલ, જીગર, સિદ્ધિ, કિંજલના દાદાજી. રાધા, નિર્ઝરી, વિક્રાંતના દાદાસસરા. વામિકા, યાહ્વીના પરદાદા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ ગઢશીશા અ.સૌ. દિપાબેન (રંજના) દિલીપકુમાર ઠક્કર (ખટાઉ) (ઉં.વ. ૭૨) તે વલ્લભભાઈ પેરાજ ખટાઉના પુત્રવધૂ તે લીલાવતી શંભુલાલ ઠક્કરના સુપુત્રી. તે ભારતી (ફાલ્ગુની) ચંદ્રકાન્ત માણેક, રેખા પંકજભાઈ સોમૈયા, ઉમા સુધીર સોમૈયાની મોટી બહેન. તે શ્રદ્ધા રાજ કાપડિયા તથા હેતલ વરુણ શાહના માતુશ્રી. તા. ૦૮-૧૨-૨૫ના અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના તા. ૧૧-૧૨-૨૫ના સ્વામિનારાયણ મંદિર, સરિતા પાર્ક, ગરોડિયા નગર (૯૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), ૪.૦૦થી ૬.૦૦. (લૌકિક વ્યવહાર બંધ છે).

**વૈષ્ણવ વણિક**

સવિતા ભગવાનદાસ પરીખના દીકરી કુમારી કૈલાસ ભગવાનદાસ પરીખ ૩-૧૨-૨૫ના રોજ ગુજરી ગયા છે. તેઓના ભાઈ-બહેન દિનેશ, ભાનું, મહેશ ભગવાનદાસ પરીખ અને નાની બહેન રેણુકા કૈલાસ રામા, બનેવી કૈલાસ શર્મા.

**ભાવનગરી મોચી**

ગામ હાથબ, હાલ મુંબઈ, પ્રવિણભાઈ તુલશીદાસ ચાવડા (ઉં.વ. ૭૫) તા. ૨૯-૧૧-૨૫ને શનિવારના રામચરણ પામ્યા છે. તે જયોતિબેનના પતિ. નિલેશભાઈ, કમલેશભાઈના પિતાશ્રી. કૈલાસબેન, મનીષાબેનના સસરા. અંકિત, દ્રષ્ટિ, પુર્વ, સૃષ્ટિ, નિધીના દાદા. ગોહિલ પાણીયારીવાળા ધરમશીભાઈ રણછોડભાઈના જમાઈ.

**ઝાલાવાડી સઈ સુથાર**

મૂળરાજ કલ્યાણજી કપુરીયા સાયલાનિવાસી હાલ વિલે પાર્લે, તે મધુબેનના પતિ. સ્વ. મગનલાલ બેચરદાસ સોલંકીના જમાઈ. સ્વ. વ્રજલાલ, મધુબેન નવીનચંદ્ર ચૌહાણ અને લીલાબેન છબીલદાસ થોરીયાના ભાઈ. અશ્વિન, જયેશ, વિશાલના પિતા. માલતી, વૈશાલી, જીજ્ઞાના સસરા. સોનાલી રવિકુમાર વાઘેલા, શાહીલ, શેનીલ, અનીસ, દેવના દાદાજી. સોમવાર તા. ૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની સાદડી ગુરુવાર, તા. ૧૧-૧૨-૨૫ના ૪થી ૬. સ્થળઃ શ્રી વિલેપાર્લે પાટીદાર મંડળ, સરદાર પટેલ બાગ, પાર્લેશ્વર રોડ, અમર હોટલની ગલીમાં, વિલેપાર્લે (ઈસ્ટ).

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

આશિત રમેશ શાહ તેઓ સ્વ. રમેશભાઈ અને ગં. સ્વ. અરૂણાબેન શાહના પુત્ર. ગં. સ્વ. સંગીતાબેન એ. શાહના પતિ. ઋખવ એ. શાહના પિતા. અશ્મી આર. શાહના સસરા. પ્રયાણ આર. શાહના દાદા. તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ અરિહંતશરણ થયા છે. તેમના અંતિમસંસ્કાર માટેની યાત્રા તેમના રહેઠાણ તક્ષશિલા, ટાગોર રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈથી તા. ૧૧-૧૨-૨૫ સમયઃ સવારે ૧૦ વાગ્યે સાંતાક્રુઝ હિન્દુ સ્મશાનભૂમિ જવા નીકળશે.

ગોંડલ નિવાસી હાલ તાડદેવ (મુંબઈ) ચંદ્રકાન્તભાઈ નાનાલાલ કોઠારી (ઉં.વ. ૮૮) તા. ૧૦-૧૨-૨૫ બુધવારના અરીહંત શરણ પામેલ છે, તે ઈન્દિરાબેનના પતિ; જયદીપ, ચીરાગ, દિપાલીબેન સંજીવભાઇ ભટ્ટના પિતાશ્રી; તે દીપા, અમીના સસરા; સિદ્ધાંત, વિધિ, સાનાના દાદા; શ્વસુરપક્ષે જયચંદભાઈ કોઠારીના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાવણી નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. લાભુબેન ભગવાનજી ગાઠાણી (ઉં.વ. ૯૫) તે સ્વ. દુર્લભજી સંઘવીના પુત્રી. સ્વ. ભગવાનજી ગોપાલજી ગાઠાણીના ધર્મપત્ની. તે સ્વ. કિશોરભાઈ, સ્વ. વિનોદભાઈ, શશીકાંત, દિનેશ તેમજ ગં.સ્વ. સરોજ નરેન્દ્ર સરવૈયા, અનિલા રિપુન રૂપાણી, પ્રતિભા અતુલ ભરવાડા, નયના યતિન ઘેલાણીનાં માતા. ગં.સ્વ. ઊર્મિલા, વિભા, માલતી, ચંદ્રિકાના સાસુ તેમજ દિપાલી તથા નમ્રતાનાં વડસાસુ. તુષાર, ચિરાગ, પ્રતિક, શીતલ, જસમાં, નેહા, નિધિનાં દાદી. તા. ૯/૧૨/૨૫નાં અરિહંત શરણ થયા છે. પ્રાર્થના સભા તેમજ તમામ લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુરી જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. વસુમતીબેન મહેન્દ્રભાઈ દોશીના પુત્ર પંકજભાઈ (ઉં.વ. ૬૫) તે અલ્કાબેનના પતિ. આદિત્યના પિતાજી. ખ્યાતિના સસરા. ઝેનના દાદા. પ્રદીપ, કુમાર, સુવર્ણા, પીનાકીનીના ભાઈ. સાયરા નિવાસી લીલાબેન મુલજીભાઈ ખોનાના જમાઈનું નિધન સોમવાર, તા. ૮-૧૨-૨૫ના રોજ થયેલ છે. ગુરૂવારે કચ્છી વિશા ઓસવાલ સ્થાનકવાસી જૈન મહાજન વાડી, ચિંચપોકલી ઈસ્ટ, મુંબઈ-૧૨.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખુંટવડા નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. જયસુખલાલ પ્રભુદાસ દોશીના ધર્મપત્ની અનસુયાબેન (ઉં.વ. ૭૪) તા. ૮-૧૨-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે.તે નિશા કિર્તીકુમાર દોશી, સેહુલના માતુશ્રી. કૃપા, ભાવિ, પાર્શ્વના નાની. મનસુખલાલ, ગુણવંતરાય, સ્વ. પ્રતાપરાય, જિતેન્દ્રભાઈ, પંકજભાઈ, ઈન્દુબેન, અંબાલાલ, હંસાબેન પ્રવિણચંદ્ર, સુશીલાબેન સુરેશભાઈના ભાભી. પુષ્પાબેન, સ્વ. લતાબેન, સ્વ. લીનાબેન, સ્વ. ભાવનાબેન, મીતાબેનના જેઠાણી. પિયર પક્ષે જગજીવનદાસ હરિલાલ ડેલીવાળાના દીકરી (જાળીલા) નિવાસી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસસ્થાનઃ એ/૧૨, કૃષ્ણા નિવાસી, ચિપલુનકર રોડ, અનુપમ હોસ્પિટલની પાછળ, ગણેશ કોલ્ડ્રિંકસની બાજુમાં, ડોમ્બીવલી ઈસ્ટ.

**પાટણ - વસાવડો દશા શ્રીમાળી જૈન**

મંજુલાબેન મહેન્દ્રભાઈ શાહ (મરીન ડ્રાઈવ) (ઉં.વ. ૭૧) તે સ્વ. કમળાબેન દલપતલાલ શાહ (મહાલક્ષ્મી - અડપોદ્રા)ના પુત્રી. રોનક, સેજલના માતુશ્રી. હેતલ, હિતેન નરેન્દ્રભાઈ કાટકોરિયાના સાસુ. તે કાવ્યા, ક્રિષાંક, ખનકના દાદા-નાની. તે સ્વ. દિલીપભાઈ, કેતનભાઈ, રમિલાબેન, શૈલાબેન, સરોજબેનના બહેન મંગળવાર, તા. ૯-૧૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૧૨-૨૫ શ્રી પાટણ જૈન મંડળ હોલ, ૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, એફ-રોડ, મુંબઈ-૨૦ ખાતે સાંજે ૪ થી ૬.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રવિણચંદ્ર કાનજીભાઈ લાઠીયાનાં ધર્મપત્ની ગં. સ્વ. મધુબેન (ઉં.વ. ૮૫) તા. ૮-૧૨-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. અ.સૌ. વર્ષા-મનીશ લાઠીયા, અ.સૌ. અલ્પા સમીરભાઈ રૂપાણી, અ.સૌ. કવિતા ચેતનભાઈ શાહનાં મમ્મી. અ.સૌ. દ્રિષ્ટી-પાર્થ, કાનમ તથા શૈલીનાં દાદી/નાની તે સ્વ. વિનોદભાઈ, ભરતભાઈ, ભાસ્કરભાઈ, અ.સૌ. વર્ષાબેન પ્રદીપભાઈ દેસાઈનાં કાકી. સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કંચનબેન કપુરચંદ પારેખનાં દીકરી. તે સ્વ. પ્રતાપભાઈ પારેખ, લલિતભાઈ પારેખ, સ્વ. અતુલભાઈ પારેખ, સ્વ. કળાબેન સંઘરાજકા, અ.સૌ. હંસાબેન સરવૈયા, અ.સૌ. દમયંતિબેન ખોખાણી, અ.સૌ. રંજનબેન ડેલીવાળા, ગં. સ્વ. જ્યોતિબેન લાખાણી, ગં. સ્વ. રેખાબેન ઘેલાણીનાં બહેન. પ્રાર્થનાસભા લાયન્સ હોલ, ગરોડિયાનગર, ઘાટકોપર ઈસ્ટ, તા. ૧૧-૧૨-૨૫નાં સાંજના ૪થી ૬.

**દશા શ્રીમાળી પાંત્રીસી જૈન**

છનિયાર નિવાસી હાલ દાદર, સ્વ. શાંતાબેન મફતલાલ શાહના પુત્ર. સરોજબેનના પતિ ચંદ્રકાન્તભાઈ (લાલુભાઈ) શાહ, (ઉં.વ. ૭૯) શનિવાર તા. ૬-૧૨-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ રમેશભાઈ, જયશ્રીબેન ભરતકુમાર શેઠના મોટાભાઈ. દેવેન્દ્ર, દીપકના પિતાશ્રી. સ્મિતા, શેફાલીના સસરા. ખાંભેલ નિવાસી અભેચંદ હાલચંદના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧-૧૨-૨૫ના ૪થી ૫.૩૦, કરસન લધુ હોલ, ૧૨ જ્ઞાન મંદિર રોડ, એસ. કે. બોલે રોડ, દાદર- વેસ્ટ.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ

# જીવનશૈલીની સરળ આદતો પણ તમારી જૈવિક ઉંમર ઘટાડી શકે!



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**વૃદ્ધત્વ** એ જીવનની એક અનિવાર્ય પ્રક્રિયા છે, પરંતુ આજના આધુનિક વિજ્ઞાને 'ઉંમર'ના બે અલગ પાસાં રજૂ કર્યા છે: કાલક્રમિક ઉંમર (Chronological Age) અને જૈવિક ઉંમર (Biological Age). કાલક્રમિક ઉંમર એટલે કે જન્મ તારીખ મુજબ તમારી સાચી ઉંમર, જ્યારે જૈવિક ઉંમર એ તમારા કોષો અને અંગોની વાસ્તવિક કાર્યાત્મક સ્થિતિ દર્શાવે છે.

હવે એવું પણ જાણવા મળ્યું છે કે જૈવિક ઉંમરને સામાન્ય જીવનશૈલીની આદતોમાં ફેરફાર કરીને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. ખાસ કરીને પુરુષો માટે, જેઓ ઘણીવાર સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી રાખે છે, તેમના માટે આ સરળ ફેરફારો લાંબુ અને સ્વસ્થ જીવન જીવવાની ચાવી બની શકે છે.

જૈવિક ઉંમર ઘટાડવાની આ સફરની શરૂઆત આહાર અને પોષણથી થાય છે. પુરુષોએ તેમના આહારમાં પ્રોસેસ્ડ ફૂડ, વધુ પડતી ખાંડ અને ટ્રાન્સ ફેટ્સનું સેવન ઓછું કરવું જોઈએ. તેના બદલે, ભૂમધ્ય આહાર (Mediterranean Diet) જેવી પદ્ધતિ અપનાવવી જોઈએ, જેમાં ફળો, શાકભાજી, આખા અનાજ, કઠોળ, ઓલિવ તેલ અને લીન પ્રોટીન પર ભાર મૂકવામાં આવે છે. ખાસ કરીને, ઓમેગા-૩ ફેટી એસિડ્સ (જેમ કે માછલીમાં હોય છે) અને એન્ટિઑક્સિડન્ટ્સથી ભરપૂર ખોરાક કોષોને નુકસાનથી બચાવે છે અને બળતરા (inflammation) ઘટાડે છે, જે વૃદ્ધત્વ પ્રક્રિયાને ધીમી પાડવામાં મદદ કરે છે. પૂરતું પાણી પીવું અને ફાઇબરનું સેવન જાળવવું એ પણ પાચનતંત્ર અને એકંદર કોષીય સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે.

આહાર ઉપરાંત, નિયમિત શારીરિક પ્રવૃત્તિ જૈવિક ઉંમર ઘટાડવા માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. પુરુષોએ માત્ર કાર્ડિયો પર જ નહીં, પરંતુ સ્ટ્રેન્થ ટ્રેનિંગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જેમ જેમ ઉંમર વધે છે, તેમ તેમ સ્નાયુ સમૂહ કુદરતી રીતે ઘટવા લાગે છે, જેને 'સાર્કોપેનિયા' કહેવાય છે. સ્ટ્રેન્થ ટ્રેનિંગ આ પ્રક્રિયાને અટકાવે છે, હાડકાની ઘનતા જાળવી રાખે છે અને ચયાપચયને વેગ આપે છે. દરરોજ માત્ર ૩૦ મિનિટની મધ્યમ કસરત (જેમ કે ઝડપી ચાલવું) પણ ટેલોમિયરની લંબાઈ જાળવવામાં મદદ કરે છે, જે જૈવિક ઉંમરનું મુખ્ય માપદંડ છે. કસરત માત્ર શારીરિક જ નહીં, પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ મહત્ત્વની છે, જે તણાવ ઘટાડે છે.

જૈવિક ઉંમરને પ્રભાવિત કરતું ત્રીજું મહત્ત્વનું પરિબળ ઊંઘની ગુણવત્તા છે. પુખ્ત પુરુષોએ દરરોજ રાત્રે ૭ થી ૯કલાકની અવિરત ઊંઘ લેવી જરૂરી છે. ઊંઘ દરમિયાન શરીર કોષોની મરામત કરે છે, હોર્મોન્સનું નિયમન કરે છે અને મગજ ઝેરી તત્ત્વોને દૂર કરે છે. અનિયમિત ઊંઘ અથવા અપૂરતી ઊંઘ કોર્ટીસોલ (તણાવના હોર્મોન)નું સ્તર વધારે છે અને બળતરા પેદા કરે છે,જે વૃદ્ધત્વની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. 'સ્લીપ હાઇજીન' (ઊંઘની સ્વચ્છતા) જાળવવી, જેમ કે સૂવાના સમય પહેલાં સ્ક્રીન ટાળવી અને બેડરૂમને ઠંડો તથા અંધારો રાખવો, આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

આ ઉપરાંત પણ સ્ટ્રેસ મેનેજમેન્ટ એ જૈવિક ઉંમર ઘટાડવા માટેનો એક નિર્ણાયક ઘટક છે. લાંબા ગાળાનો તણાવ ડીએનએને નુકસાન પહોંચાડે છે અને વૃદ્ધત્વની પ્રક્રિયાને વેગ આપે છે. પુરુષે એ તણાવ ઘટાડવા માટે માઇન્ડફુલનેસ, ધ્યાન, યોગ અથવા ઊંડા શ્વાસ લેવાની કસરતો જેવી સરળ આદતો અપનાવવી જોઈએ. નિયમિતપણે શોખમાં સમય વિતાવવો અથવા મિત્રો અને પરિવાર સાથે સામાજિક સંબંધો જાળવવા પણ માનસિક શાંતિ અને દીર્ઘાયુષ્ય સાથે સીધો સંબંધ ધરાવે છે.

ટૂંકમાં હાનિકારક ટેવો ટાળવી એ જૈવિક ઉંમર ઘટાડવા માટે પાયાનું પગલું છે. ધૂમ્રપાન અને વધુ પડતું આલ્કોહોલનું સેવન કોષોના ડીએનએને સીધું નુકસાન પહોંચાડે છે અને લગભગ દરેક મુખ્ય અંગ પર નકારાત્મક અસર કરે છે. આ બંને ટેવને છોડવાથી અથવા મર્યાદિત કરવાથી તમારા કોષોને પુનઃપ્રાપ્ત થવાની અને તેમની જૈવિક ઉંમર ઘટાડવાની તક મળે છે.

ટૂંકમાં, જૈવિક ઉંમર ઘટાડવી એ કોઈ જાદુ નથી, પરંતુ તે જીવનશૈલીના નાના, સતત ફેરફારોનું પરિણામ છે. પુરુષ માટે, સંતુલિત આહાર, નિયમિત કસરત, પૂરતી ઊંઘ અને અસરકારક તણાવ વ્યવસ્થાપન એવાં સરળ પગલાં છે જે તેમની જૈવિક ઘડિયાળને ધીમી કરી શકે છે. આ આદતો અપનાવવાથી માત્ર ઉંમર જ નહીં, પણ જીવનની ગુણવત્તા પણ સુધરે છે. ■





## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# ખરીદી કરતા પત્નીઓ થાકતી કેમ નથી?

**ડિયર હની,**

શોપિંગની વાત આવે તો પત્નીઓને મજા પડી જાય છે. આ વાત બધી મહિલાઓને લાગુ પડે છે. શોપિંગ પસંદ ના હોય એવી છોકરી કે મહિલા ભાગ્યે જ આ પૃથ્વી પર જોવા મળે છે. ગર્લફ્રેન્ડ હોય કે પછી પત્ની... 'ચાલ, શોપિંગ કરવા જઈએ' એવું એના કાને અથડાય તો એ બધા વાંધાવચકા ભૂલી જાય છે. મને તારી સાથે આવા ઘણા અનુભવ થયા છે. મોટાભાગે પતિઓને પત્ની સાથે ખરીદી કરવાનું પસંદ નથી હોતું. એનું કારણ એ છે કે, પત્નીઓ ખરીદી કરવામાં એટલી બધી વાર લગાડે છે કે પતિ થાકીને ઠૂસ થઇ જાય છે. અને પછી બિલ ચૂકવવાનો વારો આવે ત્યારે એની હાલત વધુ બગડી જાય છે.

મને એ દિવસ બરાબર યાદ છે. મને એક એવોર્ડ મળેલો અને આપણે બંને અમદાવાદ ગયા હતા. એવોર્ડ સમારંભ પૂરો થયો અને પછી તેં કહ્યું કે, હવે ફલાણી જગ્યાએ ખરીદી માટે જવું છે. ગમશે તો લઈશું. અને મિત્ર સાથે આપણે ત્યાં ગયા. તેં સાડીઓ જોવાનું શરૂ કર્યું અને અમે બે મિત્રોની વાત ખૂટી પડી, પણ તારી ખરીદી પૂરી ના થઇ. ક્યારે પૂરી થશે એ વિશે અમારા બેમાંથી કોઈ કહી શકે એવી સ્થિતમાં નહોતું. આખરે ખરીદી પૂરી થઇ અને બિલ બનવા લાગ્યું. અમુક રકમના બીલ માટે મારી માનસિક તૈયારી જરૂર હતી, પણ બિલ આવ્યું ત્યારે એ જોઈ મને પરસેવો વળી ગયો. રૂમમાં એસી ફૂલ હતું, છતાં મારા કપાળે પરસેવો જોઈ મિત્રે પૂછ્યું કે, 'કેમ પરસેવો વળે છે, તબિયત તો બરાબર છે ને...' મેં એને સાડીનું બિલ બતાવ્યું પછી એ સમજી ગયો કે પરસેવો કેમ વળ્યો...

પાછું પત્નીઓ એક સ્ટોરમાં ખરીદી પૂરી કરતી નથી અને દિવસમાં પાંચ પંદર સ્ટોરમાં ફરવું પડે તો એ માટે એ તૈયાર હોય છે. બીજી બાબતોમાં એમને થાક લાગી શકે છે, પણ ખરીદીમાં કોણ જાણે એમનામાં ક્યાંથી એનર્જી આવી જાય છે, જે ખૂટતી નથી.

આ વિશે મેં બહુ વિચાર્યું પણ મેળ ના પડ્યો. પછી થોડા ખાંખાંખોળા કર્યા તો કેટલાંક કારણ મળ્યા.

પુરુષને ખરીદીમાં કંટાળો આવે છે અને સ્ત્રીને મજા એના કારણો છે કે, મહિલા 'હેડોનિક' અભિગમ ધરાવે છે એટલે કે મહિલાઓ ખરીદીને આનંદ, મનોરંજન, ભાવનાત્મક સંતોષ મળે છે. જ્યારે પુરુષ એને માત્ર ખરીદીને કાર્ય તરીકે જુએ છે. જે વસ્તુની જરૂર હોય તે ઝડપથી શોધીને ખરીદવા અને સ્ટોરમાંથી જલદી બહાર નીકળી જવા પુરુષ માગે છે. કેટલાક સામાજિક જીવ વિજ્ઞાનીઓ આ તફાવતને ઉત્ક્રાંતિના સિદ્ધાંત સાથે જોડે છે. ઐતિહાસિક રીતે, સ્ત્રીઓ ફળ, શાકભાજી અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ એકત્રિત કરવાની ભૂમિકા ભજવતી હતી. આ ભૂમિકાના કારણે, આધુનિક મહિલાઓમાં દુકાનોમાં વિગતવાર શોધ અને વિવિધ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ પસંદ કરવાની આદત વિકસિત થઈ છે.

સ્ત્રીની આવી ખરીદી પાછળના સામાજિક અને ભાવનાત્મક કારણો એવાં છે કે, ઘણી સ્ત્રી માટે ખરીદી એ તણાવ અને નકારાત્મક લાગણીઓમાંથી ધ્યાન હટાવવાનો અથવા સામનો કરવાનો એક આડકતરો ઉપાય બની શકે છે. આને ઘણીવાર 'રિટેલ થેરાપી' કહેવામાં આવે છે. સંશોધનો એવું ય દર્શાવે છે કે મોટાભાગની સ્ત્રી ઘરની ખરીદી માટે પ્રાથમિક નિર્ણય લેનાર હોય છે. આ જવાબદારી તેમને વધુ સમય ખરીદી માટે ફાળવવા અને ગુણવત્તા, કિંમત તથા અનુકૂળતા પર વધુ ધ્યાન આપવા માટે પ્રેરે છે.

હવે સમજાયું કે, આવું કેમ બને છે કે પુરુષો ઝપાટે ખરીદી કરે છે અને સ્ત્રીઓને વાર લાગે છે. તમે જોજો કે, સ્ત્રી ખરીદી કરતા હોય કે પછી કોઈ શુભ પ્રસંગ માટે કેમ ના હોય તો પુરુષ સ્ટોરમાં એકબાજુ બેસી જાય છે અને બિલ ચુકવવાની વેળા આવે ત્યારે એમને યાદ કરવામાં આવે છે. એક બીજી વાત નોંધવા જેવો છે કે, બધું નક્કી થઇ જાય એટલે પત્ની પતિને બોલાવે અને પૂછે: 'આ બરાબર છે ને? કે પછી આ... 'પુરુષ હાયે હા કરે છે. પત્નીએ પહેલેથી જ નક્કી કરી લીધું હોય છે કે શું ખરીદવું. પતિને સારું લાગે એટલે ખાલી પૂછવા ખાતર એમને પૂછવામાં આવે છે.

કેટલાક કિસ્સામાં પતિ સાથે જતા નથી. એમને બિલ ચૂકવવાની વેળાએ જાણ કરવામાં આવે છે કે 'આટલાનું બિલ થયું છે...' પછી પતિ પાસે હા કહેવા સિવાય કોઈ વિકલ્પ નથી હોતો. અને એમાં ય સેલ ચાલતું હોય તો વાત જવા દો. એક મજાનો જોક છે, સાંભળો...

પતિ અને પત્ની એક મોલમાં ગયા.

મોલના પ્રવેશદ્વાર પર એક મોટું બોર્ડ લગાવેલું હતું, જેના પર લખ્યું હતું 'મોટો સેલ! ૫૦% ડિસ્કાઉન્ટ!'

આ જોઈને પત્નીએ તરત જ પતિનો હાથ પકડી લીધો અને કહ્યું: 'ચાલો, જલદી અંદર જઈએ!'

પતિએ હસીને પૂછ્યું: 'કેમ? તારે કઈ વસ્તુ લેવી છે?'

પત્નીએ ગંભીરતાથી કહ્યું:

'લેવું તો કંઈ નથી, પણ મોટા સેલનો ફાયદો ઉઠાવીને થાક્યા વગર ફરવાનો રેકોર્ડ બનાવવો છે ને! જો સ્ટોક પૂરો થઈ જશે તો મજા નહીં આવે!'

તારો બન્ની

# પરિવારનો કંકાસ નિવારી શકે છે... વસિયતનામું!

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**જતીનભાઈનું** અવસાન થયું. બે પુત્ર અને એક પુત્રીના પિતા જતીનભાઈ પૈસેટકે સુખી. જિંદગી આખી કામ કર્યું અને આખો જન્મારો ખાય તોય ન ખૂટે એટલી સંપત્તિ મૂકતા ગયા. એમની પત્ની જિજ્ઞાબહેનનું સ્વાસ્થ્ય હજુ સારું છે.

જતીનભાઈના ક્રિયાકર્મ પત્યા કે તરત જ વાત આવીને ઊભી રહી તેમની સંપત્તિના ભાગલાની. મોટેભાગે બધે આમ જ બનતું હોય છે. સંતાનોએ પિતાના કબાટમાં ખાંખાં - ખોળા કરવા માંડ્યાં. પિતાએ કાંઈ વિલ બનાવ્યું હોય તો તે શોધવા માટે , પણ પપ્પાના કબાટ કે બીજે ક્યાંયથી વિલ કે પપ્પાનું કોઈ લખાણ મળ્યું નહીં. પિતાના મિત્રોને, સંબંધીઓને પૂછ્યું. કોઈને કાંઈ આઈડિયા ન હતો. સંતાનોએ તો પિતાના બેન્ક એકાઉન્ટ, પાસબુક બધું લઈ લીધું. જે વેપારીઓ પાસેથી લેવડદેવડનું લખાણ હતું તે શોધી કાઢ્યું અને પિતાનું ડેથ સર્ટિફિકેટ બતાવીને પૈસા જમા કરવા માંડ્યા. જિજ્ઞાબહેન તો પતિના નિધનથી દુઃખી હતાં, તેમને કંઈ જ ખબર ન હતી. સૌથી વધુ બેન્ક વગેરેનું કામ મોટો પુત્ર જોતો હતો. પુત્રી તો પોતાને ઘેર જતી રહી હતી. નાના પુત્રને નોકરીનું પ્રેશર હતું તેથી તે બહુ ધ્યાન આપી શકતો ન હતો. મોટા પુત્ર પાસે સમય હતો તેથી તે બધું જોતો હતો. મોટા પુત્રએ લગભગ પૈસા જે પિતાના ખાતામાં હતા તે અને જેમની પાસેથી લેવાના હતા તે બધાં પૈસા વસૂલી લીધા. હવે મોટા દીકરાના ખાતામાં મોટી રકમ જમા થઈ ગઈ. નાના પુત્રને ફુરસદ મળતા તેણે મોટા ભાઈને કહ્યું :

'મોટા ભાઈ, પપ્પાના બધા પૈસા છૂટા થઈ ગયા છે તો ચાલો, તેના ભાગ પાડી લઈએ.'

'શેનો ભાગ ને શેની વાત? મહેનત બધી હું કરું અને ઘી-કેળાં તમારે ખાવાં છે એમ? કોઈ ભાગ-બાગની વાત કરતો નહીં.'

'એમ થોડું હોય મોટા ભાઈ. પપ્પાની સંપત્તિમાં મારો પણ ભાગ છે. એ મારા પણ પિતા હતા.'

'તો તારે મહેનત કરવી હતી. તું તો તારી નોકરી કરતો હતો. હું મારો કામધંધો છોડીને બેન્કના ધક્કા ખાતો હતો! '

નાનો ભાઈ નિરાશ થઈ ગયો, પોતાની બહેનને વાત કરી. બહેને પણ મોટા ભાઈને ફોન કર્યો. મોટા ભાઈએ સ્પષ્ટ નન્નો સંભળાવી દીધો. મોટા ભાઈએ બંને નાના ભાઈ-બહેનને ના પાડી એટલે આ ભાઈ- બહેને નક્કી કર્યું કે આપણે પપ્પાની માર્કેટની દુકાન વેચી નાખીશું અને અડધા અડધા પૈસા લઈ લઈશું. જવા દો મોટા ભાઈ સાથે કોણ માથાફોડ કરે? દુકાન વેચવા માટે નાના ભાઈએ એક દલાલનો સંપર્ક કર્યો તો તેણે પ્રશ્ન પૂછ્યો :

'કઈ દુકાન? જતીનભાઈની દુકાન? અરે, એ તો વેચાઈ ગઈ.'

'પણ મારી મમ્મી, મારી અને મારી બહેનની સહી વિના દુકાન કેવી રીતે વેચી શકાય?'

'એ તો મને ખબર નથી કાંઈ ઝોલ-ઝાલ કરીને, પૈસા ખવડાવીને કામ કર્યું હશે.' એજન્ટે કહ્યું.




નાનો ભાઈ અને બહેન તો આઘાત પામી ગયાં. મોટા ભાઈએ બધી કેસ અને પપ્પાની બધી પ્રોપર્ટી પોતાને નામ કરી લીધી હતી. જિજ્ઞાબહેન અને નાના ભાઈ-બહેન હાથ ઘસતાં રહી ગયાં. ભાઈ-બહેને મોટા ભાઈ પર કેસ કર્યો , પણ કેસ તો વર્ષો સુધી ચાલ્યા કરે. એ હાથમાં કાંઈ આવવું મુશ્કેલ. જિજ્ઞાબહેન પણ નાના પુત્રના ડિપેન્ડન્ટ થઈ ગયાં. જેના પતિએ લખલૂંટ કમાણી કરી હતી એની પત્ની આજે ઓશિયાળનું જીવન જીવે છે. ત્રણેય ભાઈ-બહેન વચ્ચે એટલા ઝઘડા-ટંટા ચાલે છે કે ન પૂછો વાત. પોલીસને બોલાવવી પડે એટલી મારામારી સુધી પણ ક્યારેક વાત પહોંચે છે.

આવું બધું જોઈ - સાંભળીએ ત્યારે એક પ્રશ્ન થાય કે જે વ્યક્તિ આટલું કમાઈ શકી એ હોંશિયાર જ હશે, કાંઈ સાવ 'ઢ' તો નહીં હોય તો એને એક સાદો-સીધો વિલ બનાવવાનો વિચાર કેમ નહીં આવ્યો હોય? વિલ બનાવી લેવું જોઈએ એટલી સમજણ તો બધાંમાં જ હોય. જતીનભાઈએ વિલ ન બનાવ્યું અને પોતાની પત્ની તેમજ સંતાનોને મુસીબતમાં મૂકી દીધાં.

આપણી હયાતી બાદ આપણાં સંતાનોને તકલીફ ન પડે, ખર્ચાના ખાડામાં ઊતરવું ના પડે, અંદરોઅંદર લડાઈ ઝઘડા ન થાય તે માટે વસિયતનામું કરી લેવું અત્યંત જરૂરી છે. કોઈ પણ પુરુષે વસિયતનામું કરતી વખતે ખાસ ધ્યાન રાખવાનું કે પોતાની હયાતી બાદ પોતાની પત્નીને કોઈ મુશ્કેલી ન પડે. એ કોઈની ઓશિયાળી ન બની જાય. પત્નીનું હિત જોવાની પતિની ફરજ છે જે ચૂકાઈ ન જાય. પુત્રીને પણ પુત્ર જેટલો જ ભાગ મળે એ પણ ધ્યાનમાં લેવું જરૂરી છે.

વસિયતનામું બનાવતી વખતે તમે જે ટ્રસ્ટીઓ નીમો તે સમજદાર, વિશ્વાસપાત્ર, નીડર અને નિષ્પક્ષ હોવા જોઈએ.. ઘણાં લોકો વિચારે છે કે હજુ હમણાં ક્યાં મરી જવાના છીએ? બનાવશું નિરાંતે આપણું વિલ. આમ ન વિચારવું જોઈએ, કારણ કે આપણે જાણીએ જ છીએ કે, 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે'

અહીં વળી એક બીજી વાત સમજી લેવાની જરૂર છે, ઘણાં લોકો એમ માને છે કે એક વાર વસિયતનામું બનાવ્યું એટલે તે આખરી વસિયતનામું બની જાય છે. નામ , એવું નથી. વસિયતનામું બનાવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ જાય તો વસિયતનામું પણ બદલાવી શકાય છે. અને વસિયતનામું એક જ વાર બદલી શકાય તેવો પણ કોઈ નિયમ નથી. જેટલી વાર આપણે ઈચ્છીએ તેટલી વાર વસિયતનામું બદલી શકાય છે. જે વસિયતનામું તારીખ પ્રમાણે છલ્લું બનાવ્યું હોય તે વસિયતનામું કાયદેસર અમલમાં આવે છે, તેના પહેલાં બનાવેલાં બધાં જ વસિયતનામા આપોઆપ રદબાદલ ઠરે છે તે સમજી લેવું જોઈએ.

જતીનભાઈ જેવા અનુભવી વેપારીએ વિલ કેમ ન બનાવ્યું એ આપણે જાણતા નથી,પણ એ વસિયતનામું ન બનાવીને એમણે જે ભૂલ કરી તે કોઈપણ વયસ્ક નાગરિકે ન કરવી જોઈએ. ફકત એક જતીનભાઈ જ વિલ ન બનાવીને પરિવાર માટે મુસીબત નોતરનાર નથી, બીજા કેટલાંયે પરિવાર વિલ ન હોવાને કારણે મુસીબતમાં મુકાયા છે, બરબાદ થયા છે. ભાંડરડા જિંદગીના લડતા રહ્યા છે તો આપણે સૌએ આપણા પરિવારના હિતાર્થે વિલ બનાવડાવી જ લેવું જોઈએ.■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## મારા લગભગ તમામ નાયક મારા પ્રેમમાં પડી જતા...!

(ભાગઃ ૮)

**નામઃ મુમતાઝ જહાન દહેલવી**
સમયઃ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળઃ બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમરઃ ૩૬ વર્ષ

છેલ્લા છ મહિનાથી સાવ ઘરમાં બંધ છું ત્યારે સમજાય છે કે મારો દિવસ કેટલો વ્યસ્ત રહેતો હતો... સવારે છ વાગ્યે ઊઠીને હું નવ વાગ્યે કોઈપણ સંજોગોમાં સેટ પર પહોંચી જતી. મારી સાથે મારી બહેન ચંચલ કે મધુર મોટેભાગે મારી સાથે આવતા. સેટ પર જઈને મેકઅપ કરીને, કપડાં પહેરીને હું તૈયાર રહેતી. એવું કહેવાતું કે મારી ગાડી સ્ટુડિયોમાં દાખલ થાય એ જોઈને લોકો પોતાની ઘડિયાળ મેળવતા. એક વાર ‘દુલારી’નું શુટિંગ ચાલતું હતું. મુંબઈમાં ભારે વરસાદ હતો. રસ્તાઓ બંધ, ટ્રેનો બંધ અને એ દરમિયાનમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયાં હતાં તેમ છતાં હું નવ વાગ્યે કરદાર સ્ટુડિયો પહોંચી ત્યારે ત્યાં કોઈ નહોતું. હાથમાં છત્રી લઈને દરવાન મારી ગાડી પાસે આવ્યો. એણે મારી સામે જે રીતે જોયું એ નજરે કદાચ મને પાગલ સમજી લીધી હતી! મેં હસીને એને કહ્યું, ‘કરદાર સાહેબને કહેજે કે અમે આવ્યાં હતાં... કોઈ નહોતું એટલે હું પાછી ગઈ!’ દેવ આનંદ, દિલીપ કુમાર અને ભારત ભૂષણ જેવા નાયક પણ મારે લીધે સમયસર આવતા થઈ જતા... નિર્માતા ક્યારેક મારે લીધે ફાયદામાં રહેતા! ઘણી વાર આ બધા નાયક એટલા માટે પણ વહેલા આવતા કે, શુટિંગ શરૂ થાય એ પહેલાં મારી સાથે થોડી વાતો થઈ શકે. હું જરાય અતિશયોક્તિ નથી કરતી કે નથી મારી બડાસ મારતી... પરંતુ, મારી સાથે કામ કરનારા લગભગ તમામ નાયક એક યા બીજા સમયે મારા પ્રેમમાં પડી જતા. જેમાં સૌથી પહેલાં પ્રેમનાથને યાદ કરવા પડે. અમે ‘આરામ’ના સેટ પર પહેલીવાર મળ્યાં. પ્રેમનાથ સતત મારી આગળ-પાછળ રહેતા. મારા અબ્બુને આ સમજાઈ ગયું હતું એટલે એમણે એક દિવસ મને કહ્યું, ‘આ પ્રેમનાથથી જરા દૂર રહેજે...’ આમ તો મેં હસીને વાત ટાળી દીધી હતી, પરંતુ એ રાજ કપૂરના સાળા હતા. ૧૯૫૦ સુધીમાં રાજ કપૂર સ્ટાર બની ચૂક્યા હતા. ‘અંદાઝ’ અને ‘બરસાત’ રિલીઝ થઈ ચૂકી હતી. પ્રેમનાથ પણ એક ઓળખ મેળવી ચૂક્યા હતા. મારા અબ્બુને સૌનો ડર લાગતો. પ્રેમનાથ પણ કંઈ અલગ નહોતા. અબ્બુએ એક દિવસ પ્રેમનાથને ખુલ્લી સૂચના આપી દીધી, ‘મુઝે મધુ કે આસપાસ તુમ્હારા મંડરાના અચ્છા નહીં લગતા.’ એ વખતે તો પ્રેમનાથ વાતને ગળી ગયા કારણ કે, એમને કોઈ મુદ્દો ઊભો કરવામાં રસ નહોતો. નવા કલાકાર તરીકે ફિલ્મ સારી બને એ માટે એ પૂરો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યાં સુધીમાં દિલીપ કુમારે પણ પોતાની એક ઓળખ ઉભી કરી હતી. નિર્માતા-નિર્દેશક રામ દરિયાનીએ મને અને યુસુફને લઈને એક ફિલ્મ એનાઉન્સ કરી, ‘તરાના’. આ પહેલાં અમે ‘જ્વારભાટા’માં સાથે કામ કરવાનાં હતાં, પરંતુ ‘જ્વારભાટા’માંથી મને કાઢી મૂકી. એટલે ‘તરાના’ અમારી પહેલી ફિલ્મ બની. એ જ વખતે દિલીપ કુમાર પોતે નિર્દેશન કરવાનો વિચાર કરવા લાગ્યા. એમણે ‘હરસિંગાર’ ફિલ્મની જાહેરાત કરી, પરંતુ ત્યાં સુધીમાં ‘તરાના’ રિલીઝ થઈ ગઈ. લોકોએ ખૂબ વખાણી. અનેક નિર્માતાઓ અમને સાથે લેવા પડાપડી કરવા લાગ્યા, પરંતુ મારા અબ્બુને સમજાઈ ગયું હતું કે, અત્યાર સુધી હું તમામ નાયકોની મજાક ઉડાવતી, પરંતુ યુસુફથી હું અભિભૂત થઈ ગઈ હતી. ‘તરાના’ના પ્રણય દૃશ્યો પ્રેક્ષકોને ખૂબ ગમ્યા કારણ કે એમાં એમને સચ્ચાઈ લાગી ને વાત ખોટી નહોતી. યુસુફ સાથે પ્રણય દૃશ્ય ભજવતી વખતે, એની આંખોમાં જોતાં જ હું ખોવાઈ ગઈ. કોણ જાણે મને શું થઈ જતું. અબ્બુ સમજી ગયા. એમણે યુસુફ સાથેની ફિલ્મોને તારીખ આપવામાં આનાકાની કરવા લાગી. અનુબંધના પૈસા વધારી દીધા, પરંતુ એ પછી એક ફિલ્મ ‘સંગદિલ’ રિલીઝ થઈ. એ પણ ખૂબ સફળ થઈ. યુસુફ સાથેની નિકટતા હવે માત્ર અબ્બુને નહીં, પત્રકારો અને સહકાર્યકરોને પણ દેખાવા લાગી હતી. મારા અનેક મિત્રો યુસુફને લઈને મારી મજાક કરતા. જોકે, યુસુફને મારે માટે આવી કોઈ લાગણી છે કે નહીં એવી મને ખબર નહોતી. એ ગાળામાં મહેબુબ ખાન એક વાર્તા લઈને આવ્યા, ‘અમર’. હીરોના નેગેટિવ શેડની આ વાર્તા યુસુફને ખૂબ ગમી. એણે આગ્રહ રાખ્યો કે આ ફિલ્મમાં હીરોઈન તરીકે મને જ લેવામાં આવે. વાર્તા ખૂબ સરસ હતી મને પણ બહુ ગમી હતી. અબ્બુએ પોતાની રીતે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ વાર્તાને કારણે મેં ફિલ્મ કરવાનું નક્કી કર્યું... અનુબંધની શરતોમાં પણ મેં બાંધછોડ કરવાની તૈયારી બતાવી. યુસુફની સાથે સમય પસાર કરવા મળે એ મારી પહેલી લાલચ હતી અને ફિલ્મ જબરજસ્ત વાર્તા ધરાવતી હતી એ પણ મહત્ત્વનું કારણ તો હતું જ. ‘અમર’માં એક નવી છોકરી ઈન્ટ્રોડ્યુસ થઈ, ‘નિમ્મી’. સેટ પર મારો દબદબો રહેતો. એકાદ-બેવાર મારા પિતાએ નિમ્મી સાથે અપમાનજનક વર્તન કર્યું. યુસુફે મારા પિતાને સીધી ચેતવણી આપી જેમાંથી વાત બગડી... ‘હરસિંગાર’ અભરાઈ પર ચડી ગઈ. એ દરમિયાન યુસુફ વાર્તામાં અને દિગ્દર્શનમાં ખૂબ ઈન્ટરફિયર કરવા લાગ્યો. મહેબુબ ખાનને ગમતું નહીં, પરંતુ યુસુફને કોઈ કશું કહી શકે એમ નહોતું. પરિસ્થિતિ એ હદે વણસી ગઈ કે, મહેબુબ ખાને સેટ પર બૂમ પાડીને કહેવું પડ્યું, ‘આ ફિલ્મનો દિગ્દર્શક હું છું...’ દિલીપ કુમારે કરેલા ફેરફારને કારણે ફિલ્મનો મૂળ વિચાર અટવાઈ ગયો અને ફિલ્મ બોક્સ ઓફિસ પર ડૂબી ગઈ. એ દરમિયાનમાં દિલીપ કુમાર ‘દેવદાસ’, ‘આઝાદ’, ‘ઈન્સાનિયત’ જેવી ફિલ્મો કરીને પોતાનો સિક્કો જમાવી દીધો હતો. અબ્બુ વધુ ચોકન્ના થઈ ગયા હતા. એમને ડર લાગતો હતો કે, યુસુફ મને નિકાહ કરવા મનાવી લેશે...

જીવનમાં કોઈ દિવસ રજા ન લેનારો માણસ છેક ચેન્નાઈથી દોઢ દિવસની રજા લઈને મારી સાથે ઈદ મનાવવા આવ્યા ત્યારે અબ્બુને ખાતરી થઈ ગઈ કે, પાણી માથા ઉપર જતું રહ્યું છે. એમણે યુસુફને એક કાગળ લખ્યો. જેમાં મારાથી દૂર રહેવાની કડક સૂચનાની સાથે સાથે જો એ નહીં માને તો પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપશે. દિલીપ કુમાર પણ સ્ટાર હતા. એમને માટે આ અપમાન ઓછું નહોતું, તેમ છતાં એમણે એક છેલ્લો પ્રયત્ન કરી જોવાનો નિર્ણય કર્યો. ‘ઢાકા કી મલમલ’નું શુટિંગ ચાલતું હતું. ફિલ્મના નિર્માતાને વિનંતી કરીને એમણે મારા અબ્બુને અડધો કલાક માટે બહાર મોકલ્યા. આમ તો યુસુફ આસપાસ હોય ત્યારે અબ્બુ ક્યાંય જાય જ નહીં, પરંતુ નિર્માતાના બહાના આગળ એમની દલીલ બહુ ચાલી નહીં એટલે એ કોઈ કામે બહાર ગયા... એ જ વખતે યુસુફે ઓમપ્રકાશને વિનંતી કરી કે, એ મારા મેકઅપ રૂમમાં આવે. મારા આશ્ચર્ય સાથે ઓમપ્રકાશ જ્યારે મેકઅપ રૂમમાં આવ્યા ત્યારે યુસુફે ધીમા અવાજે ઓમપ્રકાશને કહ્યું, ‘તમને એટલા માટે બોલાવ્યા છે કાલે ઉઠીને કોઈ મને બેવફા ન કહે. હું અત્યારે મધુને લગ્ન પ્રપોઝ કરું છું. મારે ઘરે કાઝી બોલાવ્યા છે. આજે અહીંથી એ જો મારી સાથે મારા ઘરે આવશે તો આ લગ્ન થશે.’ એમણે મારી સામે જોઈને પૂછ્યું, ‘શું જવાબ છે તારો?’ હું ખુરશીમાં બેઠી બૂત બની ગઈ હતી. આવી કોઈ પરિસ્થિતિ માટે હું તૈયાર નહોતી. નાનીમોટી વાતમાં અબ્બુને છેતરવાની મજા પડતી કે થ્રિલ હતી, પરંતુ ઘર છોડીને નીકળી જવાનો વિચાર મને કદી આવ્યો નહોતો. યુસુફની આ વાત મારે માટે અકલ્પ્ય હતી. હું ચૂપચાપ રડતી રડતી બેસી રહી. યુસુફે ત્રણ વખત પૂછ્યું, ‘તારો જવાબ શું છે?’ હું જવાબ આપી શકવાની સ્થિતિમાં જ નહોતી. મને એક હજાર વિચાર આવી ગયા... અબ્બુને છોડીને ચાલી જાઉં, તો ઘરનું શું થાય, કોણ કમાય? જો યુસુફ સાથે કોઈ દિવસ સંબંધ બગડે તો મારા ઈગોઈસ્ટિક પિતા મને ક્યારેય પાછી ઘરમાં નહીં આવવા દે એની મને ખાતરી હતી, એ સ્થિતિમાં મારું શું થાય... કારકિર્દીનું શું થાય? કારકિર્દી વગરની મધુબાલા કઈ રીતે જીવી શકે? મારી બધી કમાણી મારા પિતાના હસ્તક હતી. યુસુફ મને ફિલ્મોમાં કામ નહીં કરવા દે તો મારી જિંદગી કેવી રીતે ચાલે... આવા બધા સવાલોની વચ્ચે હું જવાબ ન આપી શકી. બસ ચૂપચાપ રડતી રહી. યુસુફે ત્રણ વાર પૂછ્યું અને પછી એણે કહી દીધું, ‘આપણો સંબંધ આજે પૂરો થાય છે. હવે પછી હું તારી પાસેથી કોઈ ‘ઉમ્મીદ’ નહીં રાખું કે તું પણ મારી પાસે કોઈ આશા નહીં રાખતી...’ ઓમપ્રકાશ બાઘાની જેમ ઊભા હતા. હું ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. યુસુફે છેલ્લીવાર મારી આંખોમાં જોયું, એ મેકઅપ રૂમની બહાર નીકળી ગયા! એ દિવસે અમે છેલ્લી વાર એકબીજા સાથે વાત કરી...

આજે, મૃત્યુની પ્રતિક્ષા કરી રહી છું ત્યારે યુસુફની પણ પ્રતિક્ષા છે! એક વાર એને મળવું છે. માફરત કરવી છે... પણ, એ નહીં આવે! ■



મધુબાલા – દિલીપ કુમાર

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## ગ્રૂપ બનાવી તો જુઓ...



‘રમલી, અમે તો પચ્ચીસ માળના હાઇરાઇઝમાં રહેવા આવ્યાં છીએ. મારો દીકરો શૅરબજારમાં એટલું કમાયો કે અમે તો છ બેડરૂમના એવા બે ફ્લેટ જ સામસામે લઈ લીધા. એક દીકરાનો ફ્લેટ A ટાવરમાં અને બીજા દીકરાનો ફ્લેટ B ટાવરમાં.

‘તે મીનકી, તેં લેતાં પે’લા વિચારેલું કે પછી એમ જ ફ્લેટ લેઈ પારયો? આજકાલ બધાં દેખાદેખીમાં દુનિયાભરનું લેઈ તો પારે (પાડે) પણ પછી પહતાયા કરે.’

‘તે રમલી, તું મને કાચી હમજે કે હું? ને મારા બેઉ રામ - લખન જેવા પોયરા જોયા કે? પાવરફુલ બુદ્ધિવારા. એમને એમ શૅરબજારમાં ડંકાની ચોટ પર હજારના કરોડ કરે ને કરોડોના અબજો હો થોરા દાડામાં કરહે. હમજી? તું મારાથી જલતી તો નથી ને? હવે તો મારે ખાટલેથી પાટલે જ છે. બે રસોઈવારા, બે કામવારા, બે ડ્રાઇવર, એક મસાજ કરવાવારી. બોલ રમલી, હરગ (સ્વર્ગ) જેવું હુખ (સુખ) છે. મારે તો હારી કોઈની નજર ની (નહીં) લાગી જાય તો હારું. (સારું) રમલી, અમારા ફ્લેટની અંદર જ કામવારા ને ડ્રાઇવરના હો નોખાં ઓરડા ઠેઠ ફ્લેટના નાકે. એક ઘંટડી મારો કે નોકર ચાકર હાજર હમજો.’

‘તેં મીનકી, તેં લેતાં પે’લા (પહેલાં) વિચારેલું કે પછી... આમ કરોડોના ફ્લેટ કરતાં જમીન હાથે બંગલા લેતે તો હારું પડતે. આ તો ધરતીકંપ આવહે તો દીવાહળીના ખોખા જેવા ફ્લેટ પડી જતાં વાર થોડી લાગવાની? મૂઆ આજકાલના કડિયા, મજૂર, સિમેન્ટ તો હાવ તકલાદી. બિલ્ડરનો સામાન હો નકલી.’

‘તે રમલી, મને હમજાય ગીયું કે તું હાવ જલેલી, બળેલી, અદેખી ને નિહાપિયણ છે. તારાથી મારું હુખ (સુખ) ની ખમાયું. ખરું ને? નીચે લોગ ઘટિયા સોચ.’

ફોન ફટ દઈને મુકાયો.

ગોસિપ ક્લબની પ્રમુખ એવી મીનકીથી રેવાયું ની. (રહેવાયું નહીં) એટલે ફોન જોડ્યો.

‘મીનકી, તે દાડે (દહાડે) ફોન પર એક વાત કરવાની તો રેઈ ગેયલી. અમારા A, B, C, D એમ ચાર ટાવર છે બોલ! એમાં અમારા ટાવરની બેનુંનું એક વ્હોટ્સ એપ ગ્રૂપ હો છે. કામવારી ગ્રૂપ છે અને એમાં હો હું પરમુખ છું. મળસ્કેથી મેસેજ ચાલુ થાય તે મોડી રાત હુધી મેસેજ પડે. કામવારી કલાક પરમાણે પૈહા લેય છે. કામવારી જરાક મોરી (મોડી) આવે કે મેસેજ પડે. :

‘આઠ વાગી ગીયા મીનાબેન, મંજુબેન વાહણ માંજવા નથી આયવાં. તમારે ત્યાં હોય તો જલદી મોકલો. મારે ત્યાં મહેમાન આવેલા છે.’

એટલે મારે જવાબ આપવાનો કે, ‘મારે ત્યાં નથી. જેને ત્યાં કામ કરતી હોય તે જલદી મોકલો.’ એવો મેસેજ છોરવો પરે. (છોડવો પડે) ને બધી કામવારી ઇ સ્કૂટર પર જ આવે. એક મારે જો હરગ જેવું હુખ છે. મારા તો ઘરમાં જ કામવારા રેઈ એટલે નિરાંત જીવ છે.’

‘તે મીનકી, તારે પરમુખ બનીને પારકી વોરવાની હું કામ? આખો દારો મેસેજ કરવાના હેલા થોરા છે?’

‘તે તને ની ખબર પડે. પરમુખ બને તો વટ પડે. હમજી? ને મારી કામવારી હાલી જાય તો ગ્રૂપવારી કામવારી કામ આવે તે જુદી. છોડ વાત. તને ની હમજાય. પરમુખ બનવામાં તારી - મારી કરવાની કેવી મજા પરે! આખો દાડો મેસેજ વાંચવાના અને જવાબ આપવામાં ચોવીસ કલાક હો ઓછા પરે છે. હમજી? ને રમલી, અમારા ટાવરમાં તો રોજ લગભગ પાંચ કામવારી ની આવે. બધી કરોડપતિઓ મારી સલાહ માગે કે કામવારીનું હું કરીએ? અને હું રમાબહેનની કામવારી શોભનાબેનને ત્યાં અને રેશમાબેનની કામવારી નેહાબેનને ત્યાં મોકલી આપું. કામવારી હો બધ્ધી પરમુખનું જ માને છે.’

‘જો મીનકી, આ વ્હોટ્સ એપ ગ્રૂપનો રોગ ઘરનું નખ્ખોદ વાળે છે. આપણને લોકોને કામવાળી સેટ કરી આપવાનું કામ કરી શું મળવાનું છે? એના કરતાં આપણે આપણા ઘર ઉપર જ ધ્યાન રાખીએ તો ઘર તો ચોખ્ખું રહે.’

‘તે રમલી, તું ની સુધરવાની! હાવ બળેલી ભાખરી જેવી જ છે.’

એમ બોલીને મીનકીએ ફોન પછાડ્યો. પછી મનમાં જ બોલી.

‘રમલી હાવ બળેલી ને જલેલી છે. મારું કામવારીનું હુખ એનાથી જોવાતું નથી. મારાં ગાડી, ફ્લેટ, નોકર-ચાકરના હુખ એનાથી જોવાતાં નથી.’

ત્યાં જ ડ્રાઇવરે બૂમ પાડી. ‘હેઠાણીજી, આપરી કામવારી ઘરમાં દેખાતી નથી અને રૂમમાં તપાસ કરી તો એનો માલ સામાન હો નથી કે નથી ફોન લેતી. પેલી બીજી હો કશે નથી દેખાતી. એનો સામાન હો નથી.’

મીનકીને પડી ફાળ! એ તો દોડતી છોકરાઓના રૂમમાં ગઈ. પછી યાદ આવ્યું કે બેઉ છોકરા વહુ બાળકો હાથે રાતના પ્લેનમાં ફરવા ગયાં છે અને ત્યાં જ છોકરાનો કબાટ ને અંદરનું લોકર ખુલ્લું પડ્યું હતું. બાજુના બીજા દીકરાના ઓરડામાં પણ બધા કબાટ ખુલ્લા અને ઝવેરાત, પૈસા બધું જ ગાયબ હતું.

મળસકે વહુ પોયરા ફરવા ગયાં, ત્યારના પરમુખ મીનકીબહેન ઉર્ફે મીનાબહેન, કામવાળા ગ્રૂપમાં કોની કામવાળી નથી આવવાની અને કોની કામવાળી આવવાની છે, કઈ કામવાળી કોને ત્યાં કેટલા વાગ્યે, કેટલો એક્સ્ટ્રા ચાર્જ લઈને કામ કરશે એવા મેસેજ છોડવામાં વ્યસ્ત હતાં અને કામવાળા હેઠ-હેઠાણી ને એમના પોયરાઓને બાય બાય કરીને હારી રીતે સોના- ચાંદી અને રોકડની હાથ સફાઈ કરીને રામ જાણે ક્યાં ભાગી ગયાં હશે! તે સાંજ સુધી પોલીસ કેસ અને પોલીસની પૂછપરછ. ‘છોકરા ક્યાં ગયા છે એ પણ ખબર નથી? એ તો કેમ ચાલે માજી. એ તો સારું છે કે તમારું ગળું દબાવી નથી દીધું. નહીં તો તમારું પણ રામ જાણે શું થાત!’

એ સાથે જ પરમુખ મીનાબેન બોલ્યાં, ’હાચું કેવ? (કહું) એ તો હું પોયરા ગીયા પછી મારા રૂમનું બારણું અંદરથી બંધ કરીને મારો પરમુખ ધરમ નિભાવતી હતી એટલે બચી ગઈ. હે ભગવાન! હું પરોપકારનું કામ કરતી હતી (કામવાળી પ્રોવાઇડ કરવાનું) એટલે તેં મને બચાવી લીધી. મૂઆ, પોયરા હો કેવાં છે! મોબાઇલ બંધ કરીને બેઠાં છે. ઇન્સ્પેક્ટર સાહેબ, આજકાલનાં પોયરા કેટલાં બેદરકાર છે? ક્યાં જાય છે એ તો માને કેઈને જવું જોઈએ ને...? આપરે કંઈ નવરાં થોડાં છીએ? આપરે હો હજાર કામ હોય. ખરું ને?’

ઇન્સ્પેક્ટર બોલે તો હું બોલે! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## લાગણી ને લક્ષ્ય... એક નાવના બે પ્રવાસી

**આંખના** પલકારામાં સમય બદલાય જાય. હજુ નાનપણની નિર્દોષતાને સરખું ‘આવજો’ ના કર્યું હોય ત્યાં ટીનએજ પણ ‘ટાટા બાય-બાય’ કરી દે. તરુણાવસ્થાનું ભારણ ઉતરતાં વેંત એ સમજાય જાય કે તમે હવે એડલ્ટ છો. એક જવાબદાર યુવાન, જેનાથી સમયે એનું બાળપણ હંમેશ માટે છીનવી લીધું છે.

બારમું ધોરણ પૂરું થવા આવ્યું. શ્રીજા અને ઈશાન હવે અલગ ઝોનમાં પ્રવેશ્યા. કોલેજ એપ્લિકેશન્સ, એન્ટ્રાન્સ એક્ઝામ, કેરિયર કન્ફ્યુઝન સાથે યુવાવસ્થાએ જિંદગીમાં નવો અડ્ડો જમાવ્યો. પરિપક્વતા પણ એમની વચ્ચે કોઈ ઔપચારિક અનાઉન્સમેન્ટ વગર આવી ગયેલી. ધીમે-ધીમે, શાંતિથી ખૂબ સહજતાપૂર્વક મેચ્યોરિટીએ એમના સંબંધમાં પોતાના ડગ માંડેલા.

એક સાંજે બંને લાઈબ્રેરી બહાર બેઠા હતા. પુસ્તકો કરતાં નિર્ણયોનો ભાર આજે વધુ લાગતો હતો. ઈશાન વેબસાઈટ પર વિકલ્પો તપાસી રહેલો. કમ્પ્યુટર સાયન્સ, ડેટા એનાલિસ્ટ, એન્જિનિયરિંગ વગેરે તો શ્રીજા સાહિત્ય, સાયકોલોજી, માસ કમ્યુનિકેશન જેવા કોર્સની વિગતો જોઈ રહી હતી. બહુ અલગ હતા એ બંને. તેમ છતાં જોડાયેલાં. ઈશાને પૂછ્યું, ‘સો, યુ રિયલી ડોન્ટ વોન્ટ ટુ ગો ફોર અપલાય્ડ સાયન્સ?’

શ્રીજા હસીને બોલી :

‘ના, મને નથી લાગતું કે હું વિજ્ઞાન માટે કે વિજ્ઞાન મારા માટે બનેલું હોય.’

બંને હસ્યાં, પરંતુ અંદરથી એમને ખ્યાલ હતો કે, એમના રસ્તાઓ હવે અલગ થઈ રહ્યાં છે. લાગણીઓ થકી નહીં, પરંતુ વ્યવહારિક રીતે એમની દિશાઓ બદલાય રહી છે.

ઈશાને થોડાં ખચકાટ સાથે પૂછ્યું : ‘શું તને ગમશે કે આપણે અલગ અલગ શહેરમાં રહીશું?’

શ્રીજા મૌન રહી. એની આંખોમાં મિશ્ર ભાવ ઊમટી આવ્યા. એક તરફ કારકિર્દી બનાવવાની તાલાવેલી છે તો બીજી તરફ ઈશાન તરફની લાગણીઓ ઉછાળા મારે છે. હજુ હમણાં સુધી કોઈ શ્રીજાને પૂછે તો એણે ચોક્કસ ઈશાનની સાથે જવાનું નક્કી કર્યું હોત, પણ આજે સમય જુદો છે. તરુણાવસ્થા એના છેલ્લા ચરણમાં થોડી સમજણના અમી છાંટણા કરી ગઈ હોય એમ શ્રીજા બોલી :



‘આપણા સંબંધને ટકાવી રાખવા એક જ જગ્યાએ જડ બની રહેવું યોગ્ય નથી. જો એવું હોય તો હું જે વિચારુ છું એવો આપણો સંબંધ નથી કદાચ!’

ઈશાન આભો બની ગયો. અત્યાર સુધી એણે શ્રીજાને સખ્ત ઈમ્પલ્સીવ થતાં જોયેલી. ખાસ કરીને ઈશાનનું નામ પડે ત્યાં તો એ વધુ આવેશમાં આવી જતી, પરંતુ આજે શ્રીજાના મોં એ આવી વાતો સાંભળી એને સુખદ આંચકો લાગ્યો. એ શ્રીજાના વિચારોથી ઈમ્પ્રેસ થઈ ઊઠ્યો :

‘હમ્મ.. હમ્મ, ગ્રોન અપ ગર્લ. તું તો મોટી થઈ ગઈ.’ ઈશાને ચીડવતાં કહ્યું.

‘તું તો પહેલાથી જ મોટો હતો’ શ્રીજાએ ધબ્બો મારતાં કહ્યું.

પ્રેમ સરળ હોવો જોઈએ, જેમાં કોઈ પણ સમયે અલગ થવાં પર કંઈક છૂટી જવાનો ભાવ મનમાં ન આવે.પ્રેમ એ જીવનનું અંતિમ ધ્યેય નથી હોતું. એ કોઈના માટે વ્યક્તિગત સફળતાની ખુશીનું કારણ પણ હોય છે. કદાચ એટલે જ ઘણા પ્રતિભાશાળી અને સફળ લોકો સંબંધને બદલે કારકિર્દી પર પસંદગી ઢોળે છે. આ પ્રકારની ઘણી વાતો એ બંને વચ્ચે આખી સાંજ ચાલી.

કદાચ આજની વાતચીતમાં પહેલીવાર કોઈ ચાઈલ્ડીશ રોમાન્સ નહોતો, પણ સમજદારી હતી.

થોડાં અઠવાડિયા પછી રિઝલ્ટ આવ્યાં . શ્રીજા હ્યુમાનિટીઝ વિષયોમાં ઝળહળી તો ઈશાન સાયન્સ સબજેક્ટમાં ઝળકી ઊઠ્યો. આગળ શું કરવું એ માટે અનેક મંતવ્યો આવવાના ચાલું થયાં. ટીચર્સ, પેરેન્ટ્સ, રિલેટીવ્ઝ, ફ્રેન્ડ્સ દરેક પાસે સલાહ-સૂચનોનો ભંડાર હતો. કારકિર્દીની પસંદગી એ જાણે જાહેર વિષય હોય એમ દરેક પાસે એક જ વાત રહેતી : હવે શું કરવાના છો? પણ શ્રીજા મક્કમ હતી ને ઈશાન મજબૂત. તરુણાવસ્થાના છેલ્લા પડાવે એ શાંત રહેતા થોડું શીખેલા.

અંતે એમણે ધારેલું પાર પાડ્યું. ઈશાન ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં દાખલ થયો અને શ્રીજા ઈન્ટરનેશનલ પોલિટિક્સમાં. અને ધાર્યા મુજબ જ બંનેના શહેરો અલગ થવાના હતાં. જોત-જોતામાં એડમિશન પ્રક્રિયાઓ પૂરી થઈ ગઈ. ઈશાનના જવાનો દિવસ આવ્યો. અને...

...અને એમની વચ્ચે આજે શબ્દોના બદલે મૌન બેઠું. આમ દુઃખ પમાડનારે એવું નહીં, પણ પોતાની હાજરી પૂરાવે એવું.

‘સો, ફાયનલી આપણે આમ હવે રોજ નહીં મળી શકીએ’ ઈશાને ધીમેથી થોડાં કન્સર્ન સાથે કહ્યું :

‘હા, આપણો ગ્રોથ થશે. ભલે અલગ જગ્યાઓ પર, પણ વી વીલ બી સક્સેસફૂલ’. શ્રીજા જાણે ઈશાનની સાથોસાથ જાતને સમજાવતી હોય એમ બોલી.

‘‘હું માનતો હતા એના કરતાં તું વધારે મજબૂત નીકળી શ્રીજા’, કહેતો ઈશાન એને ભેટી પડ્યો. આંખોમાં ઝળઝળિયા હતાં તોય શ્રીજાના બત્રીસે કોઠે દીવા ઝગી ઊઠ્યાં. એક ગર્વિષ્ઠ સ્મિત થકી હોઠ મલકાયા. આંખ મીંચી ઈશાનની હૂંફ અનુભવતા એ બોલી :

‘યુ આર માય સેફેસ્ટ પ્લેસ....એક એવી જગ્યા જ્યાં હું સુરક્ષિત છું. તને ખબર છે? વી વીલ ઓલ્વેઝ બી ટુગેધર.’

કોઈ નૌટંકી નહીં, કોઈ વચનો નહીં, કોઈ હો-હા વગર એ બે યુવા હૃદય ભવિષ્યનાં સપનાં સેવતાં અલગ દિશાઓ તરફ ફંટાયા. કારણકે, એમણે કેળવેલી પુખ્તતા અને સમજદારી એ સમજવા માટે પૂરતી હતી કે,

You can chase your dream. You can chase your love.

But sometimes you can't have both ' ■

ફોકસ

અજય મોતીવાલા
feedback.ladki@bombaysamachar.com

# સંઘર્ષ પછીની સર્વોચ્ચ સિદ્ધિ



## દેશનાં ગામડાઓમાંથી ક્રિકેટના ઉચ્ચ સ્તર સુધી પહોંચીને મહિલાઓના સૌપ્રથમ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતી લાવનાર ભારતીય ટીમની ગૌરવ ગાથા ભાવુક કરી મૂકે એવી છે

મહિલા સશક્તિકરણનો યુગ ચાલે છે, પુરુષોથી મહિલાઓ કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી અને એમાં હવે તો ક્રિકેટ પણ બાકાત નથી. જુઓને, ૨૦૨૪માં ભારતના પુરુષ ક્રિકેટરો કુલ ચોથો વર્લ્ડ કપ જીત્યા તો ૨૦૨૫માં આપણી મહિલા ક્રિકેટરોએ સપાટો બોલાવી દીધો. બીજી નવેમ્બરે નવી મુંબઈમાં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમ પહેલી વખત વન-ડેનો વર્લ્ડ કપ જીતી તો ૨૩મી નવેમ્બરે મહિલાઓ માટે પહેલી જ વાર યોજાયેલો ટી-૨૦ વર્લ્ડ કપ ફૉર ધ બ્લાઇન્ડની ટ્રોફી ભારતની મહિલા ટીમે જીતીને સનસનાટી મચાવી દીધી હતી.

વર્ષોથી કરોડો રૂપિયાના વરસતા વરસાદમાં રમતા પુરુષ ખેલાડીઓ વિશ્વ કપની ટ્રોફી જીતે કે પછી લાખો ને કરોડો રૂપિયાની વાર્ષિક ફી તથા મહેનતાણું મેળવનાર મહિલા ક્રિકેટરો વર્લ્ડ કપનો તાજ જીતે, એ દેશ માટે મોટું ગૌરવ જ કહેવાય, પરંતુ જોઈ ન શક્તી મહિલા ખેલાડીઓની ભારતીય ટીમે તાજેતરમાં જે સ્થિતિમાં વર્લ્ડ કપની ટ્રોફી હાંસલ કરી છે એ બદલ તેમને દાદ દેવી પડે. સૅલ્યૂટ છે ભારતની મહિલાઓની બ્લાઇન્ડ વર્લ્ડ કપ ટીમને. દેશના મોટા શહેર કે નગરમાંથી નહીં, પણ ગામડાઓમાંથી ક્રિકેટના ક્ષેત્રે આગળ આવેલી આ ખેલાડીઓ જોઈ નથી શક્તી (ટીમમાં કેટલીક આંશિક દૃષ્ટિ ધરાવતી ખેલાડીઓનો પણ સમાવેશ છે), પરંતુ હરીફ ટીમોને તેઓ પોતાની તાકાત બતાવીને ભારત પાછી આવી છે. તેમણે ક્રિકેટ જગતને પોતાનામાં રહેલી ક્રિકેટની સુપર ટૅલન્ટ દેખાડી દીધી છે અને આ દીકરીઓએ દેશની ૧૪૦ કરોડની જનતા સમક્ષ વર્લ્ડ કપની બહુમૂલ્ય ટ્રોફી જીતી બતાડી છે. તેમણે પોતાના પ્રત્યે ખોટા અભિગમ રાખનારાઓને દિવ્ય દૃષ્ટિ દેખાડી છે.

શ્રીલંકામાં આયોજિત મહિલાઓ માટેના બ્લાઇન્ડ વર્લ્ડ કપમાં કર્ણાટકની દીપિકા ટી. સી.ની કૅપ્ટન્સીમાં અને મહારાષ્ટ્રની ગંગા કદમની વાઇસ-કૅપ્ટન્સીમાં રમનાર ભારતીય ટીમ આખી ટૂર્નામેન્ટમાં અપરાજિત રહી હતી અને ફાઇનલમાં નેપાળને સાત વિકેટે માત આપતાં જ તેમણે સૌપ્રથમ વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયન બન્યાનું સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું. ભારતના પુરુષો પાંચ-પાંચ બ્લાઇન્ડ વર્લ્ડ કપ જીત્યા છે, જ્યારે મહિલા વર્ગમાં આ પહેલી જ વિશ્વ કપ ટ્રોફી છે. વર્લ્ડ ચૅમ્પિયન ટીમની વાઇસ-કૅપ્ટન ગંગા કદમ 'મુંબઈ સમાચાર'ને કહે છે, 'મેં વર્ષો પહેલાં ક્રિકેટ રમવાની શરૂઆત કરી ત્યારે લોકો ટોણા મારતાં કે છોકરી ક્રિકેટ રમીને શું ઉકાળશે? માત્ર ટાઇમપાસ કરે છે. ક્રિકેટમાં સમય બગાડવા કરતાં ભણવા પર ધ્યાન આપ. મારી જેમ મારી સાથી ખેલાડીઓ પણ તેમના રાજ્યમાં આવી ટકોર સાંભળી ચૂકી હતી. જોકે હવે જ્યારે હું અને મારી સાથી ખેલાડીઓ વર્લ્ડ કપ જીતી તેમ જ અમે સ્વદેશ પાછાં આવ્યાં ત્યારે ખાસ મુલાકાત દરમ્યાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમારી ભરપૂર પ્રશંસા કરી એટલે (ભૂતકાળમાં અમને ટકોર કરનારા) લોકોને સમજાઈ ગયું છે કે અમારા પ્રત્યેનો તેમનો અભિગમ ખોટો હતો. પહેલાં અમને અમારા ગામમાં બહુ ઓછા લોકો ઓળખતા, પણ હવે એકેએક જણ અમારા વખાણ કરી રહ્યા છે. અમને આશા છે કે હવે અમને વધુ આંતરરાષ્ટ્રીય મૅચો રમવા મળશે કે જેથી અમે એમાં પણ અમારી ટૅલન્ટ અને ક્ષમતા બતાવી શકીએ.'

૧૬થી ૨૯ વર્ષના વયજૂથની ભારતની તમામ ચૅમ્પિયન ખેલાડીઓ ખૂબ સાધારણ પરિવારની હતી અને એમાંની કેટલીક પ્લેયર તો એવા ગરીબ ફૅમિલીની છે કે જેમના પરિવારજનો રોજ બે ટાઇમ ભોજન પણ નથી કરી શકતા. કોઈક ખેતમજૂરની દીકરી છે તો કોઈક દૈનિક વેતન પર કમાઈને પરિવારનું ગુજરાન ચલાવતા પિતાની પુત્રી છે. મોટા ભાગની પ્લેયર્સ હૉસ્ટેલમાં રહે છે અને ભણવાનું થોડો સમય બાજુ પર રાખીને ક્રિકેટની પ્રૅક્ટિસ કર્યા બાદ સર્વોત્તમ ટ્રોફી જીતી લાવી છે. મહારાષ્ટ્ર, બિહાર, મધ્ય પ્રદેશ, કર્ણાટક, જમ્મુ-કાશ્મીર, આંધ્ર પ્રદેશ, આસામ, ઓડિશા અને રાજસ્થાનમાંથી વર્લ્ડ કપમાં રમવા જનાર ખેલાડીઓને ક્રિકેટ ઍસોસિયેશન ફૉર ધ બ્લાઇન્ડ ઇન ઇન્ડિયાના ચૅરમૅન ડૉ. મહંતેશ જી. કિવાડાસન્નવાર તથા તેમની ટીમનો, મૅનેજર શિખા શેટ્ટીનો તથા રાજ્ય-સ્તરીય બ્લાઇન્ડ ઍસોસિયેશન્સનો તેમ જ સમર્થનમ સ્કૂલની ટીમનો ભરપૂર નૈતિક ટેકો અને પ્રોત્સાહન મળ્યાં હતાં.



વિજેતા મહિલા ટીમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સન્માન કર્યું હતું અને તેમને મીઠાઈ ખવડાવીને તેમની વિરલ સિદ્ધિને બિરદાવી હતી.

### બ્લાઇન્ડ ચૅમ્પિયન ખેલાડીઓ મોટા રોકડ ઇનામોની વર્ષાથી વંચિત

મહિલાઓ માટે પહેલી જ વખત બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો અને એ ભારતે જીતી લીધો છે. યાદ છે ને, ૨૦૦૭માં પહેલી જ વાર મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ રમાયો હતો જે ભારતે એમએસ ધોનીના સુકાનમાં જીતી લીધો હતો. વિમેન્સ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપ માટે કુલ નવ રાજ્યમાંથી ખેલાડીઓ શ્રીલંકા રમવા ગઈ હતી જેમાંથી આંગળીને વેઢે ગણાય એટલા જ રાજ્યની સરકારે પોતાના રાજ્યની વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડી માટે ૧૦થી ૧૨ લાખ રૂપિયાનું રોકડ ઇનામ, ઘર તેમ જ સરકારી નોકરીની જાહેરાત કરી છે. હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં વર્લ્ડ કપ જીતનારી ભારતની મુખ્ય મહિલા ટીમ પર કરોડો રૂપિયા (કુલ અંદાજે ૯૦ કરોડ રૂપિયાના રોકડ ઇનામ)ની વર્ષા થઈ એના ૧૦ ટકા ભાગનું પણ ઇનામ દેશની બ્લાઇન્ડ વર્લ્ડ કપ વિજેતા મહિલા ટીમને નથી મળ્યું. જોકે તેઓ મોટા રોકડ ઇનામ ડિઝર્વ કરે જ છે.

### ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ

દીપિકા ટી. સી. (કૅપ્ટન), ગંગા કદમ (વાઇસ-કૅપ્ટન), દુર્ગા યેવલે (વિકેટકીપર), જમુના રાની ટુડુ, કરુણા, અનુ કુમારી, ફુલા સરેન, સિમુ દાસ, અનેખા દેવી, બસંતી હંસદા, સુનીતા શ્રાઠે અને કાવ્યા વી.



ભારતીય ટીમની વાઇસ-કૅપ્ટન મહારાષ્ટ્રની ગંગા કદમ

## મહારાષ્ટ્રની ગંગા કદમે સદ્ગત પિતાનું સપનું પૂરું કર્યું, તે પણ છે મોટા ઈનામની હકદાર

ભારતીય વર્લ્ડ ચૅમ્પિયન મહિલા બ્લાઇન્ડ ટી-૨૦ ટીમની ઉપ-સુકાની ગંગા કદમ જીવનમાં જે સંઘર્ષ કરીને વર્લ્ડ કપની ટ્રોફી સુધી પહોંચી એની કથા કોઈને પણ ભાવુક કરી દે એવી અને પ્રેરણાત્મક છે. ખેડૂત પરિવારની ૨૬ વર્ષીય ગંગા સંભાજી કદમે નાનપણમાં જ આંશિક દૃષ્ટિ ગુમાવી દીધી હતી. હિંગોલી જિલ્લામાં જન્મેલી અને સોલાપુરમાં ભણેલી ગંગા કદમ પૉલિટિકલ સાયન્સનું ભણે છે. તે માસ્ટર્સની ડિગ્રી બાદ પોસ્ટ ગ્રૅજ્યૂએશન કરી રહી છે. વર્લ્ડ કપ માટે તેણે ભણવાનું થોડો સમય બાજુ પર રાખીને પ્રૅક્ટિસમાં તનતોડ મહેનત કરી હતી. સોલાપુરની હૉસ્ટેલમાં રહીને પણ ક્રિકેટ જગત સાથે ગજબનું કનેક્શન રાખનાર ગંગાએ વર્લ્ડ કપના ચાર મહિના પહેલાં મોટો આઘાત સહન કરવો પડ્યો હતો. 'મુંબઈ સમાચાર' સાથેની વાતચીતમાં તેણે કહ્યું કે તે દુઃખદ સમયમાં પણ ડગમગી નહોતી અને વર્લ્ડ કપ જીતવાનું લક્ષ્ય સતતપણે ધ્યાનમાં રાખ્યું હતું. વર્લ્ડ કપના ચાર મહિના પહેલાં ગંગાના પિતા સંભાજી કદમ ગંભીર રીતે બીમાર પડી જતાં ગંગા તેમની પાસે દોડી ગઈ હતી અને ક્રિકેટની પ્રૅક્ટિસ છોડીને સતત તેમના પડખે રહેવા મક્કમ બની હતી. જોકે પુત્રીએ વર્લ્ડ કપની ટ્રોફી જીતવાનું લક્ષ્ય ન છોડવું જોઈએ અને તેમનું એ સપનું હતું એટલે તેમણે (પિતાએ) પુત્રીને પ્રૅક્ટિસ ચાલુ રાખવાની સલાહ આપી હતી. ગંગાએ ઘરેથી વિદાય લીધી અને બીજા જ દિવસે તેના પિતાનું દેહાંત થયું હતું. ગંગા આઘાતમાં ડૂબી ગઈ હતી અને ક્રિકેટની પ્રૅક્ટિસ છોડવાનો વિચાર કર્યો હતો. જોકે તેને તેના પર્સનલ કોચે કહ્યું, 'તું પ્રૅક્ટિસ છોડીશ તો તારા સ્વર્ગવાસી પિતાને દુઃખ થશે એટલે પ્રૅક્ટિસ ન છોડ અને વર્લ્ડ કપની ટ્રોફી જીતીને પિતાનું સપનું સાકાર કર.' ગંગાએ એ તબક્કે પ્રણ લીધું કે હવે તો હું વર્લ્ડ કપની ટ્રોફી જીત્યા પછી જ ઘરે પાછી જઈશ. ગંગાએ પપ્પાનું સપનું પૂરું કર્યું અને હિંગોલી જિલ્લાને તેમ જ સોલાપુરને, સમગ્ર મહારાષ્ટ્રને અને દેશને ગૌરવ અપાવ્યું. આ વિરલ સિદ્ધિ છતાં ગંગાની હજી મહારાષ્ટ્ર રાજ્ય તરફથી મોટા ઇનામ સાથે નવાજેશ નથી થઈ જેની તે નૈતિક રીતે હકદાર છે. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# લગ્નગાળામાં તમે શું પહેરશો?



હાલમાં લગ્ન ગાળો ચાલી રહ્યો છે. જેટલી લગ્ન કરનારી યુવતી ઉત્સાહી હોય છે તેટલી જ તેની બહેનપણી અને બીજા પરિવારના સભ્યો પણ ઉત્સાહી હોય છે. ખાસ ઉત્સાહ કપડાને લઈને હોય છે. બ્રાઈડની બહેનપણીઓ લગ્નમાં સાડી પહેરવાનું વિચારે છે. સાડી ભલે ફેન્સી ન હોય, પરંતુ બ્લાઉઝ હેવી હોય છે. આજકાલની યુવતીઓને ટિપિકલ કપડાં નથી પહેરવા. કૈક હટકે પહેરવું છે, પરંતુ થોડો ટ્રેડિશનલ લૂક પણ હોવો જોઈએ. તમે કેટલી વખત નવા કપડાં કરાવશો જૂના કપડાં આજે સારા છે તેને વાપરી શકાય. જો તમને ફેશન સેન્સ હોય તો તમે તમારા કપડાને વારંવાર અલગ અલગ રીતે પહેરી શકો. ચાલો જાણીયે આ લગ્નની સિઝનમાં કઈ રીતે હટકે લાગી શકાય.

હલ્દી- આજકાલ એવો ટ્રેન્ડ ચાલે છે કે , હલ્દીમાં માત્ર યેલ્લો કલરના જ કપડાં પહેરવામાં આવે છે, પરંતુ હવે યુવતીઓ માત્ર યલ્લો કલર જ નથી પહેરતી. યલ્લો સાથે રાખી તેની સાથે કોન્ટ્રાસ્ટ કલરમાં કપડાં પહેરે છે. જેમકે, યલ્લો કલરનો ચણિયો અને તેની સાથે રાણી કલરનું શોર્ટ બ્લાઉઝ અથવા તો યલ્લો કલરના ચણિયા સાથે રોયલ બ્લુ લુઝ ટોપ પહેરી શકાય. તમારી હાઈટ બોડી અને સ્કિન ટોનને આધારે તમે આ ડ્રેસની સ્ટાઇલિંગ વિચારી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો, આખો યલ્લો કલરનો ડ્રેસ ન પહેરવો. યલ્લો કલરથી વધારે જાડા લાગશો. ઓવર ઓલ લૂક બ્રેક કરવા માટે કોઈ કોન્ટ્રાસ્ટ કલરનો ઉપયોગ કરવો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે એ કોઈ પણ કલર કોમ્બિનેશન આસાનીથી કેરી કરી શકશો. હલ્દી માટે તમે ચણિયા સાથે શોર્ટ ટોપ કે શર્ટ ટાઈપનું ટોપ પહેરી શકાયો અથવા તો, ફલેરી પ્લાઝો સાથે પેપ્લમ ટોપ. હલદીમાં એવો ડ્રેસ પહેરવો કે જેમાં દુપટ્ટા ન હોય.

સંગીત - સંગીતમાં પહેરવા માટે ઘણા ઓપ્શન છે. સંગીત એ એવો પ્રસંગ છે કે જેમાં બધી જ વયના લોકો એન્જોય કરે છે. સંગીતમાં તમે કોઈ ટ્રેન્ડ ન પણ ફોલો કરો તો ચાલે અથવા તો કોઈ એક થીમ નક્કી કરો તો પણ ચાલે. સંગીતમાં જેટલા ટ્રેન્ડી કપડાં પહેરશો તેટલા જ સ્ટાઈલિશ લાગશો. ચણિયા સાથે હોલ્ટર બ્લાઉઝ અને કોન્ટ્રાસ્ટ દુપટ્ટો કે પછી શરારા. હાલમાં અલગ અલગ સ્ટાઇલના બ્લાઉઝ ખૂબ જ ફેશનમાં છે. કલોઝ નેકવાળા બ્લાઉઝ એક રોયલ લૂક આપે છે. જો તમારું શરીર ભરેલું હોય તો કલોઝ નેકવાળા બ્લાઉઝ પહેરવા નહીં, તમારા શોલ્ડર અને હાથ વધારે હેવી લાગશે. જામેવાર પેન્ટ સાથે બેકલેસ ચોળી પણ પહેરી શકાય. ચોળી ન પહેરવી હોય તો, જેકેટ પણ પહેરી શકાય. તમારી હાઈટ અને બોડી હિસાબે તમે જેકેટના વર્ક અને લંબાઈની પસંદગી કરી શકો. જો તમને ચણિયા ચોળી, પ્લાઝો કે શરારા ન પહેરવા હોય તો તમે ગાઉન પણ પહેરી શકો. ગાઉનમાં ઘણી વેરાઈટી આવે છે. તમારી હાઈટ બોડી અનુસાર તમે ગાઉનની પસંદગી કરી શકો. ગાઉનમાં ફ્રી રહેવાય છે. દુપટ્ટાની મગજમારી નથી હોતી. ધ્યાન એટલું જ રાખવું કે તમારી હાઈટ મુજબ ગાઉનની લંબાઈ ઓછી કરાવી નાખવી. ગાઉન ક્યારેય પણ આઉટ ઑફ ફેશન થતી નથી. જો તમને કોઈ મલ્ટીપર્પઝ પહેરવું હોય તો, પ્લેન ગાઉન લઈ તેની પર ટ્રાન્સપેરન્ટ લોન્ગ જેકેટ કરાવવું. ક્યારેક જેકેટ ઓપન રાખી શકાય. તો બીજી કોઈ ઇવેન્ટ માટે જેકેટને કમર પર બંધ કરી તેની પર ગોલ્ડન કે સિલ્વર બેલ્ટ પહેરી લેવો. બેલ્ટની પસંદગી તમારી આઉટફિટ મુજબ અને તમારી બોડી ટાઈપને આધારે કરવો. હન્ડવર્ક કરેલા પણ બેલ્ટ આવે છે. તમે ઇવેન્ટને અનુરૂપ વર્કવાળા બેલ્ટની પસંદગી કરી શકો. આ જે લોન્ગ જેકેટ છે તે તમે કોઈ બીજા ડ્રેસ સાથે પણ મિક્સ ઍન્ડ મેચ કરી પહેરી શકો.



ઘરેણાં અને એક્સેસરીઝ - હવેના સમયમાં કોઈ સાચ્ચા સોનાના દાગીના પહેરતા નથી. દરેક સ્ત્રીને એવું જ હોય છે કે, મારા ઘરેણાં અને કપડાં રિપીટ ન થાય. ફરી પહેરવા પડે એનો વાંધો નથી, પરંતુ તેજ પરિવારજનો અને મિત્રોમાં એ લૂક પાછો રિપીટ ન થવા જોઈએ. તેથી જ સ્ત્રીઓ હવે સ્માર્ટ ઓપ્શન અપનાવે છે કે, પોતાના કપડાને અનુરૂપ દાગીનાની પસંદગી કરે છે. આજકાલ એટલી નવી નવી વેરાઈટી આવે છે કે તમે તમારા બધી જ ટાઈપના કપડાં સાથે દાગીનાનું મિક્સ ઍન્ડ મેચ કરી શકો. લગ્નના અલગ અલગ પ્રસંગમાં જે એક્સેસરીઝ પહેરવામાં આવે છે તે તમે ભાડેથી પણ લઇ શકો છો જેમકે, હેરમાં લગાડવામાં આવતા હેર બ્રોંચીસ કે પછી કપડાં પહેરવામાં આવતા બ્રોંચીસ કે હેંગિંગ કે પછી હેર ઍક્સટેંશન, નેલ એક્સેસરીઝ વગેરે વગેરે. પ્રસંગને અનુરૂપ જે કલચ વાપરો છે તે હંમેશાં ગોલ્ડન, સિલ્વર કે કોપર કલરમાં હોવું જ જોઈએ. આ કલર્સ ક્યારેય પણ આઉટ ઑફ ફેશન થતા નથી અને આ ટ્રેકલર મોટા ભાગે વેડિંગ ફંક્શનમાં સારા જ લાગે છે. તેવી જ રીતે ફુટ વેર પણ ગોલ્ડન, સિલ્વર અને કોપર કલરમાં હોવા જ જોઈએ જેથી કરી કોઈ પણ આઉટફિટ સાથે મિક્સ ઍન્ડ મેચ કરીશ શકાય. તમારી હાઈટ અને આઉટફિટને આધારે ફ્લેટ ચપ્પલ કે હિલવાળા ચપ્પલ પહેરવા. ■

# શરીર સ્વસ્થ તો ત્વચા પણ સ્વસ્થ: સુંદરતા એ અંતરમનમાં છુપાયેલી છે

વિશેષ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com



મુંબઈ સમાચાર પત્રની લોકપ્રિય પૂર્તિ 'લાડલી'ની વ્હાલી વાચક બહેનો! સૌને વિદિત હશે કે ત્વચા એ આપણા શરીરનું મોટામાં મોટું અવયવ છે.

- શરીરમાં પેદા થતો નકામો કચરો છિદ્રો દ્વારા બહાર કાઢી શરીરને તંદુરસ્ત રાખવું એ કાર્ય વ્યવસ્થાતંત્રનું છે. ત્વચાની યોગ્ય સંભાળ રાખીને આપણે આ વ્યવસ્થાતંત્રને વધુ અસરકારક બનાવી શકીએ એમ છીએ.

- ત્વચાના જતનના પાયામાં યોગ્ય આહાર રહેલો છે.

- શરીરના અવયવો કઈ રીતે કામ કરે છે એનો આધાર આહારની ગુણવત્તા પર રહેતો હોવાથી આહાર કોઈ પણ પ્રકારના કૅર રૂટિનમાં અગત્યતા ધરાવે છે.

- પૂરતા પ્રમાણમાં શરીરને પોષક તત્ત્વો મળી રહે તો તમામ અવયવો વધુ સારી રીતે કામ કરી શકે છે અને એનો સીધો ફાયદો ત્વચાને થાય છે.

* પ્રોટીન,
* કાર્બોહાઈડ્રેટ્સ,
* વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર તંદુરસ્ત સમતોલ આહાર લો.

- ખોરાક એવી રીતે રાંધો કે એનાં પોષક દ્રવ્યો અને વિટામિન્સ નાશ ન પામે.

* આહારમાં તાજાં ફળો અને સલાડનો બને એટલો વધુ ઉપયોગ કરો.
* બને ત્યાં સુધી વર્જિન ઓલિવ ઑઈલ, સનફ્લાવર સીડ ઑઈલ જ વાપરો.
* સવારે ઊઠીને એક ચમચી લીંબુનો રસ અને એક ચમચી મધ નાખેલું એક ગ્લાસ હૂંફાળું પાણી પીને દિવસની શરૂઆત કરો.

- ત્વચાને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી શરીરતંત્રને ડિહાઈડ્રેટ કરતાં અને ઉત્તેજક ગણાતા આલ્કોહૉલ, ચા-કૉફી વગેરેનું વધુપડતું સેવન ત્વચા માટે હાનિકારક છે.
- પુષ્કળ પ્રમાણમાં પાણી પીઓ.

* સવારે ઊઠીને તરત જ,
* બન્ને સમય જમ્યા પછી દોઢ કલાક પછી અને
* રાત્રે સૂતા અગાઉ પાણી પીવાનો શ્રેષ્ઠ સમય છે.
* ચા-કૉફીને બદલે હર્બલ ટી પીઓ.

- મારી વ્હાલી 'લાડકી' બહેનો!
- ત્વચાને અકાળે વૃદ્ધ બનાવવામાં સૂરજનાં પ્રખર કિરણો મોટો ભાગ ભજવે છે.

* સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચામાં રહેલો ભેજ અને કોલાજન સૂકવી નાખે છે, જેને પરિણામે ત્વચા કરચલીઓવાળી અને નિસ્તેજ દેખાવા લાગે છે.
* સૂર્યકિરણોથી ત્વચાનું રક્ષણ કરવા સનસ્ક્રીન લોશનનો ઉપયોગ કરો.
* તાજી સ્વચ્છ હવા, * મધ્યમની કસરતો, * યોગ, * ઊંડા શ્વાસોશ્વાસ, * સ્ટ્રેચિંગ રક્તના સારા ભ્રમણ માટે યોગ્ય છે અને ત્વચામાં એનાથી સુંદર પરિણામો જોવા મળે છે.

વ્હાલી વાચક બહેનો! યાદ રહેવું ઘરે કે, કસરત કરતી વખતે ક્યારેય વધુ પડતી કસરત ન થાય એની ખાસ સાવધાની રાખો, એ નુકસાનકારક સાબિત થશે. એક સંશોધનનું એવું તારણ નીકળ્યું છે કે ઘણા એથ્લેટ્સ અને ડાન્સર અકાળે ઉંમરલાયક દેખાવા પાછળનું કારણ એમના શરીર દ્વારા વધારે પ્રમાણમાં થતી મિનરલ્સ અને અન્ય પોષક દ્રવ્યોનો વપરાશ છે.

* તાણ,
* નિકટના સ્વજનોના ગૃહક્લેશ,
* છૂટાછેડા જેવી અંતિમ સ્થિતિ વગેરે સમયે ઊભું થતું ટેન્શન ત્વચા પર ઘેરી અસર કરે છે.

- શક્ય એટલા રિલેક્સ રહો,
- મનગમતું સંગીત સાંભળી કે ધ્યાન ધરી ટેન્શન દૂર કરવાના પ્રયાસ કરો.
- આ સમયપત્રકનો કાળજી અને ચોકસાઈથી અમલ કરો. * સુંદરતા એ અંતરમનમાં છુપાયેલી છે. તમારે તો માત્ર એને બહાર લાવવાની છે અને એ હંમેશાં યાદ રાખો.

પ્રેરણાસ્રોતઃ

શરીરના અવયવો કઈ રીતે કામ કરે છે એનો આધાર આહારની ગુણવત્તા પર રહેતો હોવાથી આહાર કોઈપણ પ્રકારના કૅર રૂટિનમાં અગત્યતા ધરાવે છે. ■

# અમેરિકામાં જન્મ સાથે નાગરિકત્વનો કાયદો ગુલામોના સંતાનો માટે હતોઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકામાં જન્મ સાથે આપમેળે નાગરિકત્વ આપતો કાયદો અમેરિકામાં સ્થાયી થયેલા વિદેશી 'શ્રીમંત' ઇમિગ્રન્ટ્સ માટે નહિ, પરંતુ અમેરિકામાંના ગુલામોના સંતાનો માટે જ હતો.

ટ્રમ્પ બીજી મુદત માટે પ્રમુખ બન્યા ત્યારે તેમણે આ કાયદાને રદ કરતા એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર ૨૦૨૫ના જાન્યુઆરીમાં સહી કરી હતી.

ટ્રમ્પે 'પૉલિટિકો'ને પોતાના સંબંધિત વટહુકમ અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે જો સર્વોચ્ચ અદાલત મારા આ એક્ઝિક્યૂટિવ ઑર્ડરની વિરુદ્ધ ચુકાદો આપશે, તો તે 'વિનાશક' ગણાશે.

તેમણે જણાવ્યું હતું કે આ કાયદો ગુલામોના સંતાનો માટે હતો. આ કાયદો અમેરિકામાંના આંતરવિગ્રહ બાદ ઘડાયો હતો. આ કાયદો વિદેશોમાંથી અમેરિકા આવીને પોતાનો પરિવાર વિસ્તારનારા દરેક લોકો માટે નહોતો. મેં જનતા સમક્ષ આ ખુલાસો કર્યો હતો અને તેઓ હવે આ કાયદાનો મૂળ હેતુ સમજી ગયા છે તેમ જ આશા રાખું છું કે અદાલત પણ તે સમજી ગઇ હશે. જો મારી સરકાર આ કેસ હારશે, તો તે 'વિનાશક' સાબિત થશે. અમેરિકાના પ્રમુખે દાવો કર્યો હતો કે આપણો દેશ (અમેરિકા) લાખો વિદેશી લોકોને નાગરિકત્વ આપીને પોતાને ત્યાં રાખી ન શકે. અમેરિકાના બંધારણમાંના ૧૪મા સુધારા મુજબ 'અમેરિકામાં જન્મેલી દરેક વ્યક્તિ અમેરિકાની નાગરિક ગણાય.' આ સુધારો અમેરિકામાંના આંતરવિગ્રહ બાદ ૧૮૬૮માં કરાયો હતો. ટ્રમ્પે ચાલુ વર્ષના જાન્યુઆરીમાં બહાર પાડેલા વટહુકમમાં જણાવાયું હતું કે અમેરિકામાં ૨૦ જાન્યુઆરીના ૩૦ દિવસ પછી જન્મેલા દરેક બાળકને આપમેળે અમેરિકાનું નાગરિકત્વ મળી નહિ જાય. આમ છતાં, ટ્રમ્પના હુકમને અનેક ફેડરલ કોર્ટે પડકાર્યો હતો. બાદમાં, અમેરિકાની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ફેડરલ કોર્ટને દેશના પ્રમુખના એક્ઝિક્યૂટિવ ઑર્ડરને રોકવાની સત્તા નથી અને હવે અમે આ ઑર્ડરની બંધારણીય દૃષ્ટિએ યોગ્યતાને તપાસીશું. (એજન્સી)■

## ૧૦૦૦ કરોડનો ફ્રૉડ કેસઃ બે ચીની સામે ચાર્જશીટ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ એચપીઝેડ ટૉકન ઈન્વેસ્ટમેન્ટ ફ્રૉડ મામલે મોટી કાર્યવાહી કરતા બે ચીની નાગરિકો સામે ચાર્જશીટ દાખલ કરી છે. આ ચીની નાગરિકો એચપીઝેડ ટૉકન ઈન્વેસ્ટમેન્ટ ફ્રૉડના માસ્ટરમાઈન્ડ છે. આ ફ્રોડમાં કોરોના મહામારી દરમિયાન શેલ કંપનીઓ મારફતે ૧૦૦૦ કરોડથી વધુની હેરાફેરી કરવામાં આવી હતી. અધિકારીઓએ આ જાણકારી આપી હતી.

સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે છે કે ચીની લોકોના માલિકી ધરાવતી અને નિયંત્રિત શિગુ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડએ કથિત રીતે કોરોના લૉકડાઉન દરમિયાન એચપીઝેડ ટૉકન્સ નામની નકલી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને જનતા સાથે છેતરપિંડી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રોકાણોનો ઉપયોગ ક્રિપ્ટોકરન્સી માઇનિંગ માટે કરવામાં આવશે અને ખૂબ ઊંચું વળતર મળશે.■

## ઈવીએમ નહીં લોકોના દિલ હૅક કર્યા છે પીએમેઃ કંગના

નવી દિલ્હીઃ ભાજપના સાંસદ કંગના રનૌતે બુધવારે લોકસભામાં કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ચૂંટણી જીતવા માટે મતદાન પ્રણાલિમાં છેડછાડ કરવાની જરૂર નથી કારણ કે તેમણે લોકોના હૃદય હૅક કર્યા છે.

'ચૂંટણી સુધારા' પર ચર્ચામાં ભાગ લેતા, રનૌતે કહ્યું કે વિપક્ષી સભ્યો દ્વારા રોજિંદા વિક્ષેપોને કારણે છેલ્લું વર્ષ ખૂબ ચિંતાજનક રહ્યું હતું.



કંગનાએ કહ્યું કે તેમને જોવું ઘણીવાર આઘાતજનક લાગતું હતું. સાંસદો વારંવાર ગૃહની વચ્ચોવચ કૂદી પડ્યા, 'સાહેબ, સાહેબ' બૂમો પાડી, તમાશો કર્યો, ધમકાવવાનો પ્રયાસ કર્યો અને શક્ય તેટલી બધી રીતે ગેરવર્તન કર્યું.

તેમણે વિપક્ષના સાંસદો પર દરેક સત્રને નાટકમાં ફેરવવાનો આરોપ લગાવતા કહ્યું કે વિક્ષેપોને કારણે સંસદનું કામકાજ અટકી ગયું. કદાચ, છેલ્લા બે કે ત્રણ દિવસ સિવાય, તેમણે ગૃહને બિલકુલ ચાલવા દીધું નહીં. આપણે લોકોના પ્રતિનિધિ છીએ; આપણે અહીં શીખવા માટે આવીએ છીએ, ખાસ કરીને નવા સાંસદો તરીકે.

ઇવીએમ સાથે છેડછાડના આરોપો પર, એમણે કહ્યું કે કોંગ્રેસના નેતાઓ ચૂંટણીમાં હાર સ્વીકારવા તૈયાર નથી. હું કોંગ્રેસના લોકોને કહેવા માંગુ છું કે વડા પ્રધાન ઇવીએમ હેક કરતા નથી, તેમણે લોકોના હૃદય હેક કર્યા છે.

તેમણે પેપર બેલેટ સિસ્ટમમાં પાછા ફરવાની માંગણીઓની મજાક ઉડાવી અને તેને પ્રાચીન યુગનો જૂનો અવશેષ ગણાવ્યો.

કંગનાએ વિરોધ રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે તેઓ આખા વર્ષ દરમિયાન સમાન આરોપો સાંભળ્યા પછી તેમની પાસેથી મહાન ખુલાસાની અપેક્ષા રાખતા હતા, પરંતુ રાહુલ ખાદી, દોરા અને લોકો વિશે રૂપકોમાં બોલતા રહ્યા.■

## હજારો ભારતીયોના એચ-વનબી વિઝા કૅન્સલ થતા આક્રોશ

નવી દિલ્હીઃ ભારતમાં આ મહિનાના અંતમાં યોજાનાર હજારો એચ-વનબી વિઝા અરજદારોના પૂર્વ-નિર્ધારિત ઇન્ટરવ્યુ અચાનક કેટલાક મહિનાઓ માટે મુલતવી રાખવામાં આવ્યા છે જેથી તેમની સોશ્યલ મીડિયા પોસ્ટ્સ અને ઓનલાઈન પ્રોફાઇલ્સની તપાસ કરી શકાય.

કેટલાક અરજદારો, જેમની વિઝા અપોઇન્ટમેન્ટ આવતા અઠવાડિયે નક્કી કરવામાં આવી હતી, તેમને યુએસ ઇમિગ્રેશન અધિકારીઓ તરફથી ઇમેલ મળ્યા છે જેમાં જણાવવામાં આવ્યું છે કે તેમના ઇન્ટરવ્યુ આવતા વર્ષના મે મહિનાના અંત સુધી મુલતવી રાખવામાં આવી રહ્યા છે.

## ૮૫,૦૦૦ વિઝા રદ કર્યા ટ્રમ્પ-તંત્રે

વૉશિંગ્ટનઃ વૉશિંગ્ટનમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે કે ડોનલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા આ વર્ષે ૮૫,૦૦૦ જેટલા વિઝા રદ કરવામાં આવ્યા છે. ઇમિગ્રેશન કાયદાના અમલમાં ઝડપ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાની તપાસને વધુ મજબૂત કરવાના પ્રયાસરૂપે આટલી મોટી સંખ્યામાં વિઝા રદ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ પગલું સ્પષ્ટપણે દર્શાવે છે કે જાન્યુઆરીમાં પ્રમુખ બન્યા પછી ટ્રમ્પ ઇમિગ્રેશન નીતિઓ પર સતત કડક વલણ અપનાવી રહ્યા છે, અને તેમનો ઉદ્દેશ 'મૅક અમેરિકા સૅફ અગેન'ના નારાને ચરિતાર્થ કરવાનો છે.

અમેરિકી વિદેશ વિભાગે આ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૮૫,૦૦૦ વિઝા રદ કરાયા છે. મીડિયા અહેવાલ મુજબ, રદ કરાયેલા વિઝામાં ૮,૦૦૦થી વધુ વિદ્યાર્થી વિઝાનો સમાવેશ થાય છે, જે ગયા વર્ષની સરખામણીમાં બમણો આંકડો છે. ■

## મારિયા મચાડોની દીકરીએ સ્વીકાર્યો નોબેલ શાંતિ પુરસ્કાર

ઓસ્લોઃ વેનેઝુએલાના વિપક્ષના નેતા મારિયા કોરિના મચાડોની દીકરીએ બુધવારે તેની માતા વતી નોબેલ શાંતિ પુરસ્કાર સ્વીકાર કર્યો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે મચાડો સમારોહમાં હાજર રહેશે નહીં. મચાડો નવ જાન્યુઆરીથી જાહેરમાં જોવા મળ્યા નથી. ૯ જાન્યુઆરીએ વેનેઝુએલાની રાજધાની કારાકસમાં એક વિરોધ પ્રદર્શનમાં સમર્થકો સાથે સામેલ થયા બાદ તેમને થોડા સમય માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા ત્યારથી તેઓ જાહેરમાં જોવા મળ્યા નથી.

નોર્વેજીયન નોબેલ સમિતિના અધ્યક્ષ જોર્જેન વાટને ફ્રાઇડનેસે એવોર્ડ સમારોહમાં જણાવ્યું હતું કે મારિયા કોરિના મચાડોએ આજે અહીં સમારોહમાં હાજરી આપવા માટે પોતાની તમામ તાકાત વાપરી છે. આ અત્યંત જોખમી સ્થિતિમાં એક યાત્રા છે. ■

## ઝીણાની કબરને નતમસ્તક થનાર રાષ્ટ્રવાદ શીખવશે?ઃ કૉંગ્રેસનો સવાલ

નવી દિલ્હીઃ કોંગ્રેસના સાંસદ સૈયદ નસીર હુસૈને બુધવારે ભાજપ પર 'વંદે માતરમ' પર બિનજરૂરી વિવાદ ઊભો કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ શું મોહંમદઅલી ઝીણાની કબર પર માથું ટેકવનારાઓએ તેમને રાષ્ટ્રવાદ શીખવવો જોઇએ? એમ પ્રશ્ન પણ કર્યો હતો. રાજ્યસભામાં 'વંદે માતરમ'ની ૧૫૦મી વર્ષગાંઠ પર ચર્ચામાં ભાગ લેતાં તેમણે દાવો કર્યો કે આ એક ઐતિહાસિક હકીકત છે કે કોંગ્રેસ પાર્ટીએ 'વંદે માતરમ'ને દેશના ખૂણે ખૂણે ફેલાવવાનું કામ કર્યું છે. તેમના મત અનુસાર મૂળ વંદે માતરમ કવિતામાંથી અમુક કડીઓ કાઢી નાખવાનો વિવાદ ૧૯૩૭માં સીડબ્લ્યુસીની બેઠકમાં અને બાદમાં બંધારણ સભામાં ઉકેલી લેવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે ભાજપ નેતા લાલકૃષ્ણ અડવાણી ૨૦૦૫માં પાકિસ્તાન ગયા હતા અને ઝીણાની કબર પર શીશ ઝુકાવીને શ્રદ્ધાંજલિ આપી હતી. દેશમાં જન્મેલા દરેક ભારતીય માટે રાષ્ટ્રવાદ જરૂરી છે. હવે શું ઝીણાની કબર પર માથું ટેકવનારાઓ અમને રાષ્ટ્રવાદ શીખવશે? હુસૈને વધુમાં જણાવ્યું કે દરેક વ્યક્તિ 'વંદે માતરમ'ને ભારતના રાષ્ટ્રીય ગાન તરીકે માન આપે છે. અમુક લોકો નક્કી નહીં કરે કે કોણ 'વંદે માતરત' ગાશે અને કોણ નહીં. હરિયાણાના ભાજપના સાંસદ રામ ચંદર જાંગડાએ વંદે માતરમને બધા માટે પ્રેરણાનો સ્રોત ગણાવ્યો હતો. ■

## મતપત્રથી મતદાન એટલે ફરી બૂથ કૅપ્ચરિંગના યુગમાં ધકેલાઈ જવુંઃ ભાજપ

નવી દિલ્હીઃ સંસદના શિયાળુ સત્રમાં બુધવારે ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે લોકસભામાં આ મુદ્દા પર કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા. વિપક્ષી પક્ષો દ્વારા બેલેટ પેપરથી ચૂંટણીઓ કરાવવાની માગ વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે વળતો પ્રહાર કરતા કહ્યું કે તેનો અર્થ એ થાય છે કે બૂથ કેપ્ચરિંગના દિવસોમાં પાછા જવું પડશે.

લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચામાં ભાગ લેતા ભૂતપૂર્વ કેન્દ્રીય કાયદા મંત્રીએ કહ્યું હતું કે વિપક્ષે જૂની બેલટ પેપર સિસ્ટમ પર પાછા ફરવાની વાત ન કરવી જોઈએ. તેમણે કહ્યું હતું કે ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીનો (ઈવીએમ) ના ઉપયોગને યોગ્ય ઠેરવતા ઓછામાં ઓછા બે ડઝન સુપ્રીમ કોર્ટ અને હાઇ કોર્ટના ચુકાદાઓ છે. પ્રસાદે યાદ અપાવ્યું હતું કે ચૂંટણી પંચે પક્ષોને તેમની હાજરીમાં ઈવીએમ હૅક કરવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ કોઈ આવ્યું નહીં. હવે તેની (ઈવીએમ) વિરુદ્ધ હોબાળો મચાવી રહ્યા છે. વધુમાં પ્રસાદે કહ્યું હતું કે તાજેતરની બિહાર ચૂંટણીઓ પછી ઈવીએમના માઇક્રો-કંટ્રોલર્સની તપાસ માટે એક પણ અરજી મળી નથી.■

## દેશમાં જનગણના ડિજિટલી જ કરાશે

નવી દિલ્હીઃ લોકસભામાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી કે ભારત સરકારે વર્ષ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરીને સંપૂર્ણપણે ડિજિટલ પદ્ધતિથી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. દેશના ઇતિહાસમાં પહેલી વાર હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઇલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણય ભારતની જનસંખ્યાની માહિતી એકત્ર કરવાની પ્રક્રિયામાં એક મોટું પરિવર્તન લાવશે. ■

## વેપાર મંત્રણામાં અત્યાર સુધીનો શ્રેષ્ઠ પ્રસ્તાવ ભારત પાસેથી મળ્યોઃ અમેરિકા

નવી દિલ્હીઃ અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જૅમિસન ગ્રૅરે બુધવારે કહ્યું હતું કે વેપારી વાટાઘાટને મામલે ભારત સાથે કામ પાર પાડવું મુશ્કેલ છે, પરંતુ અમેરિકાને અત્યાર સુધી ભારત પાસેથી શ્રેષ્ઠ પ્રસ્તાવ જ મળ્યા છે.

અમેરિકાના નિકાસ બજાર-ખાસ કરીને કૃષી ઉત્પાદન ક્ષેત્રે વિવિધતા લાવવાના ચાલી રહેલા પ્રયાસ અંગેની ચર્ચા દરમિયાન ગ્રૅરે આ નિવેદન કર્યું હતું.

બંને દેશ વચ્ચેના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપારી કરાર અંગે ચાલી રહેલી વાટાઘાટની ભારત અને અમેરિકાએ બુધવારે સમીક્ષા કરી હોવાનું વાણિજ્ય ખાતાએ જણાવ્યું હતું.

પરસ્પર લાભદાયી વેપારી કરારને અંતિમ ઓપ આપવાના આશય સાથે બુધવારે અહીં દ્વિપક્ષી વેપારી કરાર અંગેની બે દિવસની વાટાઘાટનો આરંભ થયો હતો.

વાટાઘાટના પ્રથમ દિવસે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અમેરિકાના ડૅપ્યુટી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ રિક સ્વિટ્ઝરને મળ્યા હતા.

બંને પક્ષે પરસ્પર લાભદાયી દ્વિપક્ષી વેપારી કરારને મામલે ચાલી રહેલી વાટાઘાટ સહિત વેપાર અને આર્થિક જોડાણ સંબંધિ બાબતો અંગે પોતપોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા હતા.

દ્વિપક્ષી વાટાઘાટ ૧૧ ડિસેમ્બરે પૂરી થશે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | | | | ૧૧ | | |
| ૧૨ | | ૧૩ | | | | ૧૪ | | | |
| | | | | | ૧૫ | | | ૧૬ | |
| | ૧૭ | | ૧૮ | | | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | | | | ૨૨ | | | | |
| | | | ૨૩ | | | | | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | ૨૯ | |
| ૩૦ | ૩૧ | | | ૩૨ | | ૩૩ | | ૩૪ | |
| ૩૫ | | | | | ૩૬ | | | | |

### આડી ચાવી

૧. ખોટા લુચ્ચાઈના ધંધા, બદમાશીપ્રવૃત્તિ (૫)
૫. કસરત માટેનો લાકડાનો લીસો થાંભલો (૪)
૯. કિંમત, મૂલ્ય (૨)
૧૦. કક્ષા, શાળાનો વર્ગ (૩)
૧૧. સારો પાક લેવા ખેતરમાં --- નાંખવામાં આવે (૩)
૧૨. રહેવાશી (૩)
૧૪. જીવ (૨)
૧૫. પતિ, ધણી (૨)
૧૭. પંડિત, વિદ્વાન (૪)
૧૯. ઉજાણી (૪)
૨૧. સમતાપૂર્વક એકાગ્ર બેસવાનું નિત્યકર્મ (જૈન) (૪)
૨૨. બડબડાટ, લવારો (૪)
૨૩. જલદી, ઝડપથી (૨)
૨૬. શંકા, વહેમ (૨)
૨૮. એક જૂનું તોલ માપ (૩)
૩૦. બકવાટ (૩)
૩૨. નાઉમેદ, આશાભંગ (૩)
૩૪. એક કઠોળ (૨)
૩૫. જ્યોતિષની દૃષ્ટિ યોગ્ય અને શુભ સમય (૪)
૩૬. એક જગ્યાએ સ્થિર ન રહેતો માણસ (૫)

### ઊભી ચાવી

૧. નાશીકમાં વહેતી નદી (૪)
૨. --- રમાડે રામ (૩)
૩. વેપાર, ઉદ્યોગ (૨)
૪. મનસૂબો, કલ્પના (૩)
૬. જે લખેલું હોય તે (૩)
૭. ચીવટ, કાળજી (૨)
૮. જુવાળ (૩)
૧૩. સમુદ્ર પર સૂનાર, વિષ્ણુ (૪)
૧૪. આરંભનું (૪)
૧૬. સમૃદ્ધ, ભરપૂર (૩)
૧૭. હવાઈ જહાજ (૩)
૧૮. તકરાર, ખેંચાખેંચી (૪)
૨૦. ઝવેરાત (૪)
૨૪. ગાજર જેવું એક કંદ (૪)
૨૫. જગત, દુનિયા (૩)
૨૬. તન, કાયા (૩)
૨૭. નાણાવટી, ધીરધારનો ધંધો કરનાર (૩)
૨૯. રાતે તીણાં અવાજથી બોલતા જીવડાં (૩)
૩૧. પત્ની, છોકરાની સ્ત્રી (૨)
૩૩. બાણ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સુ | શિ | ૨ ક્ષિ | ૩ ત | | ૪ અ | ના | ૫ થા | ૬ શ્ર | ૭ મ |
| લ | | ૮ તિ | ર | ક | સ | | ૯ ક | મ | ત |
| ૧૦ તા | ૧૧ રા | જ | | | ૧૨ ર | જા | | ૧૩ જ | લ |
| ૧૪ ન | વ | | ૧૫ આ | ભા | | | ૧૬ ત | લ | બ |
| | ૧૭ ટી | ૧૮ ખ | ળ | | ૧૯ આ | ૨૦ વા | રા | | |
| | | ૨૧ રા | સ | ભ | | ૨૨ ત | ડ | ૨૩ કો | |
| ૨૪ બ | ૨૫ દ | બો | | | ૨૬ કો | ડ | | ૨૭ ત | ૨૮ સુ |
| ૨૯ દ | ર | | ૩૦ કા | ૩૧ ખ | | | ૩૨ વા | ર | સ |
| ૩૩ ના | કા | ૩૪ રો | | ૩૫ પ | રિ | ૩૬ તા | પ | | વા |
| ૩૭ મ | ર | જી | યા | ત | | ૩૮ ગ | ર | મા | ટો |

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ઘનદાટ | નક્કર |
| ઘનવટ | શુભ મુહૂર્ત |
| ઘબાડ | મઘમઘતું |
| ઘમઘમિત | અહંકાર |
| ઘમંડ | ગાઢ |

### જાણવા જેવું

ત્રણ પ્રકારનાં બળ ગણાયા છેઃ સહજબળ, કાલકૃતબળ અને યુક્તિકૃતબળ. શરીર અને મનના કુદરતી બળને સહજબળ કહે છે. અવસ્થાને લઈને આવતા બળને કાલકૃતબળ કહે છે. ખોરાક દ્વારા અગર તો કસરત દ્વારા યા તો કોઈ પણ દવા મારફત મેળવેલા બળને યુક્તિકૃતબળ કહે છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ મહિલાના સગા મામાની એકમાત્ર સગી બહેનના એકમાત્ર વેવાઈની એકમાત્ર પૌત્રીના દાદા એ મહિલાને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકા બ) સસરા
ક) ભાણેજ ડ) મામાજી

### નોંધી રાખો મનુષ્ય

રેતીના ઘર બાંધવા સહેલા નથી, મહેનત માંગી લે એવું કામ છે. એ ધ્વસ્ત પળવારમાં કરી શકાય છે. સર્જન અઘરું અને પરિશ્રમ માગે છે.

### ઓળખાણ પડી?



શ્રવણ શક્તિ ન હોવા છતાં ગોલ્ફની રમતમાં નામના મેળવનારી અને ૧૮ વર્ષની ઉંમરે મોટું ટાઈટલ મેળવનારી ભારતીય ગોલ્ફર કોણ?

અ) અદિતી અશોક બ) રિધિમા દિલાવરી ક) રાધિકા સંપટ ડ) દીક્ષા ડાગર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં બોજા માટેનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

તમે એના આભારવાચન સાંભળવા ન રોકાયા.

### માઈન્ડ ગેમ

મહિલા પહેરવેશમાં આદરણીય સ્થાન ધરાવતી સાડી વિવિધ રાજ્યોમાં બને છે. મૂંગા સાડી કયા રાજ્યની ઓળખ છે એ કહી શકશો?

અ) ઉત્તર પ્રદેશ બ) હરિયાણા ક) મહારાષ્ટ્ર ડ) આસામ

### સુડોકુ-૯૧૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૯ | ૩ | | | | ૪ | |
| ૪ | | | ૧ | | | | | |
| | ૬ | | ૮ | | ૪ | | | ૭ |
| | | | ૪ | ૬ | | ૮ | | |
| ૫ | | | | | | | | ૩ |
| | | ૪ | | ૧ | ૫ | | | |
| ૬ | | | ૫ | | ૮ | | ૧ | |
| | | | | | ૨ | | | ૯ |
| | ૯ | | | | ૧ | ૩ | ૮ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧ | ૪ | ૯ | ૩ | ૬ | ૫ | ૨ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ | ૭ |
| ૫ | ૪ | ૩ | ૭ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ |
| ૭ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૯ | ૨ | ૮ |
| ૯ | ૫ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| ઘડણે | બનવું |
| ઘડાઈ | ઘડતર |
| ઘડામોડ | બનાવ |
| ઘડીવ | ટીપેલું |
| ઘડ્યાળ | ઘડિયાળ |

**ગુજરાત મોરી મોરી રેઃ** ભાઈ

**ઓળખાણ પડી?** પર્લ બક

**માઈન્ડ ગેમ :** ફિરોઝાબાદ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** રવો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશંબ્ધ દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) લજિતા ખોના (૧૪) ફાલ્ગુની શેઠ (૧૫) પ્રવીણ વોરા (૧૬) મહેશ સંઘવી (૧૭) મીનળ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) કિરીટ છેડા (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) ભારતી બુચ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) મહેન્દ્ર લોઢાવિયા (૩૩) મીના ભગત (૩૪) અંજુ ટોલિયા (૩૫) જાગૃતિ નિખિલ બંજરિયા (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) શિલ્પા શ્રોફ (૪૫) કમલ માતલિયા (૪૬) નિતિન જયંતિલાલ બજરિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) ચેતના છેડા (૫૨) મનીષા શેઠ (૫૩) પ્રતિમા પમાણી (૫૪) હિતેશ ખત્રી

# સુરતની રાજ ટેક્સટાઈલ માર્કેટની આગ કાબૂમાં, ૧૨ કરોડના નુકસાનનો અંદાજ



**આગ :** સુરતના રાજ ટેકસટાઈલ માર્કેટમાં ફાયર બ્રિગેડના જવાનો આગને કાબૂમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી રાજ ટેક્સટાઈલ માર્કેટમાં બુધવારે સવારે લાગેલી આગ કાબૂમાં આવ્યા બાદ ફરી લાગતાં વેપારીઓમાં દોડધામ મચી હતી. ટેક્સટાઈલ માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટમાં આગ લાગ્યા બાદ સાતમા માળ સુધી ફેલાઈ હતી. એના કારણે ફાયરબ્રિગેડ કોલ જાહેર કર્યો હતો.

બુધવારે ૧૧ વાગ્યાના અરસામાં આગ પર કાબૂ મેળવી કૂલિંગની કામગીરી ચાલી રહી હતી ત્યારે જ બે દુકાનમાં ફરી આગ ચાલુ થતાં ફાયરે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ત્યાર પછી સાંજના ૬ વાગ્યા સુધી ૭મા માળે આગની જ્વાળાઓ દેખાતી હતી. આ દરમિયાન છઠ્ઠા માળે આગ ભભૂકી હતી. અંતે સાંજે ૬ વાગ્યે આગ કાબૂમાં લઈ લેવામાં આવી હતી.

રાજ ટેક્સટાઈલ માર્કેટની એ, બી અને સી બિલ્ડિંગમાં વેપારીઓની અંદાજે ૪૦૦ જેટલી દુકાનો છે. બી બિલ્ડિંગમાં આગને લઈ દુકાનોમાં ભારે નુકસાન થયું છે.

આ સાથે જ માર્કેટની સ્ટ્રક્ચર સ્ટેબિલિટીને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. ત્યારે હવે ફાયર વિભાગ દ્વારા આખીને આખી રાજ ટેકસટાઇલ માર્કેટ અમર્યાદિત સમય માટે બંધ રાખી દેવાનો આદેશ કરી દીધો છે. તમામ વિભાગોના એનઓસી લીધા બાદ માર્કેટને શરૂ કરવા દેવામાં આવશે.

આગને કાબૂમાં લેવાની કામગીરી દરમિયાન ત્રણ ફાયર જવાનને ગૂંગળામણ અને બે ફાયર જવાન દાઝી ગયા છે. પાંચેય જવાને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. જ્યારે એક માર્શલ પણ ઈજાગ્રસ્ત થયા છે.

આગમાં વેપારીઓના લાખો રૂપિયાના માલનું નુકસાન થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે નુકસાનીનો ચોક્કસ આંક તો આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયા બાદ જ સામે આવી શકશે. પ્રાથમિક અંદાજ ૧૦થી ૧૨ કરોડનો લગાવવામાં આવ્યો છે. ■

# રાજસ્થાનમાં ખાટુશ્યામજીના દર્શને જતાં ગુજરાતીઓની બસને અકસ્માત, ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજસ્થાનના સિકરમાં ગુજરાતી શ્રદ્ધાળુઓની બસને રાત્રે અકસ્માત નડ્યો હતો. જેમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૨૮ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હૉસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાં સાતની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ વલસાડ જિલ્લાના ૫૦ જેટલા લોકો ખાનગી ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસમાં વૈષ્ણવ દેવી માતાના મંદિરે અને રાજસ્થાન પ્રવાસે નીકળ્યા હતા. જે દરમિયાન રાજસ્થાનના બિકાનેર હાઇવેથી ખાટુશ્યામ જઈ રહ્યા હતા. આ દરમિયાન સિકર પાસે ટ્રક સાથે અકસ્માત થયો હતો. સ્લીપર બસ બિકાનેર તરફથી જયપુર જઈ રહી હતી. જ્યારે ટ્રક ઝુંઝુનૂથી બિકાનેર તરફ જઈ રહી હતી. પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે ટ્રક આગળથી બસમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે જોરદાર ધડાકો થયો હતો. બસની કેબિન અને એની પાછળ બેઠેલા મુસાફરો સૌથી વધુ ઘાયલ થયા હતા. ઘાયલોનાં શરીરમાં કાચ-મેટલના ટુકડા ઘૂસી ગયા હતા.



**અવશેષ :** મંગળવારે રાત્રે સિકરમાં જયપુર-બિકાનેર નેશનલ હાઈવે પર એક બસ ટ્રક સાથે અથડાતા ચાર જણ મરણ પામ્યાં હતાં અને બીજા ૨૮ને ઈજા થઈ હતી. બસનો કાટમાળ દુર્ઘટનાની પ્રબળતાની સાક્ષી પુરાવતો હતો. (પીટીઆઈ)

અકસ્માતમાં બસના મુસાફર મયંક અને ડ્રાઈવર કમલેશનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

જ્યારે એક મૃતકની ઓળખ થઈ નથી. કંડક્ટર મિતેશને સિકરની એસકે હોસ્પિટલમાંથી ગંભીર હાલતમાં રિફર કરવામાં આવ્યો હતો, જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માતમાં અનંત, તુષાર, રાજેશ, પ્રવીણ, રંજના, મુક્તાબેન, આશિષ, નિલેશ, સુહાની, કરમલબેન, જમવંત, સુદાબેન, અર્જુન, અમિત, મહેશભાઈ, ગંગાબેન, કંચનબેન, સાકેત પાલ, લાડુ, રમીલા, રણજીત, અર્જુન, સંગીતા, પરિતેશ, અતુલ, ઈન્દુબેન અને શીલાબેન ઘાયલ થયાં હતાં. આ તમામને સિકર અને ફતેહપુરની હૉસ્પિટલોમાં સારવાર માટે ખસેડાયાં હતાં.

ફતેહપુર સદર પોલીસ સ્ટેશનના એસએચઓ સુરેન્દ્ર દેગડાએ જણાવ્યું હતું કે અકસ્માત મોડી રાત્રે થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, સ્લીપર બસ બિકાનેરથી જયપુર તરફ જઈ રહી હતી, જ્યારે ટ્રક જયપુરથી બિકાનેર તરફ આવી રહી હતી. હાઈવે પર વિરુદ્ધ દિશામાંથી આવી રહેલાં બંને વાહનો વચ્ચે સામસામે ભયાનક ટક્કર થઈ હતી. અકસ્માત પછી ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ અને મુસાફરોમાં ભય તથા દહેશતનો માહોલ છવાઈ ગયો.

અકસ્માત બાદ ઘટનાસ્થળે ચીસાચીસ મચી જતાં સ્થાનિક લોકોએ તુરંત જ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી. બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી, ઘાયલોને તરત જ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. ■

# અમદાવાદમાં ૩૫ સ્થળો પર આઈટીનું સર્ચ ઓપરેશન, ગુલમહોર ક્લબના બેનામી વ્યવહારો સામે આવે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આઇટી વિભાગ દ્વારા ચાલી રહેલું સર્ચ ઓપરેશન યથાવત છે. આઇટી ટીમો ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે પણ સઘન તપાસ કરી રહી છે. પ્રાથમિક તબક્કે કુલ ૩૫ જેટલાં સ્થળો પર આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર તપાસનો દાયરો સતત વધી રહ્યો છે અને વધુ સ્થળોએ પણ કાર્યવાહી થઈ શકે છે.

આઇટી વિભાગની ટીમો દ્વારા ત્રિલોક પરીખના ગુલમહોર ક્લબ ખાતે, તેમજ ત્રિલોક પરીખ અને અલ્પેશ પરીખના નિવાસસ્થાનો અને ઓફિસો પર પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, વિનોદ ઇન્ડસ્ટ્રીઝ અને તેના સંચાલક વિનોદ મિત્તલના નિવાસસ્થાને પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ સર્ચ ઓપરેશનમાં ૧૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ કાર્યરત છે.

મંગળવાર સાંજથી આ કાર્યવાહી અન્ય સ્થળોએ પણ વિસ્તારવામાં આવી છે. વિનોદ મિત્તલના સ્થળેથી લાખો રૂપિયાની રોકડ મળી આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું, જોકે આ બાબતની સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે અને તેની તપાસ ચાલી રહી છે. આઇટી વિભાગની ટીમો દ્વારા માત્ર રોકડ જ નહીં, પરંતુ બેન્ક ખાતાઓ, તમામ પ્રકારના દાગીના અને અન્ય શંકાસ્પદ વ્યવહારોની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

અધિકારીઓ આ તમામ વ્યવહારોની ખરાઈ કરશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વર્તમાન સ્થિતિ જોતાં, આ ઓપરેશનનો દાયરો હજુ પણ વધવાની શક્યતા છે. આ કાર્યવાહી દરમિયાન મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો બહાર આવે તેવી પ્રબળ શક્યતા છે. ■

# સુરેન્દ્રનગરમાં ખનન માફિયાઓ પર તવાઈ, ૧૨ વ્યક્તિઓને ₹ ૯૯.૬૮ કરોડનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ખનન મામલે જીલ્લા ખાણ ખનિજ વિભાગે અધધ રૂ. ૯૯.૬૮ કરોડનો દંડ વસૂલ કરવા નોટિસ ફટકારતા ભૂમાફિયાઓમાં ફફળાટ ફેલાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાયલા તાલુકાના વાટાવચ્છ ગામની સીમમાં ગેરકાયદેસર રીતે બ્લેક ટ્રેપનું વિશાળ પ્રમાણમાં ખનન થઈ રહ્યું છે, આવી બાતમી મળતા જ ખાણ ખનિજ વિભાગ અને સાયલા પોલીસની સંયુક્ત ટીમે ગત ૨ ડિસેમ્બરના રોજ દરોડો પાડ્યો હતો. જે દરોડામાં અત્યાર સુધીના સૌથી મોટા ગેરકાયદેસર ખનનનો પર્દાફાશ થતા આ કાર્યવાહી કરવામાં આવતા ભૂમાફિયાઓમાં ફફળાટ ફેલાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨ ડિસેમ્બરના રોજ સુરેન્દ્રનગર જીલ્લા ખાણ ખનીજ વિભાગ અને સાયલા પોલીસની સંયુક્ત ટીમે સાયલા તાલુકાના વાટાવચ્છ ગામની સીમમાં ગેરકાયદેસર રીતે થઈ રહેલા બ્લેક ટ્રેપના ખનન પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ટીમે ૪ એક્સ્કેવેટર મશીન, ૧૪ ડમ્પર સહિત કુલ રૂ. ૫ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્થળનું માપણી કરતાં ખાણ વિભાગને ચોંકાવનારા આંકડા મળ્યા હતા કે અહીં અંદાજે ૨૫ લાખ મેટ્રિક ટનથી પણ વધુ બ્લેક ટ્રેપનું ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે.

આ ગંભીર ગુનાની તપાસ બાદ જિલ્લા ખાણ ખનિજ વિભાગે ગેરકાયદેસર ખનન કરનારા, વાહન માલિકો તેમજ સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ સહિત કુલ ૧૨ વ્યક્તિઓને નોટિસ ફટકારી છે. આ તમામ સામે ગેરકાયદેસર ખનન, ખનિજનું વહન અને પર્યાવરણને થયેલા નુકસાનના વળતર તરીકે કુલ ₹૯૯.૬૮ કરોડનો દંડ નક્કી કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, આ રકમ સુરેન્દ્રનગર જિલ્લામાં અત્યાર સુધીનો સૌથી મોટો દંડ ગણાય છે. આટલી મોટી રકમની વસૂલાતની નોટિસ મળતાં જ ભૂમાફિયા અને ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. હાલ આ મામલે ખાણ વિભાગે તમામ ૧૨ આરોપીઓને આગામી ૨૪ ડિસેમ્બરે જિલ્લા ખાણ ખનીજ કચેરીમાં રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા સ્પષ્ટ સૂચના આપી છે. સુનાવણી બાદ દંડની રકમમાં ફેરફાર થઈ શકે છે, પરંતુ હાલ આ રકમ વસૂલવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે તંત્રની આ કાર્યવાહીથી જિલ્લામાં ગેરકાયદેસર ખનન સામે કડક પગલાં લેવાનો સરકારી અમલદારોનો ઇરાદો સ્પષ્ટ થયો છે અને ભવિષ્યમાં આવા ગુનાઓ પર અંકુશ રહે તેવી શક્યતા વધી ગઈ છે. ■

# ગુજરાતના રતનમહાલના જંગલમાં વાઘ સ્થાયી થતાં કેન્દ્ર સરકાર સમક્ષ એક વાઘણની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના જંગલોમાં લગભગ બે દાયકા પછી ફરી એક વખત રોયલ બંગાળ વાઘ દેખાયો હોવાની ઘટના રાજ્યના વન વિભાગ માટે મહત્ત્વની બની ગઈ છે. છેલ્લા નવ મહિનાથી રતનમહાલ વન્યજીવન અભયારણ્યમાં રહેતો આ એકલદોકલ વાઘ હવે અહીં સ્થાયી થવા લાગ્યો છે. આ જ કારણે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને એક વાઘણ આપવા સત્તાવાર રીતે માગણી કરી છે, જેથી ગુજરાતનું વાઘ સંરક્ષણ અભિયાન આગળ વધી શકે.

મધ્ય પ્રદેશ-ગુજરાતની બોર્ડર પર દાહોદ જીલ્લા વિસ્તારમાં સ્થિત રતનમહાલના જંગલોમાં ફેબ્રુઆરી ૨૦૨૫માં પહેલી વાર વાઘના પગલાં જોવા મળ્યાં હતાં અને બાદમાં કેમેરા ટ્રેપમાં તેની સ્પષ્ટ તસવીર પણ કેદ થઈ હતી. જે બાદ વન વિભાગે તેનું એનાલિસિસ કરી આ વાઘની ઉંમર અંદાજે પાંચ વર્ષ હોવાની ગણાવી છે. ત્યારે તપાસમાં સ્પષ્ટ થયું કે આ વાઘ મધ્ય પ્રદેશની સરહદમાંથી સ્થળાંતર કરીને ગુજરાતમાં પ્રવેશ્યો હતો. દાહોદનો રતનમહાલ અભયારણ્ય ઝાબુઆ અને મધ્ય પ્રદેશના કાઠીવાડા વિસ્તાર સાથે જોડાયેલું હોવાથી વાઘો માટે આ માર્ગ સ્વાભાવિક ગણાય છે.

આ વાઘ અહીં સ્થાયી થયો હોવાનું જણાતા રાજ્યના વન વિભાગે કેન્દ્ર સરકારને પત્ર લખી એક વાઘણની માગ કરી છે. જે માગ પાછળનું કારણ રાજ્યના વન વિભાગે દર્શાવ્યું છે કે, એકલા વાઘની સંભાળ લાંબા ગાળે શક્ય નથી. સંરક્ષણની દ્રષ્ટિએ બ્રીડિંગ પેયર જરૂરી છે, જેથી ગુજરાતમાં ટાઈગર હેબિટેટ ફરી વિકસાવી શકાય. આટલું જ નહીં રતનમહાલ સહિત નજીકના પ્રદેશોમાં વાઘ માટે યોગ્ય આવાસ, પાણી અને શિકાર પ્રજાતિઓની ઉપલબ્ધતા છે. જેથી ગુજરાત વન વિભાગે કેન્દ્રને લખેલા પત્રમાં નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટી (એનટીસીએ) પાસેથી પણ માર્ગદર્શન માગ્યું કે, ગુજરાતમાં વાઘનું લાંબા ગાળાનું નિવાસસ્થાન કેવી રીતે મજબૂત કરી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજથી ૨૫ વર્ષ પહેલાં વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં વાઘ જોવા મળ્યો હતો. ગુજરાતમાં છેલ્લે ૨૦૦૧માં વાઘ જોવા મળ્યા બાદ રાજ્યમાં વાઘોને 'લુપ્ત' ગણવામાં આવ્યા હતા. જોકે હવે ૨૫ વર્ષે વાઘનું ફરી આગમન વનવિભાગનો ઉત્સાહ વધ્યો છે. આ માટે વન વિભાગ સતત છેલ્લા નવ મહિનાથી કેમેરા ટ્રેપપેટ્રોલિંગ ટીમોફિલ્ડ સર્વે દ્વારા વાઘની હલચલ પર નજર રાખી રહ્યું છે. જેથી તાજેતરમાં બહાર પાડેલા ફોટોગ્રાફિક પુરાવાઓએ સ્પષ્ટ કર્યું છે કે વાઘ હવે રતનમહાલના ઘણા જંગલોમાં જ સમય વિતાવી રહ્યો છે. ■

# બનાસકાંઠાના પાલનપુરની ફરતે ૫૬૦ કરોડના ખર્ચે ૨૪.૫ કિ.મી. લાંબો બાયપાસ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ટ્રાફિકથી ત્રાહિમામ પાલનપુરના શહેરીજનોમાં ખુશીની લહેર પ્રસરી છે

અમદાવાદઃ ભારતમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતા જંકશનોમાંના એક પાલનપુર એરોમા સર્કલના ટ્રાફિકથી ત્રાહિમામ પાલનપુરના શહેરીજનોની સમસ્યાના નિવારણ માટે રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો હતો. એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યાના નિકાલ માટે પાલનપુરની ફરતે બાયપાસ તૈયાર થશે. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી ૧૧મી ડિસેમ્બરે પાલનપુર ખાતે પહોંચી પાલનપુરની ફરતે રૂ.૫૬૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર ૨૪.૫ કિમી લાંબા બાયપાસનું ખાતમુહૂર્ત કરશે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યા શહેરીજનો સહિત હાઇવે પરથી પસાર થતાં હજારો વાહન ચાલકો માટે માથાના દુખાવા સમાન છે. દિલ્હી કંડલા નેશનલ હાઇવે પર આવેલું પાલનપુરનું એરોમા સર્કલ ભારતમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતા જંકશનોમાંનું એક જંકશન બન્યું હતું.

એરોમા સર્કલ ટ્રાફિક સમસ્યાને કારણે અત્યાર સુધીમાં નાના મોટા અકસ્માતોમાં અનેક લોકો મોતને ભેટી ચૂક્યા છે અને તેને જ કારણે આ ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે શહેરના જાગૃત નાગરિકો દ્વારા અલગ અલગ રીતે સ્થાનિક લેવલેથી લઈ ગાંધીનગર અને દિલ્હી સુધી રજૂઆતો કરી આ ટ્રાફિક સમસ્યાના નિવારણની માગ કરવામાં આવી હતી. આ માગણીઓના પગલે રાજ્ય સરકારે પાલનપુરની ફરતે બાયપાસના નિર્માણનો નિર્ણય કર્યો છે. ■

# ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧.0૪ લાખ હેક્ટર જંગલના વિસ્તારમાં વાવેતરની કામગીરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર 'ગ્રીન ગુજરાત, વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં કાર્યરત છે. છેલ્લા ૩ વર્ષોમાં ગુજરાતે પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપતાં ગ્રીન કવર વધારવા માટે વ્યાપક પ્રમાણમાં વાવેતર અને પુનઃવનીકરણ કર્યું છે. છેલ્લા ત્રણ વર્ષોમાં ગુજરાતે પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન આવરણ વધારવા માટે મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે, જેમાં એક નોંધનીય પ્રયાસ વન વિસ્તારમાં વાવેતર વધારવાનો છે. વન વિભાગ દ્વારા વન વિસ્તારમાં કુલ ૧,૦૪,૨૭૦ હેક્ટર વન વિસ્તારમાં વાવેતરની કામગીરી કરવામાં આવી છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકારની મિષ્ટી યોજનાના અમલીકરણમાં પણ ગુજરાત અગ્રેસર રાજ્ય છે.

'મિષ્ટી' (મેન્ગ્રુવ ઇનિશિયેટીવ ફોર શોરલાઇન હેબિટેટ એન્ડ ટેન્જિબલ ઇનકમ) યોજના અંતર્ગત દરિયાકાંઠે મેન્ગ્રુવ વનસૃષ્ટિનું વિસ્તરણ કરતા કુલ ૩૪,૨૪૨ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવ્યું છે. મિષ્ટી યોજના કેન્દ્ર સરકારે ૫ જૂન ૨૦૨૩ના રોજ દરિયાકિનારાના રાજ્યોમાં મેન્ગ્રુવ ઇકોસિસ્ટમને પુનર્જીવિત કરવા માટે શરૂ કરી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ મેન્ગ્રુવ વાવેતર, મેન્ગ્રુવ વિસ્તારોનું વૈજ્ઞાનિક મેપિંગ, નર્સરી વિકાસ, હાઇડ્રોલોજી ભૌગોલિક સ્થિતિનું મૂલ્યાંકન, જનજાગૃતિ, તાલીમ, સંશોધન અને ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપીને દરિયાકાંઠાના પર્યાવરણનું સંરક્ષણ કરવાનો છે.

રાજ્ય સરકારે પરંપરાગત ઘાસચારાના પુનઃસ્થાપન અને વન આધારિત જીવનને સમર્થન આપવા માટે પણ નોંધનીય પ્રયાસો કર્યા છે. છેલ્લા ૩ વર્ષોમાં કચ્છના બન્ની વિસ્તારમાં કુલ ૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઘાસ વાવેતરની કામગીરી કરીને ખાતાકીય ઘાસ સંગ્રહ ઉપરાંત અંદાજિત ૫૨.૫૨ લાખ કિગ્રા ઘાસનું સ્થાનિક લોકોને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં સ્થાનિક આદિવાસી સમુદાયોને કુલ ૧૫૮ લાખ વાંસનું વિતરણ કરવામાં આવ્યું છે. વન વિભાગ દ્વારા વન વિસ્તારમાં વન આવરણ વધારવા માટે છેલ્લાં ૩ વર્ષોમાં કુલ ૧,૦૪,૨૭૦ હેક્ટર વન વિસ્તારમાં વાવેતરની કામગીરી કરવામાં આવી છે. જ્યારે વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણ વધારવા માટે સામાજિક વનીકરણ યોજના હેઠળ છેલ્લાં ૩ વર્ષોમાં કુલ ૧૦,૨૧૩ હેક્ટર વિસ્તારમાં ખાતાકીય વાવેતરની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંતે, રાજ્યના ખેડૂતોને વન વિભાગની વિવિધ સહાય યોજનાઓ હેઠળ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જેના કારણે છેલ્લાં ત્રણ વર્ષમાં ખેડૂતો દ્વારા ૧,૦૯,૪૨૫.૬૦ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. ગ્રીન કવર પર્યાવરણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તે આબોહવા સ્થિરતા, જમીનની ઉત્પાદનક્ષમતા વધારવા, જૈવવિવિધતા જાળવવા અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત કરવામાં મદદ કરે છે. ■

# કોમનવેલ્થ બાદ ઑલિમ્પિક પણ ગુજરાતમાં, સ્વિટ્ઝર્લૅન્ડમાં રાજ્ય સરકાર ખોલશે ઑફિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળ્યાની જાહેરાત થોડા દિવસ પહેલા કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૩૬માં ઑલિમ્પિક પણ રાજ્યમાં યોજાશે તેવા પ્રયાસો રાજ્ય સરકાર કરી રહી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર ૧૬થી ૨૦ ડિસેમ્બર દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને ઉચ્ચ અધિકારીઓ સ્વિત્ઝર્લેન્ડના લુસાનાની મુલાકાત લેશે. આ સાથે અહીં એક ઑફિસ પણ ખોલવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત અને ભારત સરકાર વતી નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને અધિકારીઓનું પ્રતિનિધિમંડળ ઑલિમ્પિક ફેડરેશન ઉપરાંત વિવિધ રમતોના એસોસિયેશનોને મળીને રાજ્યમાં ઓલિમ્પિક યોજવા માટે પ્રેઝન્ટેશન આપશે, જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સૂત્રો અનુસાર કોમનવેલ્થ ગેમ્સના આયોજનની સફળતા ઓલિમ્પિક રમતોના આયોજન માટે વધુ ઊજળી તક ઊભી કરશે. સરકાર માત્ર કોમનવેલ્થ માટે જ તૈયારી નથી કરતી, પરંતુ ઓલિમ્પિકને ધ્યાનમાં રાખી આયોજન કરી રહી છે. આવતા સપ્તાહે લુસાનમાં યોજાનારી મીટિંગ દરમિયાન અનેક બાબતો સામે આવશે. ઉલ્લેખનીય છે કે સ્વિટ્ઝર્લેન્ડના લુસાન શહેરમાં ઓલિમ્પિક એસોસિયેશનની મુખ્ય ઑફિસ આવેલી છે. અહીં જ ગુજરાત સરકાર પોતાની ઑફિસ ખોલી તેમાં કન્સલટન્ટની નિમણૂક કરશે. ■

# અમદાવાદમાં વટવામાં વધુ એક કોચિંગ ટર્મિનલ બનશે, દોઢસો જેટલી વધારે ટ્રેન દોડી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના વટવામાં લગભગ ત્રણ કિલોમીટર લાંબો એક મેગા કોચિંગ ટર્મિનલ બનાવવામાં આવશે, જેના માધ્યમથી અમદાવાદ સ્ટેશન પર ટ્રેનોનો વધારાનો ભાર ઘણો ઓછો થશે અને સમગ્ર ક્ષેત્રમાં ટ્રેન ચલાવવાની ક્ષમતા ખૂબ વધશે, તેવી ખુશખબર અમદાવાદ સહિત ગુજરાતવાસીઓને રેલવેએ આપી હતી. વટવા ટર્મિનલની પ્રાથમિક માહિતી અનુસાર આ મેગા ટર્મિનલ આશરે ત્રણ કિમી લાંબુ હશે. ટર્મિનલમાં કુલ ૧૨ પિટ લાઈનો બનાવવામાં આવી રહી છે, જેનાથી ટ્રેનોની સઘન અને નિયમિત જાળવણી સરળતાથી શક્ય બનશે. આ સાથે ૨૯ સ્ટેબલિંગ લાઇનો પૂરી પાડવામાં આવશે, જેમાં ખાલી રેક સુરક્ષિત રીતે ઊભા કરી શકાય છે. ટર્મિનલ પર છ નવા વધારાના પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જેનાથી પ્લેટફોર્મની કુલ સંખ્યા નવ થઇ થશે. આથી મુસાફરો માટે સુવિધાઓ વધશે. રેલવેના જણાવ્યા અનુસાર વટવા ટર્મિનલના પૂર્ણ સંચાલન પછી પ્રતિદિવસ ૩૬ ટ્રેનનું પ્રાયમરી મેન્ટેનેન્સ, ૧૫ ટ્રેનની પ્લેટફોર્મ રીટર્ન સુવિધા અને કુલ ૫૧ ટ્રેનનું સંચાલન શક્ય બનશે. વટવાની સાથે-સાથે અમદાવાદ, સાબરમતી, અસારવા, ગાંધીનગર કેપિટલ અને ગાંધીગ્રામ સ્ટેશનો પર પણ મોટા પાયે અપગ્રેડેશનનું કાર્ય ચાલી રહ્યું છે, જે સમગ્ર નેટવર્કને મજબૂત બનાવશે. આ તમામ પ્રોજેક્ટ્સ પૂરા થશે ત્યારબાદ અમદાવાદ મંડળથી શરૂ થતી ટ્રેનની સંખ્યા ૫૮થી વધીને દિવસદીઠ ૧૫૦ થઈ જશે. અમદાવાદ (કાળુપુર) રેલવે સ્ટેશનની ટ્રેન સંચાલન ક્ષમતા સરેરાશ ૩૮થી વધીને ૪૫-૫૦ ટ્રેનની થશે. સાબરમતી સ્ટેશન પર આ ક્ષમતા ૨૦ થી વધીને ૨૭-૨૮ ટ્રેન પ્રતિદિવસ થશે. અસારવા સ્ટેશન પર ક્ષમતા ૬ થી વધીને ૧૧-૧૨ ટ્રેન પ્રતિદિવસ સુધી વધશે. ગાંધીનગર કેપિટલ સ્ટેશનની ક્ષમતા છ થી વધીને ૮-૧૦ ટ્રેન પ્રતિદિવસ સુધી પહોંચી જશે. ગાંધીગ્રામ સ્ટેશન છ થી વધીને ૭-૮ ટ્રેન પ્રતિદિવસનું સંચાલન થશે. ■

# ભારતીય હૉકી ટીમે છેલ્લી ૧૧ મિનિટમાં ચાર ગોલ કરીને જીતી લીધો વર્લ્ડ કપનો બ્રૉન્ઝ



ચેન્નઈ: ભારતે અહીં બુધવારે હૉકીમાં એફઆઇએચ મેન્સ જુનિયર વર્લ્ડ કપની મૅચમાં આર્જેન્ટિનાને ૪-૨થી હરાવીને બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. ખાસ વાત એ છે કે ભારતીય ટીમ મૅચના મોટા ભાગના સમયમાં ૦-૨થી પાછળ હતી, પણ છેલ્લી ૧૧ મિનિટમાં ભારતીય ખેલાડીઓએ જબરદસ્ત કમબૅક કરીને ઉપરાઉપરી ચાર ગોલ કરીને રોમાંચક અને હૉકીના ઇતિહાસમાં સૌથી એક્સાઇટિંગ મૅચોમાં ગણાશે એવા મુકાબલામાં વિજય મેળવી લીધો હતો.

ભારતના ગોલકીપિંગ લેજન્ડ અને વર્તમાન ટીમના ચીફ કોચ પી. આર. શ્રીજેશે ભારતીય ટીમ પર પ્રશંસા વરસાવતા કહ્યું હતું કે ૦-૨થી પાછળ રહ્યા પછી છેલ્લી ગણતરીની મિનિટોમાં પાવરફુલ પર્ફોર્મન્સથી ૪-૨થી જીતી જવું એ મહાન સિદ્ધિ કહેવાય.

ભારત છેલ્લે ૨૦૧૬માં આ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યું હતું. ભારત સામે આર્જેન્ટિનાની ટીમ ચડિયાતી લાગતી હતી, પરંતુ એને ત્રણ ક્વૉર્ટર બાદ આંચકા પર આંચકા આપીને ભારતીય ટીમે સૌને ચોંકાવી દીધા હતા.

ભારત વતી જે ચાર પ્લેયરે એક-એક ગોલ કર્યો એની યાદી આ મુજબ છે: અંકિત પાલ (૪૯મી મિનિટ), મનમીત સિંહ (બાવનમી મિનિટ), શારદા નંદ તિવારી (૫૭મી મિનિટ) અને અનમોલ એક્કા (૫૮મી મિનિટ). ■

# આજે બીજી ટી-૨૦: હાર્દિક, અર્શદીપ વિક્રમની તલાશમાં





ન્યૂ ચંડીગઢ: ભારતે મંગળવારે કટકમાં સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ ટી-૨૦માં સંપૂર્ણ પ્રભુત્વ સાથે ૧૦૧ રનથી વિજય મેળવ્યો ત્યાર બાદ હવે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પંજાબમાં ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુર શહેરના મહારાજા યદવિન્દ્ર સિંહ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં બીજી મૅચ રમાશે જેમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત ફરી એક વખત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી જીતીને શ્રેણીમાં સરસાઈ વધારીને ૨-૦ની કરવા કોઈ કસર બાકી નહીં રાખે. સાથોસાથ, ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાને અને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને અલગ પ્રકારની રેકૉર્ડ પોતાના નામે કરવાની સુંદર તક પણ મળશે.

### હાર્દિકે પાંચ બોલરની ખબર લઈ નાખી

મંગળવારે ભારતે પાંચમા રન પર શુભમન ગિલની, ૧૭મા રને કૅપ્ટન સૂર્યકુમાર યાદવની અને ૪૮મા રને અભિષેક શર્માની વિકેટ ગુમાવી હતી, પરંતુ ત્યાર બાદ તિલક વર્મા, અક્ષર પટેલ, શિવમ દુબે અને છેલ્લે હાર્દિકની સાથે અણનમ રહેલા જિતેશ શર્માની સાધારણ ઇનિંગ્સને બાજુ પર રાખીએ તો જે કંઈ બન્યું એ ક્રિકેટપ્રેમીઓ લાંબા સમય સુધી નહીં ભૂલે. બે મહિને ટીમ ઇન્ડિયામાં પાછા ફરેલા હાર્દિકે સાઉથ આફ્રિકાના બોલર્સ ખબર લઈ નાખી હતી. સાઉથ આફ્રિકાના કુલ છ બોલરે (ઍન્ગિડી, યેનસેન, સિપામ્લા, નૉર્કિયા, કેશવ મહારાજ, ડૉનોવાન ફરેરા) બોલિંગ કરી હતી અને મૅન ઑફ ધ મૅચ હાર્દિક એમાંના પાંચને ભારે પડ્યો હતો. હાર્દિકે ૨૮ બૉલમાં ચાર સિક્સર અને છ ફોરની મદદથી ૫૯ રન કર્યા હતા અને અણનમ રહ્યો હતો. તેની હિટિંગને લીધે જ ભારતીય ટીમ પોણાબસોના ટોટલ સુધી પહોંચી શકી હતી. ભારતે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૫ રન કર્યા હતા. સાઉથ આફ્રિકાની ટીમ જવાબમાં ૭૫ રન સુધી પણ નહોતી પહોંચી શકી અને ૧૨.૩ ઓવરમાં ૭૪ રનમાં પ્રવાસી ટીમનો વીંટો વળી ગયો હતો. બૅટિંગમાં કમાલ દેખાડનાર હાર્દિકને અને છેલ્લે શિવમ દુબેને એક વિકેટ મળી હતી, પણ એ પહેલાં અર્શદીપ, બુમરાહ, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલે બે-બે વિકેટ લઈને ભારતની જીત આસાન બનાવી હતી.

### હાર્દિકને ફક્ત એક વિકેટની જરૂર

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફક્ત ત્રણ ખેલાડી એવા છે જેમણે ૧૦૦ સિક્સર ફટકારવા ઉપરાંત ૧૦૦ વિકેટ પણ લીધી છે. પાકિસ્તાનમાં જન્મેલો ઝિમ્બાબ્વેનો સિકંદર રઝા, અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી અને મલયેશિયાનો વિરણદીપ સિંહ આ ડબલ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. હવે વાત એવી છે કે હાર્દિક આજે એક વિકેટ લેશે એટલે આ ત્રણ ખેલાડીની હરોળમાં આવી જશે.

### અર્શદીપ તોડી શકે ભુવીનો રેકૉર્ડ

હવે અર્શદીપ સિંહની વાત પર આવીએ. મંગળવારે કટકમાં એઇડન માર્કરમની ટીમને શરૂઆતમાં પહેલા બે ઝટકા અર્શદીપે જ આપ્યા હતા. તેણે ક્વિન્ટન ડિકૉક (૦) અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (૧૪ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. હવે મૂળ વાત પર આવીએ તો ભારત વતી પાવરપ્લેમાં સૌથી વધુ વિકેટ લેનારાઓમાં ભુવનેશ્વર કુમાર ૪૭ વિકેટ સાથે મોખરે છે. અર્શદીપે પણ ૪૭ વિકેટ લીધી છે એટલે આજે માત્ર એક વિકેટ તેને ભુવીથી આગળ કરી દેશે.

### બુમરાહની ૧૦૧ વિકેટ, ભારતનો ૧૦૧ રનથી વિજય

જસપ્રીત બુમરાહ તો એવરગ્રીન છે જ. મંગળવારે તે પહેલા સ્પેલમાં એક પણ વિકેટ નહોતો લઈ શક્યો, પણ ત્યાર બાદ બીજા સ્પેલની પહેલી ઓવરના ત્રીજા જ બૉલથી તેણે પણ ત્રાટકવાનું શરૂ કરી દીધું હતું. તેણે બીજા બૉલમાં ડેવાલ્ડ બ્રેવિસ (બાવીસ રન)ની વિકેટ લીધી હતી. બુમરાહની એ ૧૦૦મી ટી-૨૦ વિકેટ હતી. પાંચમા બૉલમાં તેણે કેશવ મહારાજ (૦)ને પણ પૅવિલિયન ભેગો કરી દીધો હતો. બુમરાહની એ ૧૦૧મી વિકેટ હતી અને ભારતના વિજયનો માર્જિન પણ ૧૦૧ રન હતો. ■

# રૅન્કિંગ્સમાં કોહલીની વિરાટ છલાંગ, રોહિતનું સિંહાસન છીનવી શકે

દુબઈ: અહીં મેન્સ વન-ડેના બૅટિંગ રૅન્કિંગ્સ જાહેર કરનાર ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા નવા ક્રમાંકો જાહેર કરવામાં આવ્યા છે જે મુજબ ટોચના રૅન્કિંગમાં હવે રોહિત શર્માની સાથે વિરાટ કોહલીની પણ કમાલ જોવા મળી રહી છે.

વાત એવી છે કે કિંગ કોહલીએ વન-ડેના બૅટ્સમેનોના ક્રમાંકોમાં મોટી છલાંગ લગાવી છે. તે પ્રથમ ક્રમાંક પર તો નથી પહોંચ્યો, પરંતુ તેણે રોહિત શર્માની ગાદીને પડકારી તો છે જ. નવાઈની વાત એવી છે કે આ બન્ને દિગ્ગજની સંપૂર્ણ નિવૃત્તિની વાતો થઈ રહી છે ત્યારે જ તેમણે અસલ રૂપ દેખાડ્યું છે. ખાસ કરીને કોહલીએ સાઉથ આફ્રિકા સામે તાજેતરમાં ભારતના ૨-૧ના વિજય સાથે પૂરી થયેલી વન-ડે શ્રેણીમાં જે કમાલ બતાવી એનો તેને રૅન્કિંગમાં મોટો ફાયદો થયો છે.



### રોહિત-કોહલી વચ્ચે આઠ પૉઇન્ટનો તફાવત

રોહિત શર્માએ વન-ડેના રૅન્કિંગમાં પ્રથમ નંબર જાળવી રાખ્યો છે અને હવે કોહલી બીજા નંબર પર આવી ગયો છે. રોહિત શર્મા ૭૮૧ના રેટિંગ સાથે મોખરે છે તો કોહલી ૭૭૩ના રેટિંગ સાથે બીજા નંબર પર આવી ગયો છે. બીજી રીતે કહીએ તો રોહિતથી કોહલી માત્ર આઠ પૉઇન્ટ પાછળ છે.

### હવે ભારતની વન-ડે શ્રેણી જાન્યુઆરીમાં

હાલમાં ભારતીય ક્રિકેટરોની સાઉથ આફ્રિકા વિરુદ્ધ ટી-૨૦ સિરીઝ ચાલી રહી છે. ભારતની આગામી વન-ડે શ્રેણી આવતા મહિને (૧૧થી ૧૮ જાન્યુઆરી) ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે રમાશે જેમાં રોહિત પાસેથી તેનો મિત્ર કોહલી નંબર-વનની રૅન્ક છીનવી શકશે કે કેમ એ જોવું રહ્યું.

વન-ડેના બોલર્સમાં અફઘાનિસ્તાનનો રાશીદ ખાન અને ઑલરાઉન્ડર્સમાં તેના જ દેશનો અઝમતુલ્લાહ ઓમરઝાઈ નંબર-વન છે.

**વન-ડેના ટૉપ-ટેન બૅટ્સમેન**

| ક્રમ | ખેલાડી | રેટિંગ |
|---|---|---|
| ૧ | રોહિત શર્મા | ૭૮૧ |
| ૨ | વિરાટ કોહલી | ૭૭૩ |
| ૩ | ડેરિલ મિચલ | ૭૬૬ |
| ૪ | ઇબ્રાહિમ ઝડ્રાન | ૭૬૪ |
| ૫ | શુભમન ગિલ | ૭૨૩ |
| ૬ | બાબર આઝમ | ૭૨૨ |
| ૭ | હૅરી ટેક્ટર | ૭૦૮ |
| ૮ | શાઇ હોપ | ૭૦૧ |
| ૯ | ચરિથ અસલંકા | ૬૯૦ |
| ૧૦ | શ્રેયસ ઐયર | ૬૭૯ |

# રાષ્ટ્રને ગૌરવ અપાવનાર બૉક્સર્સ સાથે મજાકના મૂડમાં રાષ્ટ્રપતિ



તાજેતરમાં ઇંગ્લૅન્ડના લિવરપૂલમાં વર્લ્ડ બૉક્સિંગ ચૅમ્પિયનશિપ્સમાં ચંદ્રકો જીતનાર મહિલા બૉક્સરને ગઈ કાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ રાષ્ટ્રપતિ ભવનમાં આમંત્રિત કરી હતી અને તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિ તેમની સાથે થોડી મસ્તીમજાકના મૂડમાં હતા. આ ચૅમ્પિયનશિપમાં જૈસમીન તથા મિનાક્ષી પોતાના વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી હતી, જ્યારે નુપુર સિલ્વર અને પૂજા રાની બ્રૉન્ઝ જીતી હતી. (પીટીઆઇ)

# સૅમસન સાથે ટીમમાં જો ટક્કર થશે તો શું કરશે જિતેશ શર્મા? ચેતવણી તેના જ શબ્દોમાં જાણીએ...

ન્યૂ ચંડીગઢ: ટી-૨૦ના મેન્સ વર્લ્ડ કપને બે મહિનાથી પણ ઓછો સમય બચ્યો છે, પરંતુ ભારતીય ટીમની બૅટિંગ લાઇન-અપની સમસ્યાનો હજી પણ ઉકેલ નથી આવ્યો. એમાં પણ ખાસ કરીને સંજુ સૅમસન અને જિતેશ શર્માના સ્થાન વિશે હજીયે અનિશ્ચિતતા છે. જિતેશે મંગળવારની પ્રથમ ટી-૨૦ બાદ જે નિવેદનો આપ્યા એ રસપ્રદ છે.

એક તરફ રિન્કુ સિંહની બાદબાકી થતાં ટીમમાં ફિનિશરના રોલ વિશેની ચિંતા વધી ગઈ છે, જ્યારે બીજી બાજુ મંગળવારે કટકના બારામતી સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટી-૨૦માં વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે જિતેશને મોકો આપવામાં આવતાં બે મહિનાથી ટી-૨૦ ટીમમાં વિકેટકીપરની ભૂમિકામાં જોવા મળતા સંજુ સૅમસનને બહાર રહેવું પડ્યું હતું.

એ તો બધા જાણે છે કે ગૌતમ ગંભીર હેડ-કોચ બન્યો છે ત્યારથી મિડલ ઑર્ડરમાં ઑલરાઉન્ડરોની ભરમાર રહી છે.

સૅમસન ટૉપ-ઑર્ડરનો બૅટ્સમૅન છે, જ્યારે જિતેશ શર્મા મિડલમાં રમે છે. સૅમસનને બદલે જિતેશને કટકમાં રમાડવામાં આવતાં ઘણા ચોંકી ગયા હશે.

જોકે જિતેશ શર્માએ મંગળવારની મૅચ બાદ પત્રકારોને સૅમસન વિશે પૂછાતાં કહ્યું, ‘ ખરું કહું તો તેઓ (સૅમસન) મારા મોટા ભાઈ જેવા છે.



ટીમમાં જેમ વધુ કૉમ્પિટિશન થાય એમ પ્લેયરની પ્રતિભા વધુ ઉજળી થાય છે. ટીમ માટે પણ એ સારું છે. ટીમમાં ઘણું ટૅલન્ટ છે જે દરેક ક્રિકેટપ્રેમી સમજી શકે છે.’

જિતેશે જર્નલિસ્ટોને વધુમાં કહ્યું, ‘ સંજુભાઈ બહુ સારા પ્લેયર છે. મારે તેમની સાથે કૉમ્પિટિશન/ટક્કર કરવી જ પડશે. એવું કરવામાં મારે મારું બેસ્ટ પર્ફોર્મ કરવું જ પડશે. અમે બન્ને ખેલાડી ભારત વતી રમવાની કોશિશમાં છીએ. અમે બન્ને ભાઈઓ જેવા છીએ. અમે એકમેક સાથે ઘણું ક્રિકેટ રમ્યા છીએ અને તેઓ મારી ખૂબ મદદ પણ કરતા હોય છે. મારે જો તેની સાથે સ્પર્ધામાં ઊતરવું પડશે તો અમારે ખભેખભો મિલાવીને રમવું પડશે. મારી વાત કરું તો મારે એ સ્થિતિમાં મારી બેસ્ટ ગેમ બતાવવી પડશે.’ ■

# સ્મૃતિ મંધાનાનું બ્રેક-અપ, ટીનેજ ગર્લ્સ અને યુવતીઓ માટે બોધ

## સ્મૃતિ મંધાનાએ ૧૨ વર્ષની શાનદાર કરીઅરમાં અનેક પ્રેરણાત્મક સિદ્ધિઓ મેળવી છે

*અજય મોતીવાલા*

મુંબઈ: ભારતની વર્લ્ડ ચૅમ્પિયન વાઇસ-કેપ્ટન અને મહિલા ક્રિકેટની ટોચની ઓપનિંગ બેટર્સમાં ગણાતી સ્મૃતિ મંધાના માટે ૨૦૧૯નું વર્ષ ક્રિકેટ-કરીઅરમાં તેમ જ અંગત જીવનમાં ટર્નિંગ પોઇન્ટ બની ગયું હતું, પરંતુ ૨૦૨૫ના વર્ષમાં તેણે ક્રિકેટમાં અપ્રતિમ સફળતા મેળવવાની સાથે પ્રાઇવેટ લાઈફમાં અગાઉ ક્યારેય ન જોઈ હોય એવી ગમગીની જોવી પડી છે. સ્મૃતિની ક્રિકેટ કારકિર્દી તેના અસંખ્ય યંગ ફેન્સ માટે પ્રેરક છે જ, તેની જિંદગીમાં હાલમાં જે કંઈ બની ગયું એના પરથી યુવા વર્ગે (ખાસ કરીને ટીનેજ ગર્લ્સ અને યુવતીઓએ) પાઠ શીખવા જેવો છે.

સ્મૃતિની કરીઅર તો ૨૦૧૩માં શરૂ થઈ હતી, પણ તેણે ૨૦૧૯નું વર્ષ ધમાકેદાર સેન્ચુરી સાથે શરૂ કર્યું હતું. નેપિયરમાં તેણે એ વર્ષની ૨૪મી જાન્યુઆરીએ ન્યૂ ઝીલેન્ડ સામેની વન-ડેમાં ૧૨૦ બોલમાં ત્રણ સિક્સર અને નવ ફોરની મદદથી મેચ-વિનિંગ ૧૦૫ રન કર્યા હતા. સ્મૃતિએ ત્યારે પાંચ જ દિવસ પછી બીજી વન-ડેમાં અણનમ ૯૦ રન કરીને ભારતને મેચનો તેમ જ સિરીઝનો વિજય અપાવ્યો હતો.

૨૦૧૯ના જ વર્ષમાં સ્મૃતિના અંગત જીવનમાં મોટો ફેરફાર થયો હતો. એ વર્ષ દરમ્યાન તે એક કોમન ફ્રેન્ડ મારફત મ્યુઝિક કમ્પોઝર પલાશ મુચ્છલના સંપર્કમાં આવી હતી અને ધીમે ધીમે બંનેની ફ્રેન્ડશિપ રિલેશનશિપમાં ફેરવાઈ ગઈ હતી.

૨૦૧૯થી ૨૦૨૪ સુધી સ્મૃતિ અને પલાશે પોતાની રિલેશનશિપને સીક્રેટ રાખી હતી અને ૨૦૨૪માં એની જાહેરાત કરી હતી. આ સમયગાળા દરમ્યાન સ્મૃતિની કરીઅર વધુ ખીલી હતી અને પલાશ સાથે તેની દોસ્તી પણ વધુ મજબૂત થઈ હતી.

આ વર્ષના ઑક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં અને શ્રીલંકામાં સંયુક્ત રીતે આયોજિત વન-ડે વર્લ્ડ કપમાં સ્મૃતિએ ભારતીયોમાં હાઈએસ્ટ ૪૩૪ રનની મદદથી ભારતને સૌપ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી અપાવી અને સાથી ખેલાડીઓ જોડે જીતનું અભૂતપૂર્વ સેલિબ્રેશન માણ્યું હતું જેમાં તેનો બોયફ્રેન્ડ પલાશ પણ જોડાયો હતો. સ્મૃતિ માટે આ જશનને જાણે એક્સ્ટેન્શન મળ્યું એમ વર્લ્ડ કપના વિજય બાદ ગણતરીના જ દિવસોમાં સ્મૃતિ અને પલાશના લગ્નની તારીખ નક્કી થઈ હતી, પલાશે સ્મૃતિને વર્લ્ડ કપની ફાઇનલવાળા જ ડી. વાય. પાટીલ ગ્રાઉન્ડ પર પ્રપોઝ કર્યું અને રિંગ પહેરાવી હતી. ત્યાર પછીના દિવસોમાં હલ્દી, સંગીત અને મહેંદી જેવી રસમો પણ થઈ હતી, પરંતુ રવિવાર, ૨૩મી નવેમ્બરના તેમના લગ્ન ઓચિંતા મોકૂફ રાખવામાં આવ્યા હતા.

સ્મૃતિ-પલાશના વેડિંગ રદ થવા પાછળના કારણોનું રહસ્ય હજી પણ સૌથી મોટો કોયડો છે, પણ આ પ્રકરણ પરથી યુવા વર્ગ માટે અને ખાસ કરીને ટીનેજ છોકરીઓ તથા યુવતીઓ માટે શીખવા જેવું એ છે કે મહા મહેનતે ભણતર પૂરું કર્યું હોય, કારકિર્દી ડેવલપ કરી હોય અને ખૂબ પૈસા કમાઈ લેવાની સાથે ઘણી પ્રસિદ્ધિ પણ મેળવી હોય ત્યારે અતિ ઉત્સાહિત થઈને ખોટા નિર્ણયો ન લેવાઈ જાય એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, નહીં તો પછીની કરીઅર પર અને જીવન પર એની વિપરીત અસર પડે. માતા-પિતા સહિતના વડીલોની સલાહ પણ લેવી જોઈએ.



**સૌથી વધુ પ્રેમ ક્રિકેટને:** પલાશ મુચ્છલ સાથેના બ્રેક-અપ બાદ હવે શ્રીલંકા સામેની સિરીઝમાં રમવાની તૈયારી શરૂ કરનાર સ્મૃતિએ કહ્યું છે કે ‘ હું સૌથી વધુ પ્રેમ ક્રિકેટને કરું છું. બધા પ્રૉબ્લેમ્સ બાજુ પર રાખીને ક્રિકેટની રમત જ મને જીવન પર એકાગ્રતા રાખતા શીખવે છે.’

સ્મૃતિ યુવા વર્ગ માટે રોલ મૉડેલ છે એટલે તેણે સમયસૂચકતાથી લગ્ન રદ કરવાનો જે નિર્ણય લીધો એ પણ તેના ફોલોઅર્સ માટે એક રીતે બોધ છે. યાદ રહે, હાલમાં બ્રેક અપનો ટ્રેન્ડ ચાલે છે એટલે પાત્રની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખવી જોઈએ.

જીવનસાથી તરીકેની (પ્રેમીની કે અરેન્જડ મેરેજ માટેના પાત્રની) પસંદગી કરવામાં ખૂબ સંભાળ રાખવી જરૂરી છે. પાત્રનું બેકગ્રાઉન્ડ અને તેના વર્તનને સતત ધ્યાન રાખવું આવશ્યક છે.

સ્મૃતિ-પલાશની હાઈ પ્રોફાઈલ જોડીના લગ્ન રદ કરવામાં આવ્યા એ પાછળ જરૂર કોઈ ગંભીર કારણ હોઈ શકે. જોકે એ બધામાં આપણે નથી પડવા માગતા. જે કારણો ચર્ચામાં હતા એ જોતાં કહી શકાય કે સ્મૃતિ છેલ્લે ઘડીએ અંગત જીવનના વધુ સંઘર્ષથી બચી ગઈ.

ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાની લવ લાઈફ અને મેરિડ લાઈફ યાદ છેને? પાકિસ્તાનના સાવ સાધારણ ક્રિકેટર શોએબ મલિક સાથેના નિકાહથી ભારતમાં સાનિયા પર કરોડો ચાહકો નારાજ થયા હતા અને છેવટે ધાર્યું જ પરિણામ આવ્યું. પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથેના અફેરને કારણે સાનિયાએ શોએબ સાથે તલાક લીધા છે.

સ્મૃતિની ખાસ મિત્ર અને ભારતની ટોચની મહિલા બેટર્સમાં ગણાતી મુંબઈની જ જેમિમા રોડ્રિગ્સે સ્મૃતિને ૨૦૧૯ની સાલથી મેદાન પર ઘણી મેચોમાં સપોર્ટ આપીને ભારતને વિજય અપાવ્યો છે એમ તે હાલમાં પણ (ઑસ્ટ્રેલિયાની બિગ બેશમાં રમવા જવાનું ટાળીને) સ્મૃતિની પડખે જ રહી છે. આશા રાખીએ, આપણી ટોચની બેટર, વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડી અને ૨૦૨૪માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ-વિમેનની ટીમને ડબલ્યૂપીએલની ટ્રોફી અપાવનાર સ્મૃતિ મંધાના બહુ જલદી હાલની હતાશામાંથી બહાર આવશે. ■

# બૅટિંગ બળૂકી કરવા નૅથન લાયનને નહોતો રમાડ્યો: સ્મિથ

એડિલેડ : ઓસ્ટ્રેલિયાના કાર્યકારી કેપ્ટન સ્ટીવ સ્મિથે બ્રિસ્બેનમાં ઈંગ્લેન્ડ સામેની બીજી એશિઝ ટેસ્ટમાં નૅથન લયાનને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ ન કરવાના નિર્ણયથી ઊભા થયેલા વિવાદને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે બેટિંગ ઓર્ડરને મજબૂત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો અને લાયન સામે કોઈ વ્યક્તિગત ફરિયાદ નહોતી.

છેલ્લા ૧૩ વર્ષમાં આ પહેલી વાર હતું જ્યારે ઘરેલુ ટેસ્ટ મેચમાંથી બહાર કરવામાં આવ્યો હતો. બાદમાં ઓસ્ટ્રેલિયન સ્પિનરે કહ્યું હતું કે તેનો મૂડ ખૂબ જ ખરાબ છે. ઓસ્ટ્રેલિયાની પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેઇલીએ કહ્યું હતું કે લાયનને ફક્ત આ મેચ માટે જ બહાર કરવામાં આવ્યો હતો. મેચ પછી સ્મિથે ફોક્સ સ્પોર્ટ્સ પર કહ્યું હતું, સામે વ્યક્તિગત કોઈ ફરિયાદ નથી. તે છેલ્લા ઘણા વર્ષોથી અમારો મુખ્ય સ્પિનર રહ્યો છે, પરંતુ આ નિર્ણય બેટિંગને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો હતો. જે રીતે અમારા નીચલા ક્રમના બેટ્સમેન લગભગ ૫૦ ઓવર સુધી રમ્યા તેનાથી અમને તે સંતુલન મળ્યું જે અમે શોધી રહ્યા હતા.

ઓસ્ટ્રેલિયાએ રવિવારે બ્રિસ્બેન ટેસ્ટમાં બેન સ્ટોક્સની કેપ્ટનશિપ હેઠળના ઇંગ્લેન્ડને આઠ વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી હતી. પસંદગીકારો ૧૭ ડિસેમ્બરથી શરૂ થનારી એડિલેડ ટેસ્ટ માટે ટીમનું સંતુલન સુનિશ્ચિત કરવા માટે પ્લેઇંગ ઇલેવનમાં લાયનનો સમાવેશ કરી શકે છે. ■

# સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા સત્રમાં પીછેહઠ સાથે એક મહિનાના તળિયે

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ખાસ કરીને પાછોતરા સત્રમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ, આઈટી અને બૅન્ક શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં સત્ર દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૫૪.૦૬ પૉઈન્ટનો અને ૧૮૯.૬૫ પૉઈન્ટનો જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે સેન્સેક્સ ૨૭૫.૦૧ પૉઈન્ટ અને નિફ્ટી ૮૧.૬૫ પૉઈન્ટ ઘટીને અંદાજે એક મહિનાના તળિયે બંધ રહ્યો હતો.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૬૬૬.૨૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪,૬૦૭.૪૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૩૧૩.૬૨ અને ઉપરમાં ૮૫,૦૨૦.૩૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૨ ટકા અથવા તો ૨૭૫.૦૧ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૪,૩૯૧.૨૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ૧૧મી નવેમ્બરના રોજ સેન્સેક્સે સત્ર દરમિયાન ૮૪,૩૧૩.૬૨ની સપાટી દર્શાવી હતી. તેમ જ એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૮૩૯.૬૫ના બંધ સામે ૨૫,૮૬૪.૦૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૭૩૪.૫૫ અને ઉપરમાં ૨૫,૯૪૭.૬૫ સુધી પહોંચ્યા બાદ અંતે ૦.૩૨ ટકા અથવા તો ૮૧.૬૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૫,૭૫૮ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક બજારોમાં જોવા મળી રહેલા સાવચેતીના અભિગમનું પ્રતિબિંબ ભારતીય બજાર પર પણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્યપ્રવાહ, અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની વાટાઘાટો થઈ રહી હોવા છતાં પરિણામ અંગેની અનિશ્ચિતતા અને ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને કારણે બજાર વધુ દબાણ હેઠળ આવી રહી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતા ઉમેર્યું હતું કે જાપાનીઝ બૉન્ડની યિલ્ડમાં થઈ રહેલા વધારા અને બૅન્ક ઑફ જાપાન નાણાનીતિ વધુ તંગ કરે તો ઊભરતી બજારો સામેના સંભવિત જોખમોને ધ્યાનમાં લેતા બજારમાં ચંચળતાનું વલણ વધ્યું છે. આ સિવાય આજે રોકાણકારોની નજર મોડી સાંજે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર છે. જોકે, બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી શક્યતા પ્રબળ છે, પરંતુ અમેરિકાના આર્થિક ડેટાઓ મિશ્ર આવી રહ્યા હોવાથી વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં વધુ કાપ મૂકવામાં આવે તેવી શક્યતા પાતળી જણાઈ રહી હોવાથી સાવચેતીનું વલણ પણ જોવા મળી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠકની ફળશ્રુતિ પૂર્વે આજે વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં ભારે ચંચળતાનું વલણ રહ્યા બાદ અંતે ઘટાડા સાથે બજાર બંધ રહી હોવાનું રેલિગેર બ્રોકિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું, જ્યારે ચોઈસ ઈક્વિટી બ્રોકિંગનાં રિસર્ચ એનાલિસ્ટ આકાશ શાહે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનું વાતાવરણ, નફારૂપી વેચવાલી અને સ્થાનિક સ્તરે તેજીતરફી પરિબળોના અભાવને કારણે સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જોવા મળી છે. આજે બીએસઈ ખાતે કુલ ૪૩૩૭ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૮૫૭ શૅરના ભાવ વધીને, ૨૩૩૨ શૅરના ભાવ ઘટીને અને ૧૪૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા આજે થયેલા કામકાજમાં કુલ ૭૪ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૩૬ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને પાંચ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૮૬ ટકાનો ઘટાડો ઈટર્નલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટ્રેન્ટમાં ૧.૬૬ ટકાનો, ભારતી એરટેલમાં એક ટકાનો, ઈન્ફોસિસમાં ૦.૯૨ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૦.૮૦ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૭૮ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મુખ્ય વધનાર શૅરોમાં ટાટા સ્ટીલમાં સૌથી વધુ એક ટકાનો સુધારો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સન ફાર્મામાં ૦.૫૭ ટકાનો, આઈટીસીમાં ૦.૫૬ ટકાનો, એનટીપીસીમાં ૦.૫૩ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૪૭ ટકાનો અને રિલાયન્સમાં ૦.૪૩ ટકાનો સુધારો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૦૮ ટકાનો અને ૦.૫૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ બીએસઈના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં સર્વિસીસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૧૮ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૯૯ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૯૪ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૮૭ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૦.૭૬ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો અને ટેલિકોમ ઈન્ડેક્સમાં ૦.૬૯ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે તેની સામે કૉમોડિટી, ઈન્ડેક્સ, એનર્જી ઈન્ડેક્સ, યુટિલિટી ઈન્ડેક્સ, મેટલ, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા, જ્યારે એફએમસીજી ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. આજે એશિયન બજારમાં શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે હૉંગકૉંગનો હૅંગસૅંગ સુધારા સાથે બંધ રહ્યો હતો. આ ઉપરાંત યુરોપના બજારોમાં પણ મધ્ય સત્ર દરમિયાન નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૩ ટકાના સાધારણ ઘટાડા સાથે બેરલદીઠ ૬૧.૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

## વિદેશી ફંડોના બાહ્યપ્રવાહ અને ઈક્વિટી માર્કેટની નરમાઈ સાથે ડૉલર સામે રૂપિયો સાત પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, વિદેશી ફંડોનો ઈક્વિટીમાં જળવાતો બાહ્ય પ્રવાહ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે મોડી સાંજે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ અને અમેરિકા સાથેની વેપારી વાટાઘાટો પર બજાર વર્તુળોની નજર હોવાથી ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું. સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૮૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૧૦ અને ઉપરમાં ૮૯.૭૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૪ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૮ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્ય પ્રવાહ અને ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયો ૮૯.૭૦થી ૯૦.૩૦ આસપાસની સપાટીની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ૯૯.૧૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૬ ટકા વધીને બેરલદીઠ ૬૨.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં જોવા મળેલા અનુક્રમે ૨૭૫.૦૧ પૉઈન્ટનો અને ૮૧.૬૫ પૉઈન્ટના ઘટાડા અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૭૬૦.૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્થાનિક ચાંદીમાં ₹ ૬૫૯૫નો ઉછાળો, સોનામાં ₹ ૧૮૬ની પીછેહઠ

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી બે દિવસીય બેઠકની ફળશ્રુતિ પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સાધારણ ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે ચાંદીમાં તોફાની તેજી આગળ ધપતાં ભાવ ઔંસદીઠ ૬૧ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં ચાંદીએ કિલોદીઠ રૂ. ૬૫૯૫ની ઝડપી તેજી સાથે ૧.૮૫ લાખની સપાટી પાર કરી હતી, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬નો સાધારણ ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૫૯૫ની તેજી સાથે રૂ. ૧,૮૫,૪૮૮ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, આજની ઝડપી તેજીમાં ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૨૭,૨૭૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૨૭,૭૮૮ના મથાળે રહ્યા હતા. એકંદરે સોનામાં નરમાઈતરફી વલણ રહ્યું હોવા છતાં ઊંચી સપાટીએથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ લેવીલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ખાસ કરીને ચાંદીમાં પ્રવર્તમાન પુરવઠાખેંચ વચ્ચે ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગ રહેતાં લંડન ખાતે સત્ર દરમિયાન એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૬૧.૬૧ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૧૨ ટકાનો ઉછાળો નોંધાઈ ગયો છે. વધુમાં આજે ફેડરલ રિઝર્વની બેઠકની ફળશ્રુતિ પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૯૩.૬૦ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૪૨૨૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં વૈશ્વિક બજારમાં ખાસ કરીને ચાંદીમાં ટૂંકા સમયગાળાના સટ્ટોડિયાઓનું વધેલું આકર્ષણ અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ચાંદીએ ઔંસદીઠ ૬૦ ડૉલરની સપાટી વટાવી છે તે ચાંદીની બજારની તંગ સ્થિતિ દર્શાવે છે, એમ કાર્સ્ટન મેન્કેના વિશ્લેષક જુલિયસ બેઅરે જણાવ્યું હતું. આજે મોડી સાંજે ફેડરલનાં નિર્ણયની જાહેરાત પૂર્વે સોનાના ભાવ રેન્જ બાઉન્ડ રહેવાની શક્યતા વ્યક્ત કરતાં વિસ્ડમ ટ્રીના સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી બૉન્ડની વધી રહેલી યિલ્ડ સોનાના ભાવને દબાણ હેઠળ રાખી રહી છે, જ્યારે ચાંદીને ઔદ્યોગિક વપરાશકારોની માગનો પ્રબળ ટેકો મળી રહ્યો છે.

આજે ફેડરલ રિઝર્વ બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૮ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. તેમ છતાં બજારની નજર ભવિષ્યમાં કેવી નાણાનીતિ અપનાવવામાં આવશે તેના સંકેતો પર મંડાયેલી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે આરબીડી કેપિટલ માર્કેટે પ્રવર્તમાન ભૂરાજકીય જોખમો, અમેરિકાની હળવી નાણાનીતિ અને અંદાજપત્રીય ખાધને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭માં સોનાના સરેરાશ ભાવ અનુક્રમે ૪૬૦૦ ડૉલર અને ૫૧૦૦ ડૉલર રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

## મીશોનાં શૅરનું ૪૬ ટકા પ્રીમિયમથી લિસ્ટિંગ

નવી દિલ્હીઃ ઈ-કૉમર્સ કંપની મીશોના શૅરનું આજે શૅરદીઠ રૂ. ૧૧૧ના ઈશ્યૂ ભાવ સામે સિમાચિહ્નરૂપ ૪૬ ટકા કરતાં વધુ માત્રાના પ્રીમિયમથી લિસ્ટિંગ થયું હતું. આજે નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે કંપનીના શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૧૧૧ના ઈશ્યૂ ભાવ સામે ૪૬.૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટિંગ થયા બાદ ભાવ ૫૫.૫૮ ટકા વધીને શૅરદીઠ રૂ. ૧૭૨.૭૦ની સપાટી સુધી પહોંચ્યા બાદ અંતે ૫૩.૨૩ ટકા વધીને રૂ. ૧૭૦.૦૯ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે લિસ્ટિંગ ઈશ્યૂ ભાવ સામે ૪૫.૨૨ ટકા વધીને શૅરદીઠ રૂ. ૧૬૧.૨૦ના ભાવથી થયું હતું તેમ જ આરંભિક તબક્કામાં બીએસઈ અને એનએસઈ ખાતે કંપનીનું માર્કેટ વૅલ્યૂએશન અનુક્રમે રૂ. ૭૭,૩૫૫.૦૭ કરોડ અને રૂ. ૭૭,૨૭૩.૮૩ કરોડની સપાટીએ રહ્યું હતું. સત્રના અંતે બીએસઈ ખાતે શૅરના ભાવ ૫૩.૩૩ ટકા વધીને શૅરદીઠ રૂ. ૧૭૦.૨૦ની સપાટીએ બંધ રહ્યા હતા. મીશોના આરંભિક ભરણાંના અંતિમ દિવસે ભરણું ૭૯.૦૨ ગણું છલકાઈ ગયું હતું. વધુમાં રૂ. ૫૪૨૧ કરોડની આ ઈનિશિયલ પબ્લિક ઑફર માટેની પ્રાઈસ બૅન્ડ શૅરદીઠ રૂ. ૧૦૫થી રૂ. ૧૧૧ નિર્ધારિત કરવામાં આવી હતી. તેમ જ કંપનીના કુલ ભરણાંમાં રૂ. ૪૨૫૦ કરોડનાં નવા શૅરનો અને ઓફર ફોર સેલમાં રૂ. ૧૧૭૧ કરોડના મૂલ્યનાં ૧૦.૫૫ કરોડ શૅરનો સમાવેશ થતો હતો.

## વિદ્યા વાયર્સના શૅરનું ભાવ ટુ ભાવ લિસ્ટિંગ બાદ ૧૨ ટકાનો ચમકારો

નવી દિલ્હીઃ વાઈન્ડિંગ અને કન્ડક્ટિવિટી ઉત્પાદનકર્તા કંપની વિદ્યા વાયર્સના શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૫૨ના ઈશ્યૂ ભાવ સામે નગણ્ય સુધારા સાથે થયા બાદ ૧૨ ટકા જેટલો ચમકારો જોવા મળ્યો હતો.આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે કંપનીના શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૫૨ના ઈશ્યૂ ભાવ સામે સાધારણ ૦.૨૫ ટકા વધીને રૂ. ૫૨.૧૩ના મથાળે થયું હતું. જોકે, ત્યાર બાદ શૅરના ભાવમાં બાઉન્સબૅક જોવા મળતાં ભાવ ૧૨.૪૬ ટકા વધીને શૅરદીઠ રૂ. ૫૮.૪૮ સુધી પહોંચ્યા હતા. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે લિસ્ટિંગ ભાવ ટૂ ભાવ ધોરણે થયા બાદ ભાવ ૧૨.૪૦ ટકા વધીને શૅરદીઠ રૂ. ૫૮.૪૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ કંપનીનું બીએસઈ ખાતે માર્કેટ વૅલ્યૂએશન રૂ. ૧૨૦૫.૧૧ કરોડના સ્તરે રહ્યું હતું.

## એક્વસના શૅરનું ૧૩ ટકા પ્રીમિયમે લિસ્ટિંગ બાદ બાવીસ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ કન્ઝ્યુમર ડ્યુરેબલ ગૂડ્સ અને એરોસ્પેસ પાર્ટસ માટેની કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ કંપની એક્વસના શૅરનું આજે શૅરદીઠ રૂ. ૧૨૪ના ઈશ્યૂ ભાવ સામે ૧૩ ટકા પ્રીમિયમથી લિસ્ટિંગ થયું હતું.

આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે એક્વસના શૅરનું લિસ્ટિંગ ૧૨.૯૦ ટકાના પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૧૪૦ના ભાવથી લિસ્ટિંગ થયું હતું અને ત્યાર બાદ બીએસઈ અને એનએસઈ ખાતે શૅરના ભાવ બાવીસ ટકા વધીને અનુક્રમે શૅરદીઠ રૂ. ૧૫૧.૧૫ અને ૧૫૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને કંપનીનું બીએસઈ ખાતે માર્કેટ વેલ્યુએશન રૂ. ૯૯૮૯.૫૬ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, સત્રના અંતે બીએસઈ ખાતે ભાવ ઈશ્યૂ ભાવ સામે ૨૨.૧૮ ટકા વધીને રૂ. ૧૫૧.૫૦ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૨૨.૦૧ ટકા વધીને રૂ. ૧૫૧.૨૯ના મથાળે બંધ રહ્યા હતા.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે ₹ 30થી ૪૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦ આસપાસ ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહી હતી. વધુમાં અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૦ અને રૂ. ૪૨નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

### પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે ''સેરેનિટી ટાવર્સ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ''ના સભ્યો **શ્રી અશોક કાનાણી અને શ્રીમતી રેખા કાનાણી** ગામ બાંદ્રા, હસીનાબાદ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ)-૫૪નો CTS નં. H/૫૦૧, B & C ખાતે આવેલ સેરેનિટી ટાવર્સ બિલ્ડીંગમાં ટેરેસ, સંલગ્ન અને કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ફ્લૅટ નં. B-૧૨૦૫ અને અમારા અસિલોને સદર સોસાયટી દ્વારા ઈશ્યૂ કરાયેલ શેર સર્ટિફિકેટ નં. **૭૭**માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. **૭૫૧ થી ૭૬૦** ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૧૦ ઈક્વિટી શેર્સ વેચવા અને ટ્રાન્સફર કરવા ઈરાદો ધરાવે છે.

કોઈપણ શખ્સ જે ઉપર ઉલ્લેખિત પ્રિમાઈસિસ અને શેર્સમાં વેચાણ, અદલાબદલી, ભેટ, ગીરો, ચાર્જ, ટ્રસ્ટ, કબજો, વારસો, લિઝ, લિઅન, જપ્તિ કે બીજી કોઈ રીતે વેચાણ માટે કોઈપણ વાંધો ધરાવતા હોય અથવા કોઈપણ હક્ક, ટાઈટલ કે હિતનો દાવો ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં તેમના પુરાવા સાથે નીચે સહી કરનારને ૩૦૧-A અમન ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪ ખાતે ઓફિસ ધરાવતા આ તારીખથી ૧૫ દિવસમાં કરે, જો કોઈ દાવાઓ પ્રાપ્ત ન થાય તો વેચાણ પૂર્ણ કરવામાં આવશે અને જો કોઈ દાવા હોય તો તેને ત્યજી દીધેલ તરીકે ગણાશે.

નારાયણ ગાંધી & કું. માટે
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
સહી/-
સ્થળઃ મુંબઈ (એન.સી. ગાંધી)
તારીખઃ ૧૧-૧૨-૨૦૨૫ પ્રોપરાઈટર

### પશ્ચિમ રેલવે વડોદરા મંડળ

**RPF થાણાનું બાંધકામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC ૧૫૭** ૨૦૨૫-૨૬ના ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામો માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા- ૩૯૦૦૦૪ દ્વારા સિલબંધ ટેન્ડરો મંગાવે છે. **ટેન્ડર નં. & કામનું નામઃ** ૨૦૨૫-૨૬ના DRM BRC ૧૫૭. વડોદરા ડિવિઝનઃ એકતા નગર, ગોધરા અને ભરૂચ સ્ટેશન ખાતે RPF થાણાનું બાંધકામ (પુનઃ આમંત્રણ) (R-૨). **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૪,૩૫,૪૧,૩૦૦.૯૭. **ડિપોઝિટ કરવાના બાના રકમ (રૂ.માં):** ₹ ૩,૬૭,૭૦૦.૦૦. **ટેન્ડરની સુપ્રતિ માટે અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** ટેન્ડર ૨૬.૧૨.૨૦૨૫ના ૧૫.૦૦ ક. પહેલા સુપ્રત કરવાના રહેશે અને તેજ દિવસે ૧૫.૩૦ ક. ખૂલશે. **વેબસાઈટ વિગતો અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તે ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, વડોદરા-૪. વેબસાઈટઃ www.ireps.gov.in

BRC 283

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
**નં. E.E.Mech./EI/ ૫૭૩૭/મેઈન્ટે. તા. ૧૦.૧૨.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ/B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_૧૨૫૭૬૭૯_૧ | N વોર્ડમાં સ્ટાફ ક્વાર્ટર્સ, સાય જેથ બિલ્ડીંગ નં. ૮, પટેલ ચોક, ઘાટકોપર (પૂ.) ખાતે પેસેન્જર લિફ્ટનું રિપેરિંગ કામ. |
| ૨. | ૨૦૨૫_MCGM_૧૨૫૭૬૭૭_૧ | ૦૨ વર્ષ (એટલે કે ૦૧.૦૩.૨૦૨૬થી ૨૯.૦૨.૨૦૨૮ સુધી)ની મુદત માટે A વોર્ડ હેઠળ મેટ્રો જંકશન સબવે (ગેટ નં. ૩, ૫, ૮ & ૯) લિફ્ટની નજીક ૦૪ નં. અને ઘાટકોપર પંમ્પિંગ સ્ટેશન ખાતે લિફ્ટની ૦૧ નં., દાદર પંમ્પિંગ સ્ટેશન ખાતે સ્થિત લિફ્ટની ૦૨ નં.ની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૩. | ૨૦૨૫_MCGM_૧૨૫૭૬૦૮_૧ | BMCના વિવિધ સ્થળોના ઉપયોગ માટે સલગ્ન ઈલેક્ટ્રિકલ યુટિલિટિઝ સાથે ફાયર ફાઈટિંગ સિસ્ટમના સુધારા કરવાનું કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે **(http://mahatenders.gov.in)** પર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ અને **http://portal.mcgm.gov.in** ખાતે BMC વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
PRO/2585/ADV./2025-26 E.E.મિકે.(EI) મેઈન્ટ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

W/૬૨૩/૫/૧/NIT તારીખઃ ૦૫.૧૨.૨૦૨૫

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ **www.ireps.gov.in** પર મંગાવે છે વિગતો આ પ્રમાણે છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડરીંગ નં. & કામનું નામ | અંદાજિત લાગત રૂ. | બાના રકમ રૂ. | કાર્ય સમાપન અવધિ |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૫૪ | ૧૨,૫૨,૮૭,૮૧૧.૧૦ | ૭,૭૬,૫૦૦/- | ૧૮ મહિના |
| | ૧. બરલાઈ - સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં વધારાના કોમન લૂપ લાઈન. ૨. પિંગળેશ્વર - સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં એમરજન્સી X-ઓવર ૩. તાજપુર - સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં વધારાના લૂપ લાઈન. ૪. નાયકલેરી - સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં વધારાના લૂપ અને સ્ટેબલિંગ લાઈન સાથે યાર્ડ રિમોડલિંગ **કામનો સમાન પ્રકારઃ ટેન્ડર શેડ્યૂલમાં સમાવિષ્ટ સ્પેશિઅલ ટેક્નિકલ માપદંડો.** | | | |

વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૫.૧૨.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૩૦.૧૨.૨૦૨૫. વિગતવાર ટેન્ડર સૂચના, અન્ય શર્તો અને નિયમો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

SPAN/5/1/369 ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્યલેખા), રતલામ ડિવિઝન - પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

### પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

**ઈ-ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, Sr. CDO/ICD/IND, પશ્ચિમ રેલવે, રતલામ ડિવિઝન, **Gem** ટેન્ડર નં. **GEM/૨૦૨૫/B/**૬૯૭૧૪૦૭ મંગાવે છે, **IREPS** પર અપલોડ કરવાની તારીખઃ ૦૫-૧૨-૨૦૨૫ નીચેના કામ માટે (ઓપન ટેન્ડર, ટુ પેકેટ સિસ્ટમ). જો ખોલવાની તારીખ બંધ અથવા રજા હોય તો ટેન્ડર આગામી કાર્યકારી દિવસે તેજ સમયે ખોલવામાં આવશે. **કામનું નામ સાથે તેનું સ્થળઃ** કોચ કેર કોમ્પલેક્સ / રેલવે સ્ટેશન DADN & IND ખાતે AC કોચેસના ACCAથી/ સુધી લિનનનો મિકેનાઈઝડ લોન્ડ્રી, પેકિંગ, સપ્લાય, લોડિંગ અને હેન્ડલીંગ ઓવર ટેકિંગ ઓવરમાં AC કોચેસ, વોશિંગના ACCAથી સોઈલ્ડ લિનનના કલેકશન સહિત BOOT મોડલ પર ૧૦ વર્ષની મુદત માટે પ્લાન્ટ / ઉપકરણ / મશીનરી / સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓપરેશનનો સપ્લાય અને ઈન્સ્ટોલેશન સહિત મિકેનાઈઝડ લોન્ડ્રીની સેટિંગ અપ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧૩૭,૪૩,૭૭,૮૪૭.૧૦. તમામ ટેક્સ અને GST સહિત. **બાના રકમઃ** રૂ. ૭૦,૨૧,૮૯૦/-. **કામનો પૂર્ણતાની મુદતઃ a.** LOAના ઈસ્યૂની તારીખથી ૧૦ મહિનામાં ક્ષમતા અને સહનશક્તિ ટેસ્ટ સાથે લોન્ડ્રીનું ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ **અથવા** જમીન લાઈસન્સિંગ કરાર પછી ૦૮ મહિનાની અંદર, જે પણ મોડું હોય. **b.** સફળ કમિશનિંગ પછી લોન્ડ્રીના કોમર્શિઅલ ઓપરેશનથી ૧૦ વર્ષના વોશેડ લિનનનો લોન્ડ્રી અને સપ્લાયનો ઓપરેશન અને જાળવણી. **ઓફિસનું સરનામું જ્યાં ટેન્ડર ખૂલશેઃ** Sr. CDO (ICD)-IND- કોચિંગ ડેપો ઈન્દોર, પત્થર ગોદામ રોડ, ઈન્દોર - ૪૫૨૦૦૩. **ટેન્ડરની સુપ્રતિ અને ખોલવાની તારીખ & સમયઃ** બંધ થવાનો સમયઃ ૦૯.૦૧.૨૦૨૬ના ૧૮.૦૦ ક. **ખોલવાનો સમયઃ** ૦૯.૦૧.૨૦૨૬ના ૧૮.૩૦ ક. **વેબસાઈટ વિગતો અને નોટીસ બોર્ડ સ્થળઃ** ટેન્ડર દસ્તાવેજો GeM - **gem.gov.in**ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરર દ્વારા જરૂરી અન્ય કોઈપણ માહિતી Sr. CDO (ICD)-IND- કોચિંગ ડેપો ઈન્દોરની ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન મેળવી શકાય છે.

SPAN/3/1/370 Sr. CDO/ICD/IND, પશ્ચિમ રેલવે, રતલામ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગ

**ચી. એન્જિ. /Env. & C.C./૧૯૭૬ તા. ૦૯.૧૨.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છેઃ

| કામનું વર્ણન | મહાટેન્ડર બીડ નંબર | બાના રકમ ડિપોઝીટ | ટેન્ડર સ્ક્રુટીની ફી | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|---|
| ૩જો માળ, પંત નગર, ગેરેજ બિલ્ડીંગ, ઘાટકોપર (પૂ) ખાતે પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગના ડે.ચી. એન્જિ. (Env. & C.C.) અને અન્ય સ્ટાફના ઓફિસનું સેટિંગ અપ | ૨૦૨૫_MCGM_૧૨૫૭૪૨૧_૧ | રૂા. ૪૪,૦૦૦/- | રૂા. ૮,૫૬૭/- (રૂા. ૭,૨૬૦/- + ૧૮% GST) | ૧૦.૧૨.૨૦૨૫ ૧૨.૩૦ ક. | ૨૩.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |

ટેન્ડર કોપી મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેમજ ટેન્ડર કોપી ''ઈ-ટેન્ડર'' સેક્શન હેઠળ BMCની વેબસાઈટ https://portal.mcgm.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષીક્યુટિવ એન્જિનિયર
PRO/2580/ADV./2025-26 (Env. & C.C.)-II

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં
### ટેસ્ટામેન્ટરી અને ઈન્ટેસ્ટેટ હકૂમત
### ૨૦૦૦ની ટેસ્ટામેન્ટરી પીટીશન નં. ૧૧૦૭
### માં
### ૨૦૦૧ના ટેસ્ટામેન્ટરી સૂટ નં. ૧૩
### માં
### ૨૦૨૫ની ઈન્ટરીમ એપ્લીકેશન (એલ) નં. ૧૮૩૨૬

બાલાંશ ઓવરસીઝ પ્રાયવેટ લિમિટેડ (અગાઉ બાલાંશ એસ્ટેટ પ્રા. લિ. ) તરીકે જાણીતી) એક કંપની જે કંપની ધારા ૧૯૫૬ની જોગવાઈઓ ) હેઠળ સ્થાપિત કરાયેલ અને તેની રજીસ્ટર્ડ ઓફિસ ૬૦૧, સર વિઠલદાસ ) ચેમ્બર્સ, મુંબઈ સમાચાર માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩ ખાતે ધરાવનાર )
... અરજદાર / ત્રીજી પાર્ટી

વચ્ચેની મેટરમાં

ગોબિંદરામ બશરામ હસ્સીજા, મુંબઈના હિન્દુ ભારતીય રહીશ, એક બીઝનેસમેન જે તેના મૃત્યુ સમયે માસ્ટર કોર્ટ, ૮૩, મરીન ડ્રાઈવ, ફ્લેટ નં. ૧૪, ૩જો માળ, મુંબઈ-૪૦૦૦૦૨ ખાતે રહેતા હતા તેમના છેલ્લા વીલ અને ટેસ્ટામેન્ટના લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન માટે પીટીશન

કિશોર ગોબિંદરામ હસ્સીજા મુંબઈના હિન્દુ રહીશ, )
૩જો માળ, વેસ્ટર્ન કોર્ટ, ૮૩, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨ ખાતે રહેનાર ) ...વાદી

વિરુદ્ધ

૧(એ) ઉષા બી. હસ્સીજા, બિહારીલાલ જી. હસ્સીજાના વારસદાર અને કાયદેસરના પ્રતિનિધિ, અહીં પ્રતિવાદી નં. ૧ (મરહૂમ હોઈ) C/o. સૂરજ મંદિર બિલ્ડિંગ, ૨જો માળ, ફ્લેટ નં. ૨૦૪, સાંતાક્રુઝ (વે), મુંબઈ-૪૦૦૦૫૬ )
૧(બી) સંજય બી. હસ્સીજા, બિહારીલાલ જી. હસ્સીજાના વારસદાર અને કાયદેસરના પ્રતિનિધિ, અહીં રીસ્પોન્ડંટ નં. ૧ (મરહૂમ હોઈ) C/o. સૂરજ મંદિર બિલ્ડિંગ, ૨જો માળ, ફ્લેટ નં. ૨૦૪, સાંતાક્રુઝ (વે), મુંબઈ-૪૦૦૦૫૬ )
૧(સી) અશ્વિન બી. હસ્સીજા, બિહારીલાલ જી. હસ્સીજાના વારસદાર અને કાયદેસરના પ્રતિનિધિ, અહીં રીસ્પોન્ડંટ નં. ૧ (મરહૂમ હોઈ) C/o. સૂરજ મંદિર બિલ્ડિંગ, ૨જો માળ, ફ્લેટ નં. ૨૦૪, સાંતાક્રુઝ (વે), મુંબઈ-૪૦૦૦૫૬ )
૨. શ્યામસુંદર જી. હસ્સીજા, ૮૩, વેસ્ટર્ન કોર્ટ, ફ્લેટ નં. ૧૨, ૩જો માળ, એફ-રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨. )
૩. જયપ્રકાશ જી. હસ્સીજા, વયસ્ક, મુંબઈના ભારતીય રહીશ, મૌર્યા સોસાયટી, ઈ-બિલ્ડિંગ, ૨ નાયલોવ રોડ, પૂના-૪૧૧૦૦૧. )
૪. નીતા પી. બજાજ, વયસ્ક, મુંબઈના ભારતીય રહીશ, રોકહાઉસ બિલ્ડિંગ, વરલી, મુંબઈ. )...પ્રતિવાદીઓ

**નોટિસ**

પ્રતિ,
૧. કિશોર ગોબિંદરામ હસ્સીજા (અરજદાર/વાદી) મુંબઈના હિન્દુ રહીશ, ૩જો માળ, વેસ્ટર્ન કોર્ટ, ૮૩, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨ ખાતે રહેનાર )
૨. શ્યામસુંદર જી. હસ્સીજા (પ્રતિવાદી નં. ૨), ૮૩, વેસ્ટર્ન કોર્ટ, ફ્લેટ નં. ૧૨, ૩જો માળ, એફ-રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨. )

સર,

આપને જણાવવાનું કે તા. ૨૪મી નવેમ્બર ૨૦૨૫ના આદેશ દ્વારા નામદાર શ્રી જસ્ટીસ ફિરદોશ પી. પૂનીવાલા સમક્ષ ઉપર દર્શાવેલ મેટર લીસ્ટ કરવામાં આવેલ. જ્યારે નામદાર કોર્ટે ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૫ના આપને નોટીસ જારી કરવા રજીસ્ટ્રીને સૂચના આપેલ છે.

આથી આપને રૂબરૂમાં કે આપના એડવોકેટ દ્વારા સોમવાર, **૧૫મી ડિસેમ્બર ૨૦૨૫ના સવારના ૧૧ વાગે** કે આવી મેટરની અન્ય કોઈપણ નામદાર અદાલતમાં સુનાવણી પહેલાં કોર્ટ રૂમ નં. ૨૫-એનેક્ષ, ૧લો માળ, એનેક્ષ બિલ્ડિંગ, હાઈકોર્ટ, મુંબઈમાં નામદાર શ્રી જસ્ટીસ ફિરદોશ પી. પૂનીવાલા દ્વારા સ્થાન ગ્રહણ કરાયેલ અદાલતની સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે.

અને વધુ ખબર લેવાની કે આપ દ્વારા રૂબરૂમાં કે અધિકૃત કરાયેલ અને સૂચના અપાયેલ એડવોકેટ દ્વારા આપ વતી હાજર ન રહેવા પર આપની ગેરહાજરીમાં તેની સુનાવણી કરવામાં આવશે અને નક્કી કરવામાં આવશે અને એ પણ ખબર લેવાની કે જો સદર મેટર તે પછીની તારીખ સુધી મોકૂફ રાખવામાં આવશે તો વધુ કોઈ જાણ કરવામાં નહીં આવે જ્યાં સુધી આ નામદાર અદાલત વધુ કોઈ સૂચના નહીં આપે.

આપના વિશ્વાસુ,
સહી/- સહી/-
સીલ પ્રોથોનોટરી અને સીનીયર માસ્ટર વતી સીલર
૩.૧૨.૨૫ ૩.૧૨.૨૦૨૫

## લાંચ આપીને હવે નહીં છૂટશો

# હવે ટ્રાફિક પોલીસ પાસે હશે બોડી કેમેરા

નાગપુરઃ હાલમાં રાજ્ય વિધાનસભાનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. બુધવારે કાર્યવાહી દરમિયાન, મુંબઈમાં નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનોના ચલાન અને પાર્કિંગના મુદ્દા પર વિધાન પરિષદમાં ઉગ્ર ચર્ચા થઈ હતી. ટ્રાફિક પોલીસ સાથે પાર્કિંગ અંગેના વિવાદો, દંડ ન ભરનારા વાહનો પર પ્રતિબંધો સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આના જવાબમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી.

અત્યારસુધી ચાલમાં રહેતા લોકોને પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ નહોતી, હવે તેઓ બહુમાળી ઇમારતોમાં રહેવા ગયા, છતાં ટૂ-વ્હીલર વાહનો માટે ત્યાં સુવિધા ઉપલબ્ધ નથી. ભાજપના વિધાન

(જુઓ પાનું ૪) ▶▶

### ચલાન ન ભરનારાઓને ઇંધણ નહીં મળે?

નિયમો તોડવા અને અન્ય બાબતો માટે વાહનચાલકોને દંડ ફટકારવામાં આવે છે. જોકે, ઘણીવાર આ દંડ ભરાતા નથી. સભ્યોએ ગૃહમાં આ મુદ્દો ઉપાડ્યો હતો. કોંગ્રેસના વિધાનસભ્ય સતેજ પાટીલે જણાવ્યું હતું કે ઘણા રાજ્યોમાં ચલાન અંગે અલગ અલગ નિયમો છે. શું જે મશીનો આપવામાં આવનાર છે તે ફાસ્ટેગ સાથે કનેક્ટ થઈ શકે છે? એ વાત પર ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ચલાન ભરાતા નથી. તેથી શિંદે જૂથના વિધાનસભ્ય મનીષા કાયાંદેએ માગ કરી હતી કે જે લોકો દંડ નથી ભરતા તેમને પેટ્રોલ ન આપવું જોઈએ.

આ અંગે બોલતા, મુખ્ય પ્રધાને જાહેરાત કરી કે આગામી ત્રણ મહિનામાં એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવામાં આવશે અને યોગ્ય નિયમો તૈયાર કરવામાં આવશે. ■

# ઈ-વાહનો પાસેથી ટોલ વસૂલવો ગેરકાયદે

## પુરાવા પૂરા પાડનારને ટોલના પૈસા પાછા કરવા નાર્વેકરે કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે બુધવારે શિયાળુ વિધાનસભા સત્ર દરમિયાન મુંબઈ-પુણે એક્સપ્રેસવે અને સમૃદ્ધિ મહામાર્ગ પર ઇલેક્ટ્રિક વાહનો પાસેથી ટોલ વસૂલાતને 'ગેરકાયદેસર' ગણાવી. નાર્વેકરે સરકારને આઠ દિવસમાં ટોલ માફી પ્રણાલી લાગુ કરવા જણાવ્યું હતું.

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે , નાગપુર-મુંબઈ સમૃદ્ધિ મહામાર્ગ અને મુંબઈમાં અટલ સેતુ પર ઇલેક્ટ્રિક વાહનો માટે ટોલ માફી અંગેના પ્રશ્નોના જવાબમાં પ્રધાન દાદા ભૂસેએ સ્વીકાર્યું કે આ માર્ગો પર ટોલ માફી છતાં કેટલાક ઇલેક્ટ્રિક વાહનોના વપરાશકર્તાઓ પાસેથી ટોલ વસુલવામાં આવ્યો હતો. અગાઉ ૨૩ મેના

(જુઓ પાનું ૪) ▶▶




# ડેરી રોકાણ છેતરપિંડી કેસઃ ઈડીના મહારાષ્ટ્રમાં અનેક સ્થળે દરોડા

મુંબઈઃ રોકાણકારો સાથે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવાના આરોપી ડેરી અને એગ્રો કંપની વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે મહારાષ્ટ્રમાં અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બારામતીમાં બે જગ્યા પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત પુણે શહેરમાં વિદ્યાનંદ ડેરી પ્રાઇવેટ લિમિટેડ અને વિદ્યાનંદ એગ્રો ફીડ પ્રાઇવેટ લિમિટેડના પ્રમોટર આનંદ સતીષ લોખંડેના સંબંધ ધરાવતી બે જગ્યા પર અને કેટલાક વ્યાવસાયિકો પર મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ) ની જોગવાઈઓ હેઠળ પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

લોખંડે અને તેના પરિવારના સભ્યોએ આ કંપનીઓના વ્યવસાયને અત્યંત નફાકારક કંપની

(જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ શિંદેના વધુ એક નેતા પર કેશ બોમ્બ ગોગાવલેનો નોટોના બંડલ સાથેનો કથિત વીડિયો શેર કર્યો

નાગપુરઃ શિંદેની શિવસેનાના વિધાનસભ્ય મહેન્દ્ર દળવી પર ઠાકરેની શિવસેનાના નેતા અંબાદાસ દાનવે દ્વારા 'કેશ બોમ્બ' ફેંકવામાં આવ્યો ત્યારબાદ હવે શેકાપે શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલે પર 'કેશ બોમ્બ' ફેંકીને હોબાળો મચાવ્યો છે. આનાથી રાજકીય વાતાવરણ વધુ ગરમાય તેવી શક્યતા છે.

શિવસેનાના નેતા અને ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવેએ શિંદેના વિધાનસભ્ય મહેન્દ્ર દળવી પર કેશ બોમ્બ ફેંકીને હંગામો મચાવ્યો હતો. ત્યારે હવે શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેનો નોટોના બંડલ સાથેનો એક વીડિયો સામે આવ્યો છે. શેતકરી કામગાર પાર્ટી (શેકાપ)ના પ્રવક્તા ચિત્રલેખા પાટીલે આ વીડિયો બતાવીને ગંભીર આરોપો લગાવ્યા છે.

અધિવેશનના કાર્યકાળ દરમિયાન બીજી વખત શિંદેના વિધાનસભ્ય સામે આ રીતે 'કેશ બોમ્બ' ફેંકવામાં આવ્યો છે. આનાથી હવે ચાલુ સત્ર દરમિયાન શિંદેની શિવસેનાની મુશ્કેલીઓમાં વધારો થયો હોય તેવું જોવા મળી રહ્યું છે. ચિત્રલેખા પાટીલે શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેનો નોટોના બંડલ સાથેનો વીડિયો શેર કર્યો છે અને સીધા ગંભીર આરોપો લગાવ્યા છે. ચિત્રલેખા પાટીલે માંગ કરી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સીબીઆઈ, ઇડી અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા આ મામલાની સંપૂર્ણ તપાસ કરે. તેમણે ગોગાવલે અને દળવી સામે ગંભીર આરોપો લગાવ્યા છે.

આ બધા પછી, મંત્રી ભરત ગોગાવલેએ હવે બધા આરોપોને નકારી

(જુઓ પાનું ૪) ▶▶

# ૧૧ નક્સલીઓનું ડીજીપી સમક્ષ આત્મસમર્પણ



ગઢચિરોલી (મહારાષ્ટ્ર)ઃ મહારાષ્ટ્રમાં નક્સલવાદ નાબૂદીને બળ મળે તેવી એક ઘટનામાં ગઢચિરોલી જિલ્લામાં બુધવારે ૧૧ વરિષ્ઠ નક્સલીઓએ પોલીસ મહાનિર્દેશક રશ્મી શુક્લા સમક્ષ આત્મસમર્પણ કર્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેમાંથી ચાર 'યુનિફોર્મ'માં હતા. પોલીસના એક પ્રકાશનમાં જણાવાયું છે કે રાજ્ય સરકારે તેમના પર કુલ ૮૨ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

પ્રકાશનમાં જણાવાયું છે કે, મોટી સંખ્યામાં કાર્યકરો પોકળ માઓવાદી વિચારધારાથી નિરાશ થયા છે, નાગરિકો સામેની હિંસાથી હતાશ થયા છે અને ૨૦૦૫થી મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલી શરણાગતિ-પુનર્વસન નીતિ સ્વીકારવા તૈયાર છે.

ગઢચિરોલી પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં હવાની ગુણવત્તામાં સુધારોઃ એક્યુઆઈ ૧૦૦

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના વાતાવરણમાં રહેલા પ્રદૂષણને કારણે મુંબઈગરા પોતાના શ્વાસમાં ઝેર ભરી રહ્યા હોવાની સતત ફરિયાદ પર્યાવરણ નિષ્ણાતો કરી રહ્યા હતા. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે અનેક ઉપાયયોજના પણ પાલિકા દ્વારા અમલમાં મૂકવામાં આવી છે ત્યારે લાંબા ગાળા બાદ બુધવારે મુંબઈમાં હવાની ગુણવત્તામાં હળવો સુધારો નોંધાયો હતો. મુંબઈમાં સાંજના સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેકસ (એક્યુઆઈ)૧૦૦ (સમાધાનકારક શ્રેણી) નોંધાયો હતો.

મુંબઈમાં હવાની ગુણવત્તા સતત કથળી રહી છે. તે માટે મુંબઈમાં ચાલી રહેલા જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સહિત

(જુઓ પાનું ૪) ▶▶

# હલકી ગુણવત્તાની દવાઓ ૧૭૬ રિટેલર્સ અને ૩૯ જથ્થાબંધ વેપારીઓના લાઇસન્સ રદ

નાગપુરઃ અન્ન અને ઔષધ વહીવટીતંત્ર ખાતાના પ્રધાન નરહરી ઝીરવાળે બુધવારે રાજ્ય વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે, છેલ્લા એક વર્ષમાં મહારાષ્ટ્રમાં ૧૭૬ રિટેલર્સ અને ૩૯ જથ્થાબંધ વેપારીઓના લાઇસન્સ હલકી ગુણવત્તાની દવાઓ બદલ રદ કરવામાં આવ્યા છે.

ભાજપના વિધાનસભ્ય અમિત સાટમ અને અન્ય લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલોના લેખિત જવાબમાં, ઝીરવાળે જણાવ્યું હતું કે એફડીએ દ્વારા શરૂ કરાયેલી વિશેષ ઝુંબેશના ભાગ રૂપે કફ સિરપ અને અન્ય દવાઓના નમૂના પરીક્ષણ અને વિશ્લેષણ માટે મોકલવામાં આવ્યા હતા.

૧૭૬ રિટેલર્સ અને ૩૯ જથ્થાબંધ વેપારીઓના લાઇસન્સ રદ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૩૬ રિટેલર્સ અને ૯૩ જથ્થાબંધ વેપારીઓની તપાસ કરવામાં આવી હતી અને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી અને હલકી ગુણવત્તાવાળા કફ સિરપ વેચવા બદલ તેમના લાઇસન્સ રદ

(જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-ટુએ અને સેવનની ટિકિટ ૧૪થી વધુ ઍપ્સ પર બુક કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાનો હવે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં પ્રવાસ વધુ સરળ અને સુવિધાજનક બની રહેવાનો છે. ખાસ કરીને મેટ્રો રેલવેની ટિકિટ હવે ૧૪થી વધુ મોબાઈલ ઍપ પરથી બુક કરવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

મુંબઈ મેટ્રો પોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ જણાવ્યું હતું કે આઠ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ લોન્ચ થયેલી ભારતની પહેલી મોબિલિટી ઍપ -'મુંબઈવનઍપ'ને મુંબઈગરા તરફથી ભરપૂર પ્રતિસાદ મળ્યા (બે મહિનામાં ૩,૭૮,૭૯૧થી વધુ ડાઉનલોડ) બાદ હવે એમએમઆરડીએ અને મહામુંબઈ મેટ્રો ડિજિટલ ટિકિટમાં વધુ એક ડગલું આગળ વધી રહી છે. મેટ્રો-ટુએ અને મેટ્રો-૭ રૂટ માટે મોબાઈલ ક્યૂઆર ટિકિટ મોટા પ્રમાણમાં લેવામાં આવી રહી છે અને હવેથી ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કૉમર્સ (ઓએનડીસી)ના માધ્યમથી આ ટિકિટ ૧૪થી વધુ કન્ઝ્યુમર-ફેસિંગ ઍપ્લિકેશન પર ઉપલબ્ધ થવાની છે.

બુધવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે આ ઉપક્રમનો શુભારંભ થયો હતો. દરરોજ ૩.૫ લાખ પ્રવાસીઓ મેટ્રો લાઈન ટુ-એ અને મેટ્રો સેવનમાં પ્રવાસ કરે છે.

# દરગાહ કે બહારના પરિસરમાં કોઈપણ ઉજવણીની મંજૂરી નહીંઃ હાઇ કોર્ટ

## માહિમ દરગાહની અરજી હાઈ કોર્ટે ફગાવી

મુંબઈઃ માહિમ દરગાહમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ કવ્વાલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સાંજે ૭ થી ૧૦ વાગ્યાના બદલે સાંજે ૭ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી મંજૂરી આપવાની માગણી માટે હાઈ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે કોર્ટે અરજદારોને રાહત આપવાનો ઇનકાર કરતા એમ પણ કહ્યું હતું કે, દરગાહ અથવા તેના પરિસરમાં કાયદા દ્વારા કોઈપણ ઉજવણીની મંજૂરી આપી શકાતી નથી, શું તમે આ અંગેના કાયદાને જાણતા નથી?

મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી ખંડપીઠ સમક્ષ આ અરજી સુનાવણી માટે આવી હતી. તે સમયે અરજદારના વકીલોએ અરજી પર

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## આજીવન સ્વેચ્છાએ અન્ન-જલનો ત્યાગ કરી સંથારાની સાધનામાં આત્મભાવમાં ઝૂલતા શ્રી મનહરભાઈ મણિયારનો આજે ૧૨મો ઉપવાસ

### ઉપલેટા સંઘમાં પૂ. શ્રી ધીરગુરુદેવના પદાર્પણથી સંઘમાં ધર્મોલ્લાસ



ભાણવડ તાલુકાના જશાપર ગામમાં વસતા શાહ પોપટલાલ ઝીણાભાઈ મણિયાર ૫૦ વર્ષ સુધી સરપંચપદે સેવારત હતા અને ઉપાશ્રય, પ્રાથમિક શાળા, ચબૂતરો, પાણીનો કૂવો, રામમંદિર વગેરેના નિર્માણમાં સહભાગી બન્યા હતા. ૧૩ વર્ષની ઉંમરથી જીવનપર્યંત રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો હતો.

માતા શાંતાબેન અને પિતા પોપટભાઈના ગૃહાંગણે તા. ૨૬-૧-૧૯૪૦ના જન્મેલા શ્રી મનહરભાઈ (બટુકભાઈ) મણિયારે ૧૯૬૨માં અખાત્રીજના ઉપલેટા વસવાટ કર્યા બાદ ૧૯૬૩માં જૂનાગઢના લાલજી આણંદજી હેમાણીના સુપુત્રી હંસાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા બાદ સ્મિતા, ચેતના, તુષાર અને વર્ષા એમ ચાર સંતાનો થયા. ચાંદતારા બિલ્ડિંગ, નટવર રોડ ખાતે અનાજ-કરિયાણાની દુકાન અને દોશી શેરીમાં દોશી બિલ્ડિંગમાં વર્ષો સુધી નિવાસ કર્યા બાદ ધર્મપત્ની હંસાબેનના દેહવિલય બાદ ૨૦૧૨થી નવાપરા, રામજી મંદિર પાસે રહેવા આવ્યા.

શ્રી મનહરભાઈ, સ્વ. નવીનભાઈ, જશવંત-ભાઈ અને ધીરજભાઈ એમ ચાર ભાઈઓ છે.

તા. ૧૫-૨-૧૯૮૨ના ઉપલેટા સંઘમાં મનહરભાઈના પિતા પોપટભાઈ અને ૨૪ વર્ષના નાનાભાઈ ધીરજકુમારે આચાર્ય પૂ. જશાજી સ્વામીના પાટાનુપાટ જૈનધર્મની દીક્ષા અંગીકાર કરતાં પૂ. પ્રેમમુનિ મ.સા. અને પૂ. ધીરજમુનિ મ.સા. નામકરણ જાહેર કરવામાં આવેલ.

૧૯૯૬માં દુકાન બંધ કર્યા બાદ રાજી ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં કાર્યરત હતા.



ઉપલેટાના શેઠ પરિવારના પૂ. પ્રદીપમુનિ મ.સા.એ ૧૯૯૭માં રાજસ્થાનમાં બાલોતરા ગામે તપસ્વીરાજ પૂ. ચંપાલાલજી મ.સા.ની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરેલ છે. તેમજ જયપુરના પૂ. શાલીભદ્રમુનિ મ.સા.એ સજોડે ૧૯૯૪માં કરોડોની સંપત્તિનો ત્યાગ કરી પૂ. મહાત્માજી મ.સા.ની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરેલ.

શ્રી મનહરભાઈ પૂ. ધીરગુરુદેવ તેમજ પૂ. શાલીભદ્રમુનિ મ.સા., પૂ. પ્રદીપમુનિ મ.સા.ના દર્શનાર્થે તેમજ પર્યુષણ આરાધનાર્થે જતા હતા.

સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાયની આરાધના કરનાર મનહરભાઈએ જશાપર, ધોરાજી, વડિયાદેવળી બોર્ડિંગમાં ૧૧ ધોરણ સુધી અભ્યાસ કરેલ. પંડિત રોશનલાલજી જૈન દ્વારા આધ્યાત્મિક શિક્ષણ પ્રાપ્ત કરેલ.

તાજેતરમાં પૂ. શાલીભદ્રજી મ.સા. ૧૬ દિવસની સંથારાની આરાધના કર્યા બાદ કાળધર્મ પામ્યા. તે સમાચાર જાણી મનહર-ભાઈએ મનોમન દૃઢ સંકલ્પ કરી તા. ૩૦-૧૧-૨૦૨૫ના સવારે ૯-૪૫ કલાકે સ્વયં આજીવન ચોવિહાર સંથારો, મૌન સહિત અંગીકાર કરી આત્મભાવમાં મૃત્યુને મહોત્સવ બનાવવા કર્મ સામે કેસરીયા કરવા સજ્જ બન્યા.

આજે તા. ૧૧ના ૧૨મો ઉપવાસ છે. સંથારાની અનુમોદનાર્થે પૂ. ધીરગુરુદેવ પધારતાં સંઘમાં ધર્મોત્સાહ છવાયો છે. સંથારાની અનમોદનાર્થે રોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦ કલાકે 'એક જ દે ચિનગારી' વિષય પર જાહેર પ્રવચન રામજી મંદિર હૉલ, નવાપરામાં યોજાશે. સંથારાની વિગત માટે સંઘપ્રમુખ : ઋતેશ ગુલાબરાય શેઠ મો. ૮૮૪૯૨૫૫૯૭૩નો સંપર્ક કરવો.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**